

તા. ૨૮-૧-૪૯ના રોજ બારડોલીમાં સમૂહકાંતણ પ્રસંગે સરદાર (ફોટો · નરેશકુમાર મિસ્ત્રી)
હિંદી રાજકારણની ગૂંચો ઉકેલવામાં એમણે સદા દાખવેલી એકાગ્રતા ને નિશ્ચલતાનું આ ચિત્ર પ્રતીક હશે?


બિહારીલાલ ટાંક.

૩૧૧

કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ

આવતી કાલનાં નાગરિકોનું માસિક · તંત્રી · બચુભાઇ રાવત · વર્ષ ૨૬ · અંક ૧૧ · નવેમ્બર ૧૯૪૯



યુનેસ્કોના વિશ્વબંધુત્વ-પ્રદર્શનમાં ભારતની ભાવનાનાં ચિત્રો

ગયા સપ્ટેમ્બરની ૧૯મી તારીખે પારીસમાં યુનેસ્કો (Unesco-સંયુક્ત રાષ્ટ્રોના સંસ્કાર-સંઘ)નું ચોથું સંમેલન મળ્યું તે પ્રસંગે વિશ્વબંધુત્વની ભાવનાના પુરસ્કાર અર્થે સમસ્ત જગતને માટે "અખિલ જગત માનવ હક્કોનો ઢંઢેરો" જાહેર કરવામાં આવ્યો હતો. ને એનું આનુષંગી એક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. એ પ્રદર્શનમાં હિંદે પણ ભાગ લીધો હતો. આ દેશ તો એ દિશામાં ઘણા જૂના કાળથી પોતાનો ફાળો આપતો આવ્યો છે. તેના પ્રતીક રૂપ પ્રસંગો આ બાજુનાં ચિત્રો આલેખવામાં આવ્યાં છે: ઉપલી હારનાં ચિત્રોમાં પહેલું ચિત્ર તિબેટના અંતરાળમાં જઈ જ્ઞાન અને સંસ્કારનો પ્રકાશ પાડનાર, વિક્રમશીલાની વિદ્યાપીઠના કુલપતિ બૌદ્ધ કલ્યાણ 'દીપંકર શ્રીજ્ઞાન'નું છે. (એમનું ચરિત્ર 'કુમાર'ના રૂપરંગ અંકમાં આવી ગયું.) બીજું ચિત્ર સીલોનમાં બૌદ્ધ ધર્મના પ્રચાર અર્થે સમ્રાટ અશોકે મોકલેલાં પોતનાં પુત્ર પુત્રી મહેન્દ્ર અને સંઘમિત્રાનું છે, અને ત્રીજા ચિત્રમાં છેક ઈન્ડોનેશિયા જનાર રાજેન્દ્ર ચોળ ને ત્યાંના 'અંકોરવટ'ના મંદિરમાં આલેખેલો છે.

બીજી હારમાં, એ જ રીતે આ દેશે ઉદાર ભાવથી પરદેશી આગંતુકો આવકારી પોતાને ત્યાં જે સમાવ્યા તે ભાવનાનું આલેખન છે. ઇતિહાસ સાક્ષી પૂરે છે કે પ્રાચીન કાળથી હિંદે આર્યો, દ્રવિડો, સીથિયનો, મુસ્લિમો અને છેક હમણાં યુરોપિયનો,–સૌ પ્રજાઓને આત્મસાત્ કરવાનો પ્રયત્ન કર્યો છે. તેના પ્રતીક રૂપ, એ હારમાં યુરોપિયન, મુસ્લિમ અને ચીની મુસાફરોનાં ચિત્રો છે.

સૌથી નીચેના મોટા ચિત્રમાં ભારતની પ્રાચીન સંસ્કાર પ્રણાલિમાં રહેલી શુદ્ધ ન્યાયભાવનાનું આલેખન છે. એ ભાવનાના અતિ ઉજ્જ્વલ ઉદાહરણ રૂપ જહાંગીરના ન્યાયનો પ્રસંગ તો હિંદના ઇતિહાસમાં જાણીતો છે. શાહાનશાહબાનુ નૂરજહાંના હાથે તીર વાગવાથી થએલા એક ગરીબ ધોબણના પતિના મરણનો ન્યાય તોળવા તેણે ખુદ નૂરજહાંને ન્યાયના સિંહાસન આગળ અપરાધી તરીકે હાજર કરીને ન્યાય તોળ્યો હતો, એ પ્રસંગ એમાં આલેખ્યો છે. બધાં ચિત્રો ભીંત ચિત્રો (મ્યૂરલ)ની ઢબે સાદા સપાટ રંગપટોમાં અને સરળ રેખાઓમાં આલેખેલાં છે.

કુમાર

નવેમ્બર ૧૯૪૯

અંક ૩૧૧

અનુક્રમ

પ્રકાશન તા. ૧૯-૧૧-૪૯

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો


વિભાગો

ગ્રાહકોને

કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ, પરંતુ એવા ગુમ થએલા કોઈપણ અંકો ભરપાઇ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી


કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂા. ૭॥; પરદેશમાં રૂા. ૯॥ અથવા ૧૫ શિલિંગ. છુટક નકલના બાર આના.

જાહેરખબરના સોલ એજન્ટ: મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટી કંપની
ફર્નાન્ડિઝ બ્રિજ, ગાંધી રોડ, અમદાવાદ.



કૃષ્ણની વિનતિને નકારતી
માનિની રાધા
લાક્ષણિક માધુર્યભરી
૧૯મી સદીની
પહાડી કલમનું
ઉમદા ચિત્ર
(સ્વ. આનંદ કુમારસ્વામીનો સંગ્રહ)

આ અને આની પાછળ છાપેલું ચિત્ર, એ બંને આ દેશની તળપદી રાજપૂત શૈલીનાં. બે અંતિમ છેડાનાં ઉદાહરણો છે, અને એ શૈલીના અભ્યાસની દૃષ્ટિએ ઉપયોગી ગણીને આ અંકમાં બંને એક-સાથે આપેલાં છે. અજંતા પછી તેના તંતુ પર આપણી ભૂમિમાંથી ઊગેલી એતદ્દેશીય ચિત્રશૈલીઓ બે : ગુજરાતી અને રાજપુત. બંને એકબીજીને ઘણી મળતી છે. મુઘલો પોતાની સાથે ઈરાની ચિત્રશૈલી લાવ્યા, તે રાજપુત કલમ સાથે મળી જઇને મુઘલશૈલી નીપજી, અને તેની થોડી અસર, હિમાલયની તળેટીની કાંગડા ખીણમાંનાં રાજપુત રાજ્યોની ચિત્રશૈલી, જે 'પહાડી' કે 'કાંગડા' કલમને નામે ઓળખાય છે, તે પર પડી. આ સામેનું ચિત્ર, એ કાંગડા કલમ પોતાની પરાકાષ્ઠાએ પહોંચી તે અંતિમ કાળ (૧૯મી સદીના અંત)નો નમૂનો છે. પોતાની રેખાઓના કાવ્ય દ્વારા લાવણ્યની લય ઉતારવાનું એનું સામર્થ્ય જાણીતું છે. જ્યારે આની પાછળનું ચિત્ર રાજસ્થાનની રાજપુત શૈલીનું ૧૭મી સદીનું આલેખન છે, જેમાં ઘાટ કે ડોળની પરવા કર્યા વિના ચિત્રકાર મોકળે હાથે કલમ ઘુમાવી પોતાના મનઃપટલ પર પડેલી ચિત્ર-સૃષ્ટિ ઝપાટાબંધ આલેખતો. એમાં માનવ-આકૃતિઓ તથા અન્ય સરંજામ, તેના હૂબહૂ ઘાટઘૂટની ચોક્કસાઈ જાળવીને નથી ઉતારેલાં; પણ એ કથાપ્રસંગ ધ્યાનકલ્પનામાં જેવો ઉદ્ભવ્યો તેવો સાદા સપાટ રંગોમાં, પૂરતી ભભક અને ગતિ સાથે ઉતારેલો છે. અને છતાં તેમાં વિગતોની સચ્ચાઈ પૂરેપૂરી છે: પુરુષનો ઝીણી મલમલનો પારદર્શક જામો, તેની પાઘડી, મૂછનાં થોભિયાં, ભેટનું વસ્ત્ર, જોડા—એકેએકમાં. અને સ્ત્રીનાં વસ્ત્રાભૂષણો જુઓ. પારદર્શક ઓઢણી નીચેથી દેખાતા વેણીબંધ, કનક-કુંડળ ને કંઠાભરણથી માંડીને ઓઢણીના પાલવને છેડે ઝૂલતાં ફૂમતાં સુધીનું આલેખન આપણને ૧૭મી સદીના આપણા પોશાકનો ખ્યાલ આપી રહે છે. અને એ પણ આવાં પ્રાચીન ચિત્રોનું મહત્ત્વનું મૂલ્ય છે. એમાંથી આપણા એ સમયના પોશાક, રહેણીકરણી, ઉપરકરો, વાતાવરણ વગેરે સામાજિક ઇતિહાસની ઉપયોગી વિગતોનો અભ્યાસ મળે છે. આ બધી રીતે ચિત્ર સાથે તદાકાર થઇએ એટલે એની ભીતરમાંનો આનન્દ માણી શકીએ. હજી અરધી જ સદી પરના આપણા પૂર્વજો આવાં ચિત્રોની મનભર મોજ લઇ શકતા અને આજે પણ કલાની ઊંડી સમજ ધરાવતા પશ્ચિમના ધુરંધર કલાકારો એનો એ જ આસ્વાદ માણે છે. તો પછી આપણી આંખ કે સમજમાં તો કશી ઊણપ નથી ને? એ સમજ અને એ આંખ આપણે કેળવવાં જોઇએ.



ચૌરપંચાશિકા: કવિ બિલ્હણના એ કાવ્યના ૧૮મા શ્લોકનું ચિત્ર : ૧૭મી સદીની રાજસ્થાની કલમનો નમૂનો (ભારતીય વિદ્યાભવન મુંબાઈના પ્રાચીન ગ્રંથસંગ્રહમાંથી • તેમના સૌજન્યથી)

'આવાં કઢંગાં અને બેડોળ ચિત્રોમાં કઈ કળા રહેલી છે તે અમને સમજાતું નથી'—એમ એક વાચકે 'કુમાર'માંના એક આધુનિક (મૉડર્ન) શૈલીના ચિત્ર વિષે ઠપકો આપતાં અમને લખેલું. એટલે, આ ચિત્ર જોઇને પણ કદાચ એવું લાગે. અગાઉ ઘણી વાર સ્પષ્ટ કર્યું છે તેમ, આપણાં આવાં પ્રાચીન, તેમજ આજની પ્રગતિમાન કલાનાં 'મૉડર્ન' ચિત્રોમાં, જેવું નજરે દેખાય તેવું આબેહૂબ આલેખન નહિ, પણ આપણા માનસપટ ઉપર ધ્યાનમાં ઊઠતી છાપ સાદી શૈલીથી રજૂ કરવામાં આવે છે. પછી એ શૈલી વિવિધ ચિત્રકારો પરત્વે જુદીજુદી હોય. ઉપરનું ચિત્ર એવી એક 'રાજસ્થાની' શૈલીનું છે. તેની પદ્ધતિ તથા ખૂબી આની પાછળના ચિત્રના વિવેચનની સાથોસાથ વિગતથી સમજાવી છે તે વાંચવા ભલામણ છે. આ ચિત્રનો કથાપ્રસંગ આલેખતા મૂળ કાવ્યનો પરિચય આ અંકમાં અન્યત્ર આપ્યો છે.

સૂર્યમુખી

·મિશ્ર·

પૃથ્વીથી ઉદ્‌ગત પ્રાણ આતુર,
ભો છું કો સૂર્યમુખી શું ઉન્નત,
હસ્રરશ્મિ, તવ રશ્મિ ઝંખતો,
ાળ તારાં ગગને વિમુગ્ધ.

ારી ધરા આ–મુજને ધરી રહી
શુક્તિમાં મૌકિતક જેમ બદ્ધ,
માતના ભવ્ય વિરાટ અંતરે
કો મહા સંક્રમણો રટી રહું.

ઘૌપિતા ! આ વહનો અહીંનાં,
માં રચો ઊર્ધ્વ પ્રવાહ આપનો;
ડી લિયો કોઈક જ્યોતિ-સ્તંભ જે
ધી દિયે ભૂશ્ચ ભુવશ્ચ સ્વસ્ત્રય.

ભો ! તદા મંદિર આરતી થશે,
મારી ત્યાં ઝાલર સૂર પૂરશે.

સુન્દરમ્



અભિનવ યૌવનાને

મુક્ત પૃથ્વી · સૉનેટ

કળી બિડલ વાન રૂપ રસ સૌ પ્રકાશે હવે,
પડે ચરણ નાચતાં, કર કરામતો કૈં કરે,
અલી, તુજ મુખાંગ પક્ષ્મ દૃગ ભાવવાચા ધરે;
સમાલ, શિખ કાબુ જાત પરઃ બાલ્ય કયમ રે હવે પાલવે.

કુલીન જન આપણે, સુપથ આર્ય આંક્યા પિતૃઃ
વિલાસ ડુબતો દનુજ, ના મનુજ, નથિ નથી જ રે જાનવર,
ન વા અલિ ન કીડિ યે કદિ જણાય વીલાસપર.

ન કામવશતા, અનંગ શિવપૂત જોબનનિશાન,
ન સ્વાર્થપરતા, સનેહિહિત અબ્ધિતરણે સુકાન,
ન મોહજડતા ક્ષણે, કુદરતે ઘડી છો સભાન.

અહ્યો–અલિ કુટુંબ નાઃ ન ઇવ ન્યાતિ જનતા વડી;
અન્યા' સમ નથી જ ડંખઃ રતિ ના પરાણે કદી સાંપડી.

મદે મસતિએ ય ખૂબ અવધાર હૈડે, અલી,
સ્રજી બનવવા જ મા 'થ ગૃહિણી, ન માદી નરી.

બલવન્તરાય ક. ઠાકોર

ટિપ્પણ : લીટીઓના ક્રમાનુસાર-(૧) વાન=વર્ણ. (૫) આર્ય શબ્દ પિતૃ સાથે લેવો. (૮) મહાદેવે ઉમાને પીડતી કામવાસનાને ભસ્મ કરી, તેને અનંગ પ્રેમના નવા અવતાર રૂપ મોક્ષ આપ્યો છે. (૧૧) ન ઇવ=નૈવ (સરખાવો ભર્તૃહરિ જેવાએ લીધેલ ચ ઇ જેવી છૂટો; બેશક, અતિવિરલ; પરંતુ કોઇ કોઇ આવો પ્રયોગ કાલિદાસમાં પણ છે.) (૧૨) પરાણે=બળ-જબરાઇએ. (૧૩) અવધાર=મનમાં ફરીફરીને ઠસાવ. (૧૪) 'થ=અથ=અથ ચ, અને વળી.

આજની પેઢીને જે માર્ગદર્શક શીખ આપવાનો હક શ્રી બ. ક. ઠાકોર જેવા, ગઈ સાક્ષર-પેઢીના છેલ્લા અંકોડા સમાન, વયોવૃદ્ધ અને પીઢ વડિલને છે તે તરુણ પ્રજાને એમના જેવા તરફથી સૉનેટ રૂપમાં મળે એ એક સદ્‌ભાગ્ય છે; અને એવો એક બોધ, તારુણ્યમાં પ્રવેશતી આજની 'અભિનવ' કન્યાને બહુ ઉચિતરીતે આ ઉપરની કૃતિમાં એમણે આપ્યો છે: બીડેલી કળી જે હવે વાન-રૂપ-રસ આદિ પ્રકાશે છે તેને જાત પર કાબૂ રાખવા, અને આપણી કુલિન આર્ય પરંપરાની યાદ આપી વિલાસથી બચવા તે ઉપદેશે છે; અનંગનો અર્થ કામ-વશતા નહિ પણ શિવે પવિત્ર કરેલું જોબન-નિશાન એવાં મોંઘાં સૂત્રો તે બોધે છે; અને અહ્યા-અલીના સાંકડા વાડા તથા અન્યાય ત્યજવાનું કહી છેવટે શીખ દે છે કે સ્ત્રી, એ માત્ર મદ-મસ્તીભરેલી નરી માદી થવા નહિ પણ ગૃહિણી અને માતા થવા સરજાઇ છે.

ભાષા અને રચનાની એમને માટે કહેતી રૂપ થઈ પડેલી કઠોરતા એમનાં ઘણાં ઊંચા ભાવવાળાં કાવ્યોનો આસ્વાદ લેવામાં ભલભલાને અંતરાયરૂપ થઇ પડે છે, તો 'કુમાર'ના વાચકોનું તો શું ગજું ? આથી જ એમણે સાથે ટિપ્પણ આપ્યું છે, ને અમે અહીં માર્ગ-દર્શક થવા પ્રયત્ન કર્યો છે. રૂક્ષ જણાતા એમના શબ્દપ્રયોગો પાછળ બલ અને ઓજ રહેલાં હોય છે, છતાં અમુક જ ઘાટીને કારણે એમની મોંઘી કૃતિઓ દુર્બોધ બની જતી લાગે છે. એજ બલ અને ઓજવાળાં પણ પ્રસાદગુણયુક્ત કાવ્યો તેઓ ન આપે ? અમે નથી માનતા કે કાવ્યમાં પ્રસાદ લાવવાનું તેમનામાં સામર્થ્ય નથી. એની સાક્ષી પૂરતાં એમનાં અનેક કાવ્યો આજે ઊભાં છે, જેમાંનાં કેટલાંક તો ગુજરાતી સાહિત્યમાં ચિરકાળ ટકી રહેશે. પણ કવિને (ને તેય વડિલને) એ વિષે વધુ કહેવાનું અમારી મર્યાદા બહાર ગણીએ છીએ.



સરદાર
વલ્લભભાઇ
કુમાર વયે.

બ્લૉક:
'હિન્દુસ્તાન'
દૈનિકના
સૌજન્યથી

સરદાર વલ્લભભાઇનાં જીવન અને ચારિત્ર્યને સમજવા માટે એક માર્ગદર્શક વાર્તાલાપ મહાદેવભાઈની ડાયરીમાં આવે છે. તા.૨૫-૨-૩૨ના રોજ ગાંધીજીએ સરદારને પૂછ્યું: 'સ્વરાજ્યમાં તમને શેનું દફતર આપશું?' જવાબ: 'સ્વરાજ્યમાં હું લઇશ ચીપિયો ને તુંબડી!'

મજાકમાં બોલાએલા આ શબ્દોની પાછળ સરદારના જીવનના આદર્શનું પ્રતીક રહેલું છે. એમનો આદર્શ શિવ સમ થવાનો લાગે છે:

शिल्पिक: शिल्पिनां श्रेष्ठ: सर्व शिल्प प्रवर्तक:।
भगनेत्रांकुशश्चंड: पूष्णो दंतविनाशन:॥

આ છે શિવનું સત્ય સ્વરૂપ. શિવ એક શ્રેષ્ઠ શિલ્પકાર છે—સર્જક છે; અને સાથેસાથે ત્વરિત અને દાંત ભાંગનાર ભયંકર સ્વરૂપ—સંહારક પણ છે. પણ શિવનું એ ખંડન રૂપ પ્રથમ નથી, મંડન રૂપ પ્રથમ છે; અને શ્રેષ્ઠ પણ મંડન રૂપ જ છે. સરદારના જીવનમાં આ બન્ને રૂપો આપણને જોવા મળે છે. આપણે તે તપાસીએ. આપણા દેશની રાજદ્વારી પ્રવૃત્તિમાં સને ૧૯૧૬થી ગાંધીજી સાથે સરદાર ઓતપ્રોત થયા તે પહેલાં તેમણે ફોજદારી વકીલ તથા બૅરિસ્ટર તરીકે પ્રસિદ્ધિ મેળવેલી. ગરીબ ખેડૂત કુટુંબમાં જન્મ. આપબળ અને ઇચ્છાશક્તિ, અન્યાય ને સત્તાનો સામનો, તે માટે સંઘબળ કેળવવાની શક્તિ, એ એમના નાનપણના ગુણ. એમના અભ્યાસનો કાળ તે શિક્ષકોની સામે બંડનો પણ સમય છે; એમની વકાલતી કારકિર્દીનો કાળ અંગ્રેજ ન્યાયાધીશોને નમાવવાનો સમય છે; અને એમની રાજકીય કારકિર્દી અંગ્રેજ સલ્તનતને નમાવવાનો સમય છે. આમ, એમનું ખંડનકાર્ય તો જગજાહેર છે. પણ સાથોસાથ એમનું મજબૂત મંડનકાર્ય પણ થતું જ આવ્યું છે, પણ એ લોકોની નજરે બહુ ચડ્યું નથી. સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી એમણે દેશની પરિસ્થિતિને થાળે પાડવાનું ને સંગઠનનું જે મહા કાર્ય કર્યું છે તે તો જગતના રાજકીય ઈતિહાસમાં નોંધપાત્ર ગણાય તેવું છે. એવું જ મૂંગું ને મજબૂત, અવિરત ને અશ્રાન્ત મંડનકાર્ય એ જીવનભર કરતા આવ્યા છે. એમની એ જીવનકથા એમના જ પોતાના તથા સ્વ૦ મહાદેવભાઈના શબ્દોમાં (જે 'વીર વલ્લભભાઈ' પુસ્તકમાં વર્ણવેલી છે તેમાંથી સાર રૂપ) સાંભળીએ:


'મારા પિતાને મને ભણાવવાનો શૉખ બહુ. રોજ સવારના પહોરમાં ખેતરે લઇ જાય. ખેતરમાં કામ કરવા નહિ, પણ આવતાંજતાં રસ્તે પાડા બોલાવવા અને પલાખાં ગોખાવવા. ગુજરાતી સાત સુધી તો ભણ્યા, પણ પછી શું કરવું? અમારી શાળાના માસ્તરને તો બધાને સીનિયર માસ્તર બનાવવાની ભારે હોંશ હતી. મારી પણ એ જ દશા થાત. પણ એવામાં ગામડામાં ગામઠી અંગ્રેજી શાળા નીકળી. આપણે તુરત તેમાં જોડાયા. ત્રણ ચોપડી ત્યાં ભણ્યા. ચોથી અને પાંચમી પેટલાદમાં, અને પછી મૅટ્રિક થતાં સુધીમાં નડિયાદ અને વડોદરા એમ બે સ્કૂલો બદલેલી.'

વડોદરાની કારકિર્દી વધારે નોંધવા લાયક છે. નડિયાદથી વડોદરા જવાનું મુખ્ય કારણ ત્યાં અંગ્રેજી વધારે સારું શીખવાય છે એમ સાંભળેલું એ હતું. પણ ત્યાં સંસ્કૃતમાં બહુ રસ ન પડતો હોવાને લીધે વડોદરામાં મૅટ્રિકમાં આવતાં સંસ્કૃત છોડી ગુજરાતી લીધેલું. ગુજરાતી શીખવનારા તે વેળા શ્રેય:સાધક અધિકારી વર્ગના પ્રસિદ્ધ 'છોટાલાલ માસ્તર' હતા. પણ સંસ્કૃત છોડીને ગુજરાતી શીખવા આવનાર તરફ સ્હેજે તેમને અણગમો હશે. જે દિવસે વલ્લભભાઈ તેમના વર્ગમાં જોડાયા તે દિવસે છોટાલાલ માસ્તર તેમને કહે: 'આવો મહાપુરુષ! ક્યાંથી આવ્યા? સંસ્કૃત છોડીને ગુજરાતી લો છો, પણ સંસ્કૃત વિના ગુજરાતી આવડે જ નહિ એ ખબર છે?' એમ કહીને સંસ્કૃત અભ્યાસના ઘણા લાભો ગણાવ્યા. એટલે વિદ્યાર્થી વલ્લભભાઈ ધીમે રહીને બોલ્યા: 'પણ સાહેબ, અમે બધા સંસ્કૃતમાં જ રહેત તો આપ પછી શીખવત કોને?' શિક્ષક ખીજાયા. પાછલા બાંક ઉપર ઊભા રહેવાની સજા થઈ. તે સજા તો સુખે ભોગવી, પણ એ ઉપરાંત સજા થઈ તે ભોગવવાની ના પાડી. શિક્ષકે હુકમ કર્યો: 'મહાપુરુષ! જાઓ, એક એકાંથી દશ એકાં સુધીનો પાડો લખી લાવજો.' એક દિવસ થયો, બે દિવસ થયા, પણ શેના લખી લાવે? માસ્તર સાહેબ રોજ ચીડાતા જાય અને રોજ શિક્ષા વધારતા જાય: 'જાઓ, કાલે બે વાર લખી લાવજો.' 'કાલે ચાર વાર', 'કાલે આઠ વાર', એમ બસેં પાડા લખવાનો હુકમ થયો ત્યાં સુધી 'મહાપુરુષ'ના ઉપર અસર ન થઈ. એક દિવસ છોટાલાલ માસ્તરે પૂછ્યું: 'કેમ લાવવા છે કે નહિ? કે બીજી શિક્ષાનો વિચાર કરું?' શિષ્યે જવાબ આપ્યો: '૨૦૦ પાડા તો લાવ્યો હતો, પણ તેમાંથી ૨ મારકણા નીકળ્યા તે દરવાજા આગળથી નાશી ગયા એટલે કાંઇ ન રહ્યું!' પોતાના વિદ્યાર્થીનો આવો મસ્ત વિનોદ સમજવા અને સહન કરવા માટે તો આ જમાનાના શિક્ષકો પ્રણ તૈયાર ન થાય. છોટાલાલ માસ્તરે તે ન સાંખ્યો, એટલે તેને વધુ ધમકી આપી. બીજે દિવસે પાછું પૂછવામાં આવ્યું. બીજે દિવસે જરાય ખસિયાણા પડ્યા વિના વલ્લભભાઈએ વિનોદને આગળ વધાર્યો. શિક્ષક આગળ જઇને કહ્યું: 'હા લખી લાવ્યો છું.' એમ કહી એક કાગળ બતાવ્યો. તેમાં લખ્યું હતું: 'બસેં પાડા!' છોટાલાલ માસ્તરની અહિંસાને ધન્ય છે કે તેમણે આ અપમાનનો સ્થૂલ પ્રહારથી જવાબ ન આપતાં, આ ન સુધરી શકે એવા નઠોર છોકરાને મુખ્ય શિક્ષક નરવણે પાસે મોકલ્યો. વલ્લભભાઈ આ ધન્યવાદની સામે વાંધો લે છે. તેઓ કહે છે: 'કોઈ પણ શિક્ષક મને મારતાં ડરે એવો હું હતો.' આ મુખ્ય શિક્ષકની આગળ વિદ્યાર્થીએ નિવેદન કર્યું: 'આવી તે સજા હોતી હશે સાહેબ? કાંઇ અમારા અભ્યાસમાંથી લખાવતા હોય તો મને ફાયદો થાય. આ પહેલી ચોપડીના એકાંના પાડાથી તો કોઇને ફાયદો ન થાય, ઊલટા એ પાડા લખતો જોઇને મને કોઈ મૂરખ કહે.' મુખ્ય શિક્ષકે વલ્લભભાઇને મુક્તિ આપી. પણ પછી વલ્લભભાઈ તો બીજા એક શિક્ષકની સાથે ઝગડો કરીને બે જ મહિ-

નામાં ત્યાંથી નીકળ્યા, — બલ્કે તેમને કાઢી મૂકવામાં આવ્યા!

આવાં તોફાનમાં સાક્ષરી શિક્ષણ તો તેમને બહુ શેનું જ મળ્યું હોય? નડિયાદમાં જઇને મૅટ્રિક થયા. અને મૅટ્રિક પાસ થયા પછી તેમને જવાબદારીનું ભાન આવ્યું. ત્યાર પછીનું તેમનું આયુષ્ય તો કોઈ પણ જણના ઉપર પુરુષાર્થી જીવનની છાપ પાડે છે.

આમ, માતપિતાના ઘડતર કરતાં બાળપણની મસ્તીમાં તેમણે કરી લીધેલું પોતાનું ઘડતર વધારે દેખાઈ આવે છે. છતાં માતાપિતાના ઉત્તમ જીવનના સંસ્કારો વલ્લભભાઇ ઉપર અસર પાડ્યા વિના નહિ રહ્યા હોય. કોઈ શિક્ષકને વિષે ભક્તિભાવથી તેમને વાત કરતા નથી સાંભળ્યા, પણ માતાપિતા પ્રત્યેનો તેમનો પ્રેમ ને ભક્તિભાવ તેઓ ઘણીવાર વ્યક્ત કરે છે. પિતાશ્રીનાં કેટલાંક સ્મરણોમાં એક બે નોં-



સરદાર ૧૯૪૭માં (ટાઇમ ઈનકૉર્પોરેટેડ કૉપીરાઇટ ફોટો)

દેશના સ્વાતંત્ર્યના લડવૈયા અને સંગઠનના ઘડવૈયા

સરદાર વલ્લભભાઈ પટેલ

થવા જેવાં છે. નાનપણમાં તેમણે ૧૮૫૭ના બળવામાં ભાગ લીધેલો— ઝાંસીની રાણીના પ્રદેશમાં; અને બે ત્રણ વર્ષ સુધી તેમનો ઘેર પત્તો જ નહોતો લાગ્યો! એક વાર મલ્હારરાવ હોળકરે તેમને કેદ કરેલા. કેદ કરી તેને પોતાની સામે બાંધી રાખી મલ્હારરાવ શેતરંજ રમતા હતા. શેતરંજમાં રાજા ખોટી ચાલ ચાલતા જાય ત્યાં ઝવેરભાઈ કહેતા જાય: 'રાજા ફલાણું મ્હોરું આમ ચલાવો.' મલ્હારરાવ ચકિત થઈ ગએલા અને કેદીને છોડીને મિત્ર કરેલા. ડોસા સ્વામીનારાયણના મહાભક્ત હતા. ૪૫ વર્ષની વય પછી તો ઘેર માત્ર એક વેળા જમી જતા; સૂવા-બેસવાનું સ્વામીનારાયણના મંદિરમાં જ રાખ્યું હતું. ૯૨ વર્ષ તેઓ જીવ્યા, પણ વડતાલની યાત્રા તો તેમની હમેશાં ચાલ્યા જ કરતી. વલ્લભભાઇ પણ વડતાલ અનેકવાર ગએલા, ને ૧૭ વર્ષના થયા ત્યાં સુધી નિરાહારી એકાદશી વિનાનું એકે વર્ષ નહિ ગયું હશે.

ડોસાની શરીરસંપત્તિ તો એટલી બધી સારી હતી કે એક મૂઠી ચોખા અને બાજરી લગભગ આખરની અવસ્થા સુધી નિત્ય કાચાં ચાવતા. માતુશ્રીની બહુ વાતો સાંભળી નથી, પણ તેમણે ૮૦ વર્ષની ઉમરે રેંટિયો હાથમાં લીધેલો, અને વલ્લભભાઇને ઘેર અમદાવાદ આવે ત્યારે આખો દિવસ રેંટિયો કાંતતાં કે માળા ફેરવતાં.

મૅટ્રિક થયા પછી કૉલેજમાં જઇને સાક્ષરી કેળવણી લેવા જેટલા પૈસા ઘરમાં ન મળે, એ કેળવણીનો મોહ પણ ન મળે, અને એટલાં ચારપાંચ વર્ષ કૉલેજમાં મઝા કરવાની ધીરજ પણ ન મળે, એટલે 'ડિસ્ટ્રિક્ટ પ્લીડર'ની પરીક્ષા આપી પાસ થયા અને ગોધરામાં વકીલાત કરવા માંડી. બોરસદમાં તે વેળા વિઠ્ઠલભાઈ વકીલાત કરતા હતા. નડિયાદમાં મોટા મોટા વકીલોએ પોતાની સાથે રહીને વકીલાત કરવાને તેમને નોતરેલા, પણ વલ્લભભાઇએ કેવળ સ્વતંત્રતાની ખાતર ગોધરાનું નાનકડું ક્ષેત્ર પસંદ કર્યું. એમની નેમ તો પ્રથમથી જ બૅરિસ્ટર થવાને માટે વિલાયતમાં જવા અને રહેવા જેટલા પૈસા અહીં વકીલાત કરીને રળી લેવાની હતી. એટલે આમ, વકીલાત પણ વિલાયત જવાનું પોતાનું સ્વપ્નું ખરું કરવા ખાતર કરવા માંડેલી.

વકીલાત-કાળની એમની વાતો કરતાં એમનાં અનેક તોફાનો જ યાદ આવે છે. ફોજદારી વકીલ તરીકે જ તેમણે ભારે પ્રતિષ્ઠા મેળવી હતી અને આખા ખેડા જિલ્લામાં થોડાં જ વર્ષની વકીલાતમાં તેમણે હાક વગાડી હતી. કેવળ તેમનાથી ડરીને બોરસદના રેસિડેન્ટ મૅજિસ્ટ્રેટની કોર્ટ આણંદ લઈ જવામાં આવેલી. વલ્લભભાઈ આણંદ પહોંચ્યા, એટલે પાછી પેલી કોર્ટ બોરસદ આવી! ત્રાસ આપનારા પોલીસ અમલદારોને, અને વકીલોનું અપમાન કરનારા તથા તેમને ધમકાવનારા મૅજિસ્ટ્રેટોને વશ કર્યાના અનેક દાખલા એમની વકીલાતમાં મળે છે. એક હસ્બન્ડ કરીને મૅજિસ્ટ્રેટની તો તુમાખીનો પાર નહિ. મોટા મોટા અમદાવાદના વકીલોનું પણ તે અપમાન કરતો અને તેની પાસે જતાં સૌ ડરતા. એક ખૂનનો કેસ (વલ્લભભાઈ પાસે ખૂન, ખોટા દસ્તાવેજ ને ધાડ પાડવા સિવાય બીજા કેસો આવે જ શેના?) એ મૅજિસ્ટ્રેટ પાસે ચલાવવાનું વલ્લભભાઇને થએલું. સાક્ષીઓને શરમાવવા અને દબાવવા ખાતર એ મૅજિસ્ટ્રેટ દરેક સાક્ષીની સામે મોટો અરીસો મુકાવતો. આરોપી પટેલની સામે એણે અરીસો મુકાવ્યો. વલ્લભભાઈએ તુરત જ મૅજિસ્ટ્રેટને કહ્યું કે આ અરીસો સામે રાખીને આરોપીની જુબાની લેવાય છે એ વાતની નોંધ કરો. પેલો ગભરાયો. આવી રીતે તેને પકડનાર કોઈ વકીલ અગાઉ મળ્યો નહોતો. ખૂબ તકરાર ચાલી. વલ્લભભાઈએ કેસ બીજી કોર્ટમાં ચલાવવાની અરજી આપવાનું કહ્યું. આખરે પેલો મોળો પડયો ને સાક્ષીઓ લાવવાનું કહ્યું. વલ્લભભાઈ કહે એકે સાક્ષી અહીં રજૂ કરવા માગતો નથી, પણ આ બંધ પાકીટમાં મેં સાક્ષીઓનાં નામ લખ્યાં છે તે સાક્ષીઓ હું સેશન્સ કોર્ટમાં રજૂ કરીશ. અને એ પાકીટ સેશન્સમાં જ ફોડી શકાય તેવી માગણી કરી. મૅજિસ્ટ્રેટ વધારે ગભરાયો! પાકીટ ફોડયું. પાકીટમાં એ મૅજિસ્ટ્રેટને જ સાક્ષી તરીકે ટાંકયો હતો, જે સ્ત્રીનું ખૂન થયું હતું તે જ સ્ત્રીને સાક્ષી તરીકે ટાંકી હતી, અને બીજી ચીજો પેલાને વિમાસણ અને ગભરાટમાં નાખે એવી હતી! મૅજિસ્ટ્રેટ પાણી જેવો પાતળો થઇ ગયો. વલ્લભભાઈની વકીલાતમાં કાયદાના અભ્યાસ કરતાં તેમનું ઊંડું વ્યવહારજ્ઞાન, માનવસ્વભાવની પરીક્ષા, ફૂલટતપાસની અને પુરાવાને છણવાની અજબ શક્તિએ વધારે ભાગ લીધો છે.

વિલાયત જવાનાં સ્વપ્નાં તો વલ્લભભાઇએ બાળપણથી જોયાં હશે એમ લાગે છે. ૧૯૨૧માં આપેલા એક હૃદયસ્પર્શી ભાષણમાં તેમણે પોતાના જીવનના આ ભાગ ઉપર સરસ પ્રકાશ પાડયો હતો:

"હું તો સાધારણ કુટુંબનો હતો. મારા બાપ મંદિરમાં જ જિંદગી ગાળતા અને તેમાં જ પૂરી કરેલી. મારી ઇચ્છા પૂરી કરવા તેમની પાસે સાધન ન હતું. મને માલૂમ પડયું કે દસ પંદર હજાર રૂપિયા મળે તો વિલાયત જવાય. મને કોઈ એટલા રૂપિયા આપે એમ નહોતું. તેથી વકીલાતનો અભ્યાસ કર્યો ને વકીલાતનો ધંધો કરી ખર્ચ જેટલી કમાણી કરી ત્યારે વિલાયત જવાનો નિશ્ચય કર્યો. પણ જે કંપનીની મારફત વિલાયત જવાની ગોઠવણ કરવા પત્રવ્યવહાર કર્યો, તેના મને જવાબો મળ્યા, તે જવાબો મારા ભાઈના હાથમાં આવ્યા (બંને ભાઈ અંગ્રેજીમાં વી. જે. પટેલ કહેવાય તેથી!) તે ઉપરથી ભાઈએ કહ્યું: 'હું તમારાથી મોટો; મને જવા દો. મારા આવ્યા પછી તમને જવાની તક મળશે, પણ તમારા આવ્યા પછી મારાથી નહિ જવાય.' તે વિલાયત ગયા. તેમના ગયા પછી મારે કુટુંબક્લેશ વેઠવો પડયો. તે ત્રણ વર્ષે આવ્યા ત્યાર પછી હું ગયો."


સ્વાશ્રયથી જીવન-મંડનનું આ કાર્ય વિલાયતમાં એમણે ટોચે ચડાવ્યું. 'વિદ્યાર્થી દશામાં જેટલા તોફાની હતા તેટલા જ સ્થિર ને એકાગ્રતાવાળા તે વિલાયતમાં બન્યા. જ્યાં રહેતા ત્યાંથી મિડલ ટેમ્પલ (બૅરિસ્ટરના અભ્યાસનું સ્થળ) ૧૧ માઈલ છેટું હતું. દરરોજ સવારે ૧૧ માઈલ ચાલે. અને છેક સાંજે ટેમ્પલની લાયબ્રેરી બંધ



સરદાર વલ્લભભાઈ ઇંગ્લંડમાં બૅરિસ્ટરનો અભ્યાસ કરતા હતા ત્યારે. બ્લૉક: 'હિંદુસ્તાન' દૈનિકના સૌજન્યથી

થાય, બધા ચાલ્યા જાય ત્યારે યે વલ્લભભાઈ એકલા વાંચતા હોય! પટાવાળો આવીને કહે: 'સાહેબ! હવે બધા ગયા, ઊઠો' ત્યારે તેઓ ઊઠે. બપોરે દૂધ ને બ્રેડ મંગાવીને ત્યાં ને ત્યાં જ બેઠાબેઠા ખાઈ લે.'

વિલાયતમાંનો એમનો એ અભ્યાસકાળ હિંદી વિદ્યાર્થીઓ માટે કપરો હતો. તાજેતરમાં જ ત્યાં મદનલાલ ધીંગરાએ કર્ઝન વાઈલીનું ખૂન કરેલું હતું. વિનાયક દામોદર સાવરકર તથા તેમના મિત્રોનાં કાવતરાં ચાલતાં હતાં, અને ટાંકણે બિપિનચંદ્ર પાલ પણ તે કાળે લંડનમાં હતા. આ બધાં કારણોથી હિંદી વિદ્યાર્થીઓ ઉપર ચાંપતી જાસૂસી રહેતી. પરંતુ વલ્લભભાઈ તો, ઉપર કહ્યું તેમ, પોતાની સાધનામાં જ રત રહેલા. 'આ દિવસોમાં એમણે રોજ સત્તર સત્તર કલાક વાંચ્યું અને પરીક્ષામાં પહેલા વર્ગમાં પહેલા આવી ૫૦ પૌંડની સ્કૉલરશિપ ને ચાર ટર્મની માફી મેળવી. આવી ભારે સફળતા એમના અભ્યાસનું જ કેવળ પરિણામ નહિ, પણ વકીલ તરીકેના લાંબા અને વિશાળ અનુભવનું પરિણામ હતી. કહેવાય છે કે એમના પરીક્ષકોને એમના ઉત્તરપત્રો એટલા તો સારા લાગેલા કે એક જણે (મિ. સ્કૉટે) તો એમને બોલાવીને વગર માગ્યે મુંબઈના ચીફ જસ્ટિસ (પોતાના ભાઈ મિ. બેસિલ સ્કૉટ) પર પત્ર લખી આપ્યો હતો કે આવા માણસને ન્યાયખાતાની ઊંચી જગ્યા આપવી જોઇએ. પરીક્ષામાં આવી શ્રેષ્ઠ સફળતા મેળવીને બીજે જ દિવસે એમણે સ્ટીમર લીધી. કોઇને આવી સફળતા પછી જરા હરવા-



સરદાર વલ્લભભાઈ: બારડોલીની લડતમાં વિજયી થયા ત્યારે (ફોટો · રવિશંકર રાવળ)

ફરવા માટે થોડા દિવસ રહેવાનું મન થાય, કંઈ નહિ તો યુરોપના બીજા દેશો જોવાને માટે થોડા દિવસ ભાંગવાનું મન થાય; પણ એક જ કાર્ય સાધીને પાછા ફરવાનો નિશ્ચય કરીને ગએલા વલ્લભભાઈ ઘડી પણ વિલાયતમાં ન થોભ્યા.'

બૅરિસ્ટર થયા કે તરત જ અમદાવાદમાં ધમધોકાર ધંધો ચાલવા માંડ્યો. ખેડા જિલ્લાના કેટલા યે લોકો તો એમની રાહ જોઇને જ બેઠા હશે. વિઠ્ઠલભાઈએ મુંબઇમાં ધંધો માંડ્યો હતો; પણ તે નામનો જ, કારણ તેમનો બધો સમય લોકસેવામાં જ જવા લાગ્યો. બંને ભાઇઓએ પાપપુણ્યની વહેંચણી કરી હોય એમ વલ્લભભાઈના અગાઉ ટાંકેલા ભાષણમાંથી જાણવાનું મળે છે. જુઓ સાંભળો:

"અમે બંનેએ નિશ્ચય કર્યો કે સ્વતંત્રતા જોઇતી હોય તો આ દેશમાં સંન્યાસી જોઇએ, સ્વાર્થત્યાગ કરી સેવા કરની જોઇએ; એટલે બેમાંથી એકે દેશસેવા કરવી અને બીજાએ કુટુંબસેવા કરવી એમ ઠરાવ્યું. ત્યારથી મારા ભાઇએ ધીકતો ધંધો છોડી દેશસેવાનું કાર્ય કરવા માંડ્યું અને ઘર ચલાવવાનું મારે માથે પડ્યું. આથી પુણ્યકામ તેમના નસીબમાં આવ્યું અને મારે માથે પાપનું કામ આવી પડ્યું! પણ તેમના પુણ્યમાં મારો હિસ્સો છે એમ સમજી મન વાળતો." પણ એ વહેંચણી લાંબો વખત ટકી નહિ. ઈશ્વરે તો નાના ભાઇને માટે પણ સંન્યાસ યોજી રાખ્યો હતો, અને તેને માટે તેમણે સાધન-નિમિત્ત ગાંધીજીને બનાવ્યા.

ઈ. ૧૯૧૬માં અમદાવાદમાં ગાંધીજીએ આવીને અનેકની શાંતિ અને નિદ્રામાં ભંગ પાડ્યો. એમના આશ્રમની આરંભની પ્રવૃત્તિ વિષે 'ગુજરાત કલબ'માં મજાક મશ્કરીઓ થતી. એકવાર ગાંધીજી ગુજરાત કલબમાં વકીલ મંડળ આગળ આશ્રમના સિદ્ધાંતોની વાતો કરતા હશે. વલ્લભભાઈ 'બ્રિજ' રમતા હતા ત્યાંથી ખસ્યા નહિ, અને મિત્રોને કહેવા લાગ્યા: 'શા સારુ ગાંધી આ લોકોની આગળ બ્રહ્મચર્યની વાતો કરતા હશે? ભેંસની આગળ ભાગવત જેવું છે!' આમ, ગાંધીજી આરંભમાં તેમને અવ્યવહારુ પણ લાગ્યા હશે. પણ



સરદાર વલ્લભભાઈ કરાચી કૉંગ્રેસના પ્રમુખપદે. બાજુમાં મહાત્માજી અને તેમની પાછળ પંડિત માલવીયજી છે. પાછળ પંડિત જવાહરલાલ ઊભેલા છે વલ્લભભાઇ કરાચી કૉંગ્રેસના પ્રમુખપદે ચુંટાયા ત્યારે સ્વ. સાક્ષર શ્રી નરસિંહરાવ દિવેટિયાએ ગીતાના છેલ્લા શ્લોકનું ચરણ પલટીને લખેલું: 'યત્ર યોગેશ્વરો ગાંધી વલ્લભશ્ચ ધુરંધર:' એ ઉક્તિનું આ ચિત્ર સ્મરણ કરાવે છે. (ફોટો · બલવન્ત ભટ્ટ)

પછી જ્યારે ગાંધીજીએ ગુજરાતના રાજકાજમાં ભાગ લેવા માંડયો, ત્યારે લૂખાં રાજકાજથી કંટાળી જગતના તરફ કોઈ ટીખળી ફિલસૂફની જેમ હસતા વલ્લભભાઇને ખાતરી થઇ કે હવે સાચા સંગીન કાર્યને માટે માર્ગ ખુલ્લો થાય છે. ગોધરામાં મળેલી ગુજરાતની પહેલી રાજકીય પરિષદમાં ગાંધીજી પ્રમુખ થયા અને તે વેળા આંકવામાં આવેલા રચનાત્મક કાર્યને અમલમાં મૂકવા માટે નીમાએલા મંડળના શ્રી વલ્લભભાઈ મંત્રી થયા. તે પછી ખેડાની લડત આવી. એ લડત 'ગુજરાત સભા' મારફતે ચલાવવાનો વિચાર કરવા માટે વલ્લભભાઈના ભદ્રના ઘરમાં રોજ સભા થતી. ઘણા દિવસની ચર્ચા પછી સર્વાનુમતે લડત લડવાનો ઠરાવ થયો. 'મારી સાથે કોણ ખેડા આવવાને તૈયાર છે?' એમ ગાંધીજીએ પૂછતાંની સાથે પહેલું નામ આપનાર વલ્લભભાઇ હતા. તે વેળા વલ્લભભાઇનો બહાર જવાનો પોષાક કાળા સાહેબના જેવો હતો, પણ ગાંધીજી પાસે બૅંગલોર કૅપ, ચાઈના સિલ્કનો હાફકોટ અને કૉલર પહેરીને તેઓ આવતા. સામાન્ય રીતે તેઓ ઓછું જ બોલતા, એટલે તેમનું ઝવેરાત જોતાં પણ ગાંધીજીને ઠીક સમય લાગેલો. બસ, ખેડામાં ઝંપલાવ્યું તે ઝંપલાવ્યું.

સાહસ એ જ એ પુરુષસિંહનું લક્ષણ આપણે બાળપણથી જોતા આવ્યા છીએ. આ સાહસથી તેમનો જીવનપલટો શરૂ થયો. વલ્લભભાઈના જ શબ્દમાં એ જીવનપલટો વર્ણવીએ:

'"૧૯૧૬ સુધી તો ચાલુ રાજકારણથી હું કંટાળેલો હતો. ગાંધીજીની સાથે પણ મને સંબંધ નહોતો. આશ્રમમાં ઘઉંમાંથી કાંકરા વીણાવે છે ને દળાવે છે એટલું જ હું તેમને વિષે જાણતો પણ ગુજરાત સભાનું પ્રમુખપદ લેવાનું તેમને કહેવામાં આવતાં તેમણે જે શરતોએ એ પ્રમુખપદ લીધું તેથી મારી ખાત્રી થઈ કે હવે કાંઇક સાચું કામ થવાનું છે. હિંદ સ્વરાજને માટે કૉંગ્રેસ અને મુસ્લિમ લીગે કરેલી માગણીનો મુસદ્દો તેમણે દસ જ લીટીનો ઘડેલો. પણ એ દસ લીટીમાં મને સેંકડો પાનાંનાં લખાતાં મેમોરિયલોના કરતાં વધારે જોર લાગ્યું, અને ત્યારથી હું એમના વધારે સમાગમમાં આવતો ગયો."

આ પછી ખેડાના ગામેગામે તે ગાંધીજી સાથે ફર્યા; અને ખેડાની લડત પૂરી થયે ગાંધીજીએ જ્યારે પહેલા મહાયુદ્ધમાં સરકારને મદદ કરવા રંગરૂટ-ભરતીનું કામ ઉપાડયું અને ગાંધીજીની પોતાની સેના આછી થઈ ત્યારે પણ રંગરૂટોમાં પહેલી સહી વલ્લભભાઈની હતી!

પછી તો એકાદ વર્ષ વલ્લભભાઇએ વકીલાત કરી હશે, ત્યાં આવ્યા રોલેટ ઍક્ટ, અને સત્યાગ્રહ તથા અમદાવાદનાં તોફાન. વલ્લભભાઇને બારણે તો મોટી પલટણ પડી હતી. વલ્લભભાઈના ઘરમાં દીવાબત્તી થતાં ગોરાઓને શંકાઓ જાય, અને વારંવાર બત્તીના સિગ્નલ કેમ થાય છે તેનો વલ્લભભાઈ સામે પિસ્તોલ ધરીને ખુલાસો માગે. પણ જેમ તોફાનમાં મગજ ઠેકાણે રાખીને તેઓ ઘૂમ્યા, તેમ જ તોફાન પછી પણ તેઓ એટલી જ શાંતિ જાળવીને ઘૂમ્યા, અને લોકોના કેસો લડયા. એમાં પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ મિ. હિલીનો તો એમણે એટલો બધો વિશ્વાસ મેળવ્યો કે તે પછી દસે વર્ષે એ જ માણસે "વલ્લભભાઈ વિના બારડોલીમાં શાંતિ ન જળવાય" એવી સાક્ષી પૂરી છે!

આ પછી દેશવ્યાપી અસહકાર આવ્યો ત્યારે વલ્લભભાઇએ ગુજરાતના સાચા સુબાનું સ્થાન પ્રાપ્ત કર્યું. ગાંધીજી પકડાયા, તેમને જેલ વળાવી વલ્લભભાઇએ ગાંધીજીનું સ્થાન લીધું, ગુજરાત મહાવિદ્યાલય માટે બરમા સુધી પર્યટન કરી ૧૦ લાખ ભેગા કર્યા, કટ્ટર નાફેરવાદી થયા, પક્ષાપક્ષીઓમાં અનેકના અળખામણા બન્યા, પણ અસહકારના ધ્રુવના તરફની તેમની દૃષ્ટિ કદી ન ચસી.

ખેડાની લડત દરમ્યાન શાંત અહિંસક લડત લેવાના પાઠ તેઓ શીખતા હતા ત્યારે ભાગ્યે જ કોઇને લાગ્યું હશે કે એવી જ લડાઈ થોડા જ સમયમાં વલ્લભભાઈ પોતે લેતા થશે. પણ અજ્ઞાત રીતે તેમના પાઠ ચાલતા જ હતા. ગમે તેટલા ઉકળાટમાં પણ ન ગભરાય


એની હિંમત તો એમની હતી જ; અપાર વ્યવહારજ્ઞાન વકીલાત-માંથી મળ્યું હતું; તેમાં સત્ય અને અહિંસા વિષેની અચળ શ્રદ્ધા મળી; અને એ ત્રણ હથિયારથી એઓ પોતાની લડાઇઓ લડયા છે.

જમનાલાલજીના જેલ જવા પછી નાગપુરની ઝંડા સત્યાગ્રહની લડતના નાયક તરીકે મહાસભાએ વલ્લભભાઇને નીમ્યા. એ લડતમાં જોડાયા પહેલાં જ ગુજરાતથી તેઓ સેંકડો સૈનિકો મોકલી ચૂકયા હતા. તેમના ગયા પછી ગુજરાતના અનેક વીરો ત્યાં ગયા. ત્યાંના ગવર્નરે આખી લડત બેકાયદે છે અને રાજ્ય ઊંધું વાળવાને માટે છે એવું ભાષણ આપેલું. પણ આ પછી તરત ગવર્નરને વલ્લભભાઇને બોલાવવા પડયા. એકાદ બે અઠવાડિયાંમાં તો લોકોનો હક સ્વીકારાયો, અને હજાર ઉપરાંત કેદીઓને મુક્ત કરાવી વલ્લભભાઈ વિજય-ધ્વજ ફરકાવતા ઘેર આવ્યા.

આ પછી બોરસદની લડાઇ આવી. બોરસદની પ્રજા ઉપર બહારવટિયાઓને આશ્રય આપવાનું, બહારવટિયાઓને પકડવામાં મદદ ન કરવાનું આળ ચઢાવી, વધારાની પોલીસ મૂકી, તેના ખર્ચ માટે ૨,૪૦,૦૦૦નો દંડ નાખવામાં આવ્યો હતો. આમાંનો એકે આરોપ સાચો નથી એમ કહી વલ્લભભાઇએ સરકાર ઉપર ગંભીરમાં ગંભીર આરોપો મૂકયા. આ આક્ષેપો તેમણે દિવસ ને રાત એક મહિના સુધી ગામડે ગામડે ભાષણો કરીને મૂકયા. સરકારી રીપોર્ટરોએ આંખમાં તેલ આંજીને એમના શબ્દે શબ્દના રીપોર્ટો કર્યા. વલ્લભભાઈ આજે પકડાશે, કાલે પકડાશે, એમ સૌ માનતું હતું, ત્યાં તો સવા મહિનાની અંદર, સરકારે પોતાના 'હોમ મિનિસ્ટર'(ગૃહ-સચિવ)ને તપાસને માટે મોકલ્યા અને દંડ માફ કર્યો. એ લડતની અસર એટલી બધી સરસ થઈ કે આણંદ તાલુકાનાં કેટલાંક ગામો ઉપર નાખેલો એવો જ કર સરકારે કેવળ એક અરજી ઉપરથી જ રદ કર્યો.

ગાંધીજી છૂટયા પછી લડતો કરવાનું વલ્લભભાઇને રહ્યું નહિ, એટલે તેઓ પોતાને મનગમતા રચનાત્મક કાર્યમાં પડયા. એ કાર્ય તે શહેરસુધરાઈ. અમદાવાદ મ્યુનિસિપાલિટીમાંના પોતાના એ કાર્યને વર્ણવતાં તે કહે છે કે, 'પાંચ વર્ષ લગી અમદાવાદમાં ગટર-પાણીમાં પડેલો હતો.' એ શબ્દોમાં તેમની એ કાર્ય વિષેની મમતા અને અભિમાન આવી જાય છે. પણ તેમના રચનાત્મક કાર્યનો ઉત્તમ નમૂનો તો તેમનું પ્રલયનિવારણનું કાર્ય. જ્યારે સરકાર માથે હાથ દઇને બેઠી હતી, ત્યારે વલ્લભભાઈએ મોકલેલા સ્વયંસેવકો પ્રલયવાળા ભાગોમાં પહોંચી વળ્યા હતા. તેમની દેખરેખ નીચે જે કાર્ય થતું તેની વ્યવસ્થા, કરકસર ને કાર્યદક્ષતા જોઇને સરકાર પણ હેરત પામી. વલ્લભભાઇએ દુકાળ ફંડમાંથી માગેલા કરોડ રૂપિયા પણ સરકારને કાઢવા પડયા. એ પણ એક લડત હતી. એ કરોડની માગણી સ્વીકારતાં જ સરકારે વલ્લભભાઈની સત્તા અને અને શક્તિનું પૂરું પારખું કર્યું હતું. અને સરકારના અર્થસચિવે ગાંધીજીની ગાદી વલ્લભભાઇએ સાચવી એમ જગતની આગળ કબૂલ કર્યું હતું. તે પછી બારડોલીની લડતથી તો સરકારનું રાજ્ય બારડોલીમાં ગયું હોય અને વલ્લભભાઈનું રાજ્ય થયું હોય એમ જ લાગ્યું. એ લડતે તેમને ગુજરાતના સરદાર બનાવ્યા અને એ બિરુદ તેમણે એટલું સાર્થ કરી બતાવ્યું કે દેશ આખાએ તે સ્વીકાર્યું અને તે સર્વના સરદાર બન્યા.


નાગપુરમાં તો વલ્લભભાઇએ તંબૂમાં બેસી, લડતના વ્યૂહો ઘડીને કોઈ સરદાર લડત જીતે તેમ જીતી. ભાગ્યે જ એકે ભાષણ તેમને કરવું પડયું હશે. બોરસદની લડત એટલી ટૂંકી હતી કે વલ્લભભાઈના ભાષણના ભણકારા પણ ગુજરાતમાં પહોંચ્યા નહોતા ત્યાં તો વિજય મળ્યો. પણ બારડોલીએ જ વલ્લભભાઇના આત્મા અને વાણીનો



સરદાર · શક્તિના શિખરે

ગુજરાતને પરિચય કરાવ્યો. જેમણે તેમને પ્રત્યક્ષ બોલતા જોયા છે તેમણે તેમની આંખમાં અલૌકિક તેજ ભાળ્યું છે. વૈખરીનો શોખ તેમને કદી હતો નહિ, એટલે કદી તેમણે અગાઉથી વિચારી રાખેલાં ભાષણ કર્યાં નથી, અને એટલે જ તેમની વાણીમાં અજબ સ્વાભાવિકતા લાગે. એ ભાષણોમાં રહેલી વીરતા અને શૂરતા તો ગુજરાતના ખેડૂતોને વર્ષોનાં વર્ષો સુધી ચેતન આપતી રહેશે. બારડોલી પછીનું એમનું જીવન એટલું જગજાહેર છે કે તેની વિગતોના ઉલ્લેખની જરૂર નથી.

સરદાર અને ગાંધીજીનું મિલન એક રાજદ્વારી કોયડો છે. એકબીજાની કયી શક્તિઓએ એકબીજા તરફ આકર્ષણ કર્યું હશે? એક સ્થળે એમણે પોતે એ સમજાવતાં કહ્યું છે કે 'મને ઘણા ગાંધીજીનો આંધળો ભક્ત કહે છે. પણ હું તો સામાન્ય બુદ્ધિનો દાવો કરનારો છું. મારામાં સમજશક્તિ પડેલી છે, મેં જગત પણ ઠીકઠીક જોયું છે; એટલે સમજ્યા કર્યા વિના એક હાથની પોતડી પહેરીને ફરનારની પાછળ ગાંડો થઇને ફરું એવો હું નથી. મારી પાસે ઘણાને ઠગીને ધનવાન થાઉં એવો ધંધો હતો, પણ તે છોડયો; કારણ એ માણસ પાસે હું શીખ્યો કે લોકોનું કલ્યાણ એ ધંધો કરીને ન થાય.' ગાંધીજીના તત્ત્વજ્ઞાન, અને સરદારની વ્યવહારિકતા બન્ને એકબીજાનાં પૂરક છે. એક સાત્ત્વિક છે તો બીજા રાજસી. ગાંધીજી પ્રત્યે એમની ભક્તિ કેવી અનન્ય હતી અને આવા લોખંડી માણસનું હૃદય કેવું ઋજુ હતું તેના ઘણા પ્રસંગો મહાદેવભાઈની ડાયરીમાં મળે છે. એક સ્થળે મહાદેવભાઈ લખે છે: "જે પ્રેમથી બાપુને માટે એ ફળ સમારે છે, ને દાતણ કચરવાનું ભૂલી ગયા હોય તો, યાદ આવતાં દાતણ લેવા દોડે છે, એ બધું એમની અપાર ભક્તિ સૂચવે છે. અને એ ભક્તિ શીખવાને માટે પણ એમના પગ આગળ બેસવાને પ્રેરે છે." પણ એ જ ભક્તિના અધિકારથી તેઓ ગાંધીજીને ઠપકો પણ આપી શકે છે: જુઓ, એ જ ડાયરીનો (અનુસંધાન આગળ પૃ. ૩૪૭મે)



મારી પાછળ કાલાવાલા ને લવારા કરતો દોડયા કર્યો.

રામસ્વામીનું રત્ન

વિશ્વમાં કેટલીક એવી વિચિત્ર ઘટનાઓ બને છે, જેનો ઉકેલ કોઇકને ભલે સહજ લાગે, છતાં તેનો પાર પામી શકાય નહિ. એવી એક અદ્‌ભુત કથાનું અહીં બ્રિટિશ વ્યાપારી કાફલાના એક જહાજના ભૂતપૂર્વ રેડિયો-અફ-સર શ્રી ટી. ડબ્લ્યૂ. ડ્રેસર આલેખન કરે છે.

★

અનુવાદક
સીતારામ જે. શર્મા

ભર દરિયાની નોકરીની પહેલી સફરે હું ગયો એ વાતને આજ પચીસ વરસનાં વહાણાં વાઇ ગયાં છે. ત્યારે ઊગતી જુવાની અને તેનું ઉછળતું જોમ, એટલે કોઈ પણ પ્રકારની અલૌકિક કે ગહન તત્ત્વોની અદ્‌ભુત વાતો વિષે મારા દિલમાં ઊંડી અનાસ્થા જ હતી. એ વખતે મને રામસ્વામી નામના એક ઠીંગણા હિંદી ઝવેરીનો પરિચય થયો અને અમે મિત્રો બન્યા. કુદરતનું કરવું કે આ જ રામસ્વામી ગહન તત્ત્વ તરફના મારા એ ઉપહાસને ભયમાં ફેરવી નાખવામાં કારણભૂત બન્યો, અને મને ખાતરી કરાવી આપી કે જગતમાં કશુંક એવું એક તત્ત્વ છે, જેનો પાર માનવી પામી શકતો નથી; તે ગૂઢ છે, અગમ્ય છે, અગોચર છે.

એ રામસ્વામી સાથે પચીસ વર્ષ પૂર્વે મારો જે આખરી મેળાપ થએલો તે પ્રસંગનું અત્યારે સ્મરણ કરતાં લાગે છે કે તે વખતે અગમ્ય લાગેલી એ વસ્તુનું કાંઇક તર્કશુદ્ધ સ્પષ્ટીકરણ ભલે કરી શકાય; પણ છતાં યે એટલું તો નક્કી કે એ વખતે હું કેવળ અજાણમાં સામાન્ય કાળા માથાના માનવીની સમજ બહારના એક એવા પ્રદેશમાં ગબડી પડેલો કે આજે પણ રખેને એ રામસ્વામીનો કે એના પડછાયાનો યે ફરી ભેટો થઈ જાય, એવા ભયમાંથી હું છૂટી શકતો નથી.

રામસ્વામી સાથેની મારી પહેલી મુલાકાત તો સાવ સામાન્ય હતી. એલરમેન—વિલ્સન કંપનીના જહાજ 'ઑથેલો' ઉપર મારી નોકરી હતી ત્યારે રામસ્વામી એના ધંધા અંગે જેમ બીજાં જહાજોમાં જતો તેમ તેમાં આવી ચડયો હતો. મુંબઇ બંદરે દુનિયાના સાતે સમુદ્રનાં જહાજો આવી નાંગરતાં. તેના ખલાસીઓને કિસમકિસમની કલા-કારીગરીની અને નવાઇની વસ્તુઓ તથા મોંઘુંસોંઘું ઝવેરાત વેચવાનો એનો ધંધો હતો. મુંબઈના બારામાં આવીને લંગર નાખતાં દેશદેશાવરોનાં એ અગણિત જહાજોમાં કોઇક જ એવું હશે કે જેના કામગારો, ઉજળાં બરફ જેવાં કપડાંવાળા ને કાળા ચળકતા વાળવાળા ઠીંગણા રામસ્વામીને ન ઓળખતા હોય.

સવારના સાડા દસનો શુમાર હતો. હું વિરામાસનમાં લાંબો થઇને જાસૂસી નવલકથા વાંચતો હતો. જહાજોમાં માલની ચડઊતર કરતા ઊંટડાયંત્રોના અવાજો ને માલ ગોઠવતા મજૂરોની વાતો તથા પગલાંના કોલાહલથી બહારનું વાતાવરણ ગાજતું હતું. નિરભ્ર આકાશમાં તપતો મુંબઇનો ઉનાળાનો સૂરજ, પોલાદી તુતકને તેની સીડીનાં પગથિયાં તથા ટેકણીઆંને, ને જે તેની ક્રૂર ઝડપમાં આવ્યું તે સહુને દઝાડી દે એવાં ધીકવી રહ્યો હતો. બારામાં ઊડતી ધૂળમાં અસંખ્ય ઝીણી જીવાત એ પ્રખર તાપમાં રજકણો સાથે ભળીને ઉડતી હતી.

એવે મારી કૅબિનના બારણે ધીમા ટકોરા પડયા; અને મેં અંદર આવવાનું કહેતાં બેઠી દડીનો એક હિંદીવાન અંદર આવ્યો. એના હાથમાં કપડામાં વીંટાળેલી કેટલીક વસ્તુઓનાં પડીકાં હતાં. કૅબિનમાં પ્રવેશી તે જરા થોભ્યો અને મારી સામે જોઇ સસ્મિત બોલ્યો: 'ગુડ મૉર્નિંગ સર, આપને મારો માલ જરા બતાવું?'

અને હું કાંઇ બોલું તે પહેલાં તો તેણે પોટકું છોડીને અંદરનો માલ મારી સમક્ષ ગોઠવવા માંડયો: પથ્થરનાં વાંદરાં, અબનુસના હાથી, તાંબા-પિત્તળની હિંદવી કારીગરીની ચીજો અને બીજી અનેક વસ્તુઓ તેમાં હતી. આજે તો હું એ બધીને ભંગાર જેવી ગણું, પણ ત્યારે તો હું નવોસવો હિંદ આવેલો, તેથી ત્યાંની કલાકારીગરીની વસ્તુઓમાં મને રસ હતો. એટલે મેં થોડી ખરીદી કરી, થોડીક રકઝક કરીને કિંમત ઠરાવી, અને પછી તો જહાજો અને બીજી બાબતોની વાતોમાં અમે તણાયા. થોડી વારે ઝવેરી પોતાનો સરસામાન સમેટી લઇ, આંખમાં હાસ્ય ચમકાવતો મારો આભાર માની રવાના થયો.

એના વ્યક્તિત્વથી હું આકર્ષાયો હતો. કશા ભપકા વિનાનો પણ ગૌરવયુક્ત; સીધે સીધી વાત કરનારો; જરા જેટલી યે ખુશામદ નહિ કે માલ ખરીદાવવા કાજે સહેજ પણ વધારાપડતો આગ્રહ નહિ. આવા એના વિવેકભર્યા છતાં સ્વતંત્ર મિજાજથી જ હું એની તરફ આકર્ષાયો હતો. ગમે તે કારણ હોય, પણ ત્યારથી મારા દિલમાં રામસ્વામી માટે 'સારા માણસ' તરીકેની છાપ પડી.

બરાબર સાત દિવસ પછી, તે જ વારે, એણે ફરીથી મારે બારણે ટકોરા માર્યા અને અંદર આવ્યો. એ જ કાળજીપૂર્વક ઓળેલા ચમકદાર વાળ, જરા પણ ડાઘ વિનાનાં ઊજળાં દૂધ જેવાં કપડાં, બગલમાં માલનું પોટકું, અને આંખમાં એ જ તેજનો ચમકારો.

'ગુડ મૉર્નિંગ સાહેબ,' કહીને એણે મારું અભિવાદન કર્યું. 'સર'ને બદલે એ હિંદી 'સાહેબ' શબ્દ મારી પ્રશંસામાં એણે વાપર્યો હતો; અને મને એ ગમ્યો પણ ખરો. (અનુ. પૃ. ૩૪૪મે)

પારીસ મેં જ્યારે છેલ્લું જોયું

લેખક ડૉ. કૃષ્ણલાલ શ્રીધરાણી



જેઓ અમેરિકામાં લૉર્ડ હાલીફાક્સ સાથે વાત કરતા આ બાજુના ફોટોગ્રાફમાં જણાય છે.

પારીસનું મેં છેલ્લું દર્શન કર્યું પાનખરમાં. ત્યારે ‘ગ્રાન્દ બુલેવાર્દ’, એની આસપાસની શેરીઓ, ‘સીન’ અને ‘બ્વા દ બુલોન્ય’ પાસેનાં તરુવરોએ લાલ પીળા અને ગુલાબી રંગનો શણગાર ધર્યો હતો. પારીસની પાનખરમાં પ્રકૃતિ એની અપૂર્વ રંગ-લીલા રચી રહે છે,—ઉત્તર અમેરિકા અને કાશ્મીરમાં રચે છે તેમ. પારીસમાં રંગોની વસંત પાનખરમાં વિલસી રહે છે.

પારીસને મેં સદા ય જગતનું સુન્દરતમ નગર માન્યું છે. અને પારીસના મારા છેલ્લા દર્શને એ માન્યતા વધુ દૃઢ બની છે. વિશાળ ‘બુલેવાર્દ’ (રાજમાર્ગ), રંગબેરંગી ઉપવનો અને અવિરામ ફુવારાની જલધારાઓ,—આવાં આંખને આંજી દેનાર સ્થળોથી પારીસ ભર્યુંભર્યું છે. એની રચના માનવીને બહિર્જગતની મુક્તિનો પરિચય કરાવે છે. આકાશને આવરી લેતાં સીધા સોટા જેવાં સીમેન્ટ-લોખંડનાં તોતિંગ મકાનોની પાસે ન્યૂ યૉર્કમાં માનવી વામણો લાગે છે; જ્યારે પારીસના આકાશને આવું કોઈ જ આવરણ નથી. પરિણામે પારીસ એ મુક્ત વિહારનું સ્થળ બન્યું છે. ન્યૂ યૉર્કમાં ચાલવું એટલું આનન્દ-જનક નથી લાગતું,—અવિશ્રાંત માનવસમુદાય અને એકસરખાં મહાલયોને કારણે. લંડનમાં ચાલવું એટલું આનન્દજનક નથી લાગતું,—એની કાં તો ધુમ્મસની ધૂંધળી નહિ તો વર્ષાની ઝરમરને કારણે. ન્યૂ દિલ્હીમાં ચાલવું એટલું આનન્દજનક નથી લાગતું,—એની ધૂળની ડમરીઓ અને રસ્તે રખડતા આખલાઓના અંતરાયને કારણે. ત્યારે પારીસમાં ચાલવું અત્યંત આનન્દજનક લાગે છે,—આવી અગવડોને બદલે જાતભાતનાં દૃશ્યોનાં દર્શન દેવાની અને મોકળાશમાં મ્હાલવા દેવાની એની ઉદારતાને કારણે.

નગરવાસીઓ લેખે પારીસના લોકો અનન્ય છે. પૂરા વ્યક્તિવાદી છે. એથી પારીસનો માનવમેળો અનેકરંગી લાગે છે. પુરુષોનો પહેર-વેશ ન્યૂ યૉર્ક અને લંડનની જેમ નિશ્ચિત નથી. જ્યારે સુન્દરીઓની સજાવટ તો માત્ર ચટકરંગી જ નહિ, પણ કલ્પનારંગી પણ હોય છે. ચીંથરા જેવાં વસ્ત્રો અને વિખરાએલા વાળવાળો પુરુષ અહીં ‘ફૅશને-બલ હૉટેલ્સ’માં પણ અતડો નથી લાગતો, પણ ઉલટાનો કવિ કે કળાકાર જેવો લાગી રહે છે. નગરની વચ્ચોવચ્ચ પણ ગ્રામદૃશ્યો નજરે ચડે છે. પાસેથી ‘બસ’ અને ‘મોટર’ગાડીઓનો પ્રવાહ સતત વહી રહ્યો હોય ત્યારે પણ ‘સીન’ને કાંઠે લોકો ક્યારે માછલું પકડાય છે એની રાહ જોતા ઊભેલાં જોવાં મળે છે.

ફ્રેન્ચ સંસ્કૃતિ પ્રાચીન આર્ય સંસ્કૃતિ અને નવોદિત અમરિકી સંસ્કૃતિનું અનેક રીતે મિલનસ્થાન છે. અમરિકી જીવન વેગીલું છે,—લોકો એક દિવસમાં બે દિવસનું જીવન જીવી કાઢે છે. જ્યારે આર્ય જીવન ધીમું છે,—લોકો એક દિવસનું કાર્ય કરવાને બે દિવસ બગાડે છે. પણ પારીસનું જીવન સમતોલ છે; લોકો એક દિવસ બરોબર એક દિવસ જેટલું જ જીવે છે, જરીય વત્તુઓછું નહિ. લોકો અથરા કે આળસુ નહિ પણ આરામપ્રિય છે. એટલેકે તેઓ કેમ જીવવું એ જાણે છે. જીવનની નજીવી ને નાનીનાની વાતો પણ તેઓ માણે છે, અને મહત્ત્વની સૌ વસ્તુઓ માટે એમની પાસે પૂરતો સમય હોય છે.

બીજી રીતે પણ પારીસ ન્યૂ યૉર્ક અને ન્યૂ દિલ્હીથી અર્ધે રસ્તે રહેલું છે. અમરિકી સંસ્કૃતિ અંતર્મુખ છે. ત્યાં કુદરત એટલી તો ક્રૂર છે કે સારો યે સમય ચાર દીવાલોના આશ્રયમાં રહેવું પડે છે. તમે બહાર જાઓ તે પણ એકમાંથી બીજા મકાનમાં જવા માટે જ. આર્ય સંસ્કૃતિ બહિર્મુખ છે,—એટલે લગી કે આપણાં મકાનો પણ અરધાં ઉઘાડાં, અનેક બારીબારણાં, પહોળી પરશાળ અને ખુલ્લી અગાસી-વાળાં હોય છે. જ્યારે પારીસ અર્ધું અંતર્મુખ ને અર્ધું બહિર્મુખ છે.

પારીસના જગતનું સૌથી આહ્લાદક અંગ એના રાજમાર્ગોની ધાર પરના ‘કાફે’ છે. ત્યાં તમે અસંખ્ય માનવીઓની આવનજાવનની વચ્ચે કલાકોના કલાકો લગી નિરાંતે ‘કૉફી’ પીતાં કે ‘કૉગ્નાક’ દારૂ આસ્વાદતાં બેસી રહી શકો. તમે ઓછું ખરચીને વધુ સમયની મોજ માણો છો એવું માનીને કોઇ ‘વેઈટર’ તમને કશું ય સૂચન નહિ કરે, પણ ઉલટાનો તમને નવલકથાકાર માનીને કદાચને કોઈ અણધારી ક્ષણે તમને પ્રેરણા થઈ આવે તો એકાદ પ્રકરણ લખી નાખી શકો એ માટે કલમ અને કાગળ તમારી આગળ ધરશે ! ઘણીવાર કવિઓ અને કલાકારો આ ‘કાફે’માં એમની કૃતિઓ રચે છે. ‘મોન્ત પારનાસ’-માં ‘દોમ’ ને ‘કુપોલ’ જેવાં ‘કાફે’ છે, જ્યાં કલાકારો, લેખકો અને ફિલસૂફો મહેફિલ જમાવીને પડ્યા જ રહે છે.

પારીસ જ એક માત્ર એવું નગર છે જ્યાં ગરીબો પણ ગૌરવથી રહી શકે છે. સોંઘું ને છતાં ય ખાવાપીવાનું જ્યાં સારું હોય એટલું

જ નહિ પણ જે ફક્કડ પણ હોય એવાં અનેક 'રેસ્ટોરાં' ત્યાં છે. ને પહેરવેશનું તો કોઈ પૂછતું જ નથી. તેમાં યે જો તમે કલાકાર હો તો તો પૂછવું જ શું! પારીસ કલાકારોનું તીર્થસ્થાન છે, એનાં સંખ્યાબંધ –અને એ સઘળાં જ સાચાં–એવાં કારણો છે. પણ કલાની આવી ઉડાઉગીરી એ એનું મુખ્ય કારણ છે. ભૌતિક કહેવાતા પારીસ કરતાં આધ્યાત્મિક કહેવાતા હિન્દમાં પૈસો પૈસા તરીકે વધુ પુજાય છે!

રાત્રે રોશનીમાં જાગતું અને દિવસે જીવનના આનન્દમાં ડૂબતું એ મોજીલું શહેર છે. લોકો મિલનસાર અને મશ્કરા છે. દિવસ ઊગતાં લગી જીવન જાગતું હોય છે, અને તમને આનન્દ અથવા બોધ આપવાને કંઇનું કંઇ તમારી પ્રતીક્ષા કરતું ઊભું જ હોય છે.

પારીસને મેં છેલ્લું જોયું ૧૯૪૮ના ઑક્ટોબર, નવેમ્બર અને ડીસેમ્બરમાં, 'સંયુક્ત રાષ્ટ્રોના સંમેલન' સમયે. જોકે હું પારીસ અનેકવાર ગયો છું. આ પહેલાં એને મેં જોએલું ૧૯૪૬ના જુલાઈ, ઑગસ્ટ અને સપ્ટેમ્બરમાં 'શાંતિ પરિષદ' સમયે. આમ, લગભગ બે વરસના વચગાળામાં મેં પારીસમાં અનેક પરિવર્તનો થએલાં જોયાં. પણ એનો પ્રધાન જીવનપ્રવાહ તો એવો ને એવો જ એકધારો વહી રહ્યો છે. છેલ્લી વાર મેં જોયું તો રાજકારણનો પ્રવાહ અત્યંત વેગીલો હતો. પણ એમ તો ૧૯૪૬માં પણ એવો જ હતો, અને યુદ્ધ પૂર્વે પણ એવો જ હતો. ફ્રાન્સના રાજકારણમાં બારેક જેટલા પક્ષો છે! એથી ઘણુંખરું એની સરકાર સંયુક્ત ને અલ્પજીવી હોય છે. હું જ્યારે પારીસમાં હતો ત્યારે જ નવી સરકાર રચાઈ હતી ને ત્યારે જ એની અનુગામી નવી સરકાર જન્મવામાં હતી! એક ટૅક્સી ડ્રાઈવર સાથેની મારી વાત મને યાદ આવે છે, મેં એને પૂછ્યું, 'કયો પક્ષ સત્તા પર આવે એમ ઇચ્છો છો?' એણે મને કહ્યું, 'કયો પક્ષ સત્તા પર આવે એની અમને પડી જ નથી; અમે તો માત્ર એટલું જ માનીએ છીએ કે જે કોઈ સત્તા પર આવશે એ અલ્પજીવી હશે.'

અનેક ફ્રાન્સવાસીઓ માને છે કે માત્ર જનરલ શાર્લ દ ગૉલ જ ફ્રાન્સને સ્થિર કરી શકશે. માત્ર શારીરિક બળમાં જ નહિ, શાસનબળમાં પણ આજે એ ફ્રાન્સનો મોખરાનો માણસ છે. બહુ બળિયો છે. સામ્યવાદીઓને જરી ય નમતું નહિ આપે ને હડતાળોને તો નિર્દયપણે હંફાવશે. આ કારણે જ એના અનુયાયીઓને એનામાં આશા છે ને આ જ કારણે એના વિરોધીઓ એ ફ્રાન્સમાં અમનને બદલે આંધી ફેલાવશે એમ માને છે. એમની દલીલ આમ છે: કોઈ પણ એક પક્ષ વર્ચસ્વી નથી. સામ્યવાદીઓમાં વિરોધ પૂરતું બળ છે, પણ એ સત્તા પર આવવાને પૂરતું નથી. આ પરિસ્થિતિમાં કોઇ એક બળવાન પુરુષ તો આંતરવિગ્રહને જ નોતરી બેસે. માત્ર મધ્યમમાર્ગી પક્ષો જ સફળ નીવડે. પ્રગતિ અવશ્ય થશે. પણ પા પા પગલીની!

મેં પારીસના ભૂખમરા વિષે બહુ સાંભળ્યું હતું. પરદેશમાં પારીસનું ચિત્ર એટલે ભૂખ્યા માનવીનું ચિત્ર. ને તો ય અહીં ભૂખ્યો માનવી ભાગ્યે જ મળે છે. કાળાં બજારમાંથી તમે ગમે તે મેળવી શકો છો. કાળાં બજાર કરવામાં ફ્રેન્ચોને માત્ર ચીનાઓ અને હિંદીઓ જ હરાવી શકે! અને ફ્રેન્ચો એમનાં દુઃખ હોય છે એથી ગાય છે વધુ. એમાં એમના સંસ્કાર કારણભૂત છે. ફ્રેન્ચોની જીવનરચનામાં ખોરાકને મહત્ત્વનું સ્થાન છે. ખોરાકને ખાતર એ ગમે તેનો ભોગ આપશે. ખોરાકને જતો કરતાં પહેલાં એ સ્નાન, પરિધાન અને એવી બીજી અનેક જરૂરી સામગ્રી જતી કરશે. જમવામાં એ બહુ નિયમિત હોય છે. એની પાછળ એ કલાકોના કલાક ગાળે છે. જમવાને સમયે એક સામાન્ય 'ટૅક્સી ડ્રાઇવર'ને પણ તમે સારા યે ચીન દેશની ચ્હાથી લલચાવી ન શકો. એ જમી જાણે છે એવું જ પકાવી જાણે છે. ફ્રેંચો જગતના સર્વોત્તમ રસોઈશાસ્ત્રીઓ છે,– ચીનાઓથી પણ ચડી જાય!

૧૯૪૬માં હું જ્યારે પારીસ ગયો ત્યારે લોકોનાં અંગ પર મલિન વસ્ત્રો જોવા મળ્યાં હતાં. યુદ્ધકાળમાં એમણે ઘણું સહન કર્યું હતું. પણ આ વખતે હું એમની ચડતી જોઇને તો ચકિત થઈ ગયો. આ વખતે એ જ ફ્રેન્ચ નરનારીઓ મને ફક્કડ વેશમાં જોવા મળ્યાં. 'શાંતિ પરિષદ' સમયે ફ્રાન્સનો ઉદ્યોગ ભાંગી ગએલો હતો; 'સંયુક્ત રાષ્ટ્ર સંમેલન' સમયે એ પુનઃર્જીવિત થએલો હતો,–માર્શલ મદદને કારણે. ફ્રાન્સની 'મિનિસ્ટ્રી ઑવ ટુરીઝમ' તરફથી મને એમના 'હાઇડ્રો ઇલેક્ટ્રિક વર્કસ'ને 'શિપયાર્ડ્ઝસ' જોવાને લઇ જવામાં આવ્યો હતો. આ બન્ને ક્ષેત્રોમાં ઉત્પાદન યુદ્ધ પૂર્વેના ધોરણથી પણ ઊચું ગયું છે. આપણી સરકાર એ ક્ષેત્રોમાં ફ્રેન્ચ સંસ્થાઓનો સાથ મેળવી રહી છે એ જાણીને મને આનંદ થાયો છે.

૧૯૪૬માં જો પૉલ સાર્ત્રની સાહિત્ય જગતમાં આણ વર્તી રહી હતી. એણે કેટલીક ચમકાવનારી નવલો રચી હતી અને 'પ્રતિકાર-યુદ્ધ'માં પણ ભાગ લીધો હતો. અને સૌથી આશ્ચર્યપ્રેરક તો એણે 'એક્ઝીસ્ટેન્શીઆલીઝમ' નામની આગવી જીવન-ફિલસૂફી ઉપજાવી હતી, જેનો વિદ્યાર્થીઓમાં ઉદ્રેક વ્યાપી ગયો હતો. સાર્ત્રની સાથે પારીસમાં ફરવાનું સદ્ભાગ્ય મને એ સમયે પ્રાપ્ત થયું હતું. આ વખતે પણ મેં જોયું હતું તો સાહિત્યજગતમાં એની એવી જ આણ વર્તી રહી છે, ને એના ઉત્સાહી અનુયાયીઓ એક્ઝીસ્ટેન્શીઆલિસ્ટ કલબ્સ, કાફે અને કૅબૅરેટમાં ઊભરાતા ચાલ્યા છે. એમનામાં પારીસનું ચિરચંચલ બુદ્ધિજીવી જીવન જોવા મળે છે.

પારીસના કલા-જગતમાં ૧૯૪૬ની જેમ ૧૯૪૮માં પણ પાબ્લો પિકાસોની આણ વર્તી રહી હતી. પ્રથમ વિશ્વયુદ્ધ પછી પિકાસો 'સર્‌રીઆલીઝમ'નો પિતામહ રહ્યો છે. ત્યાર પછી એણે એકે નવો ચીલો પાડ્યો નથી. પણ એના વ્યક્તવ્યના વાહનમાં નવા વળાંકો લીધા છે. મારી છેલ્લી મુલાકાતમાં હું જ્યારે એને મળ્યો ત્યારે એ એના માટીકામનું પ્રદર્શન ભરી રહ્યો હતો. એ હવે માટીકામ ભણી વળ્યો છે ને એ સિદ્ધ કલાકારે રંગોની જેમ માટી પર પણ એવો જ હાથ અજમાવ્યો છે.

'શાંતિ-પરિષદ' અને 'સંયુક્ત-રાષ્ટ્ર-સંમેલન પછી મને લાગ્યું છે કે સાન ફ્રાન્સિસ્કો સિવાય પરિષદો અને સંમેલનો માટે પારીસ એક આદર્શ સ્થળ છે. એ શહેર હિંસક પશુઓને પાળી જાણે છે. અને આજકાલના પશુઓ જંગલમાંથી નહિ પણ રાજકારણના દંગલોમાંથી વધુ જડી આવે છે! હું માનું છું કે હવેના જગતમાં યુદ્ધો નહિ હોય, એટલે પારીસનું મારું આ છેલ્લું દર્શન એ છેલ્લું નહિ હોય!

(અનુવાદકઃ નિરંજન ભગત)

અથાણું

રમણ સુરેશને ઘેર રમવા ગયો હતો. ઘેર પાછા ફરવાનો વખત થયો ત્યાં વરસાદ પડવા માંડ્યો. તેથી સુરેશની બાએ કહ્યું, 'લે, આ સુરેશની છત્રી લઈ જા.'

'એટલી બધી તકલિફ લેવાની શી જરૂર છે?' રમણે નમ્રતાથી કહ્યું.

'અરે એમાં શું? તારી બાએ પણ મારા સુરેશ માટે એમ જ કર્યું હોત ને?'

'મારી બાએ તો તેથી યે વધારે કર્યું હોત.' રમણ બોલ્યો 'તેણે તો સુરેશને સાંજના વાળુ માટે રહેવાનો આગ્રહ કર્યો હોત.'

પ્રાચીનકાળમાં — સંકેત-લિપિઓ

લેખક
કરણસિંહ ગોવિંદસિંહ ચુડાસમા

પ્રાચીનકાળમાં ગુપ્ત સંદેશા મોકલવા માટેના ત્રણ પ્રકારો ('કરપલ્લવી', 'ધ્વજ-સંદેશ' ને 'દુંદુભિ-સંદેશ') પૈકી ગયા અંકમાં આપણે 'કર-પલ્વી'નો પરિચય કર્યો. હવે ધ્વજ-સંદેશ લઈએ:

તેની યોજના ત્વરિત યાદ રાખવા માટે નીચે મુજબ શ્લોક છે:
કર્ણ, ચક્ર, ટંકાર, તરુ, વળી પાયા ને વ્યોમે, શિરસ્ત્રાણ,
અવકાશ અકાર, કમરે કકાર, એક, શૂન્ય સંખ્યા પરિમાણ.

આમાં પણ કર-પલ્લવીની માફક લિપિના અક્ષરોના સમૂહ ક, ચ, ટ, ત, પ, ય, શ, અ, પ્રમાણે તે તે વર્ગોના અક્ષરોના આઠ વિભાગ, તથા કાના, માત્રા અને સંખ્યા માટેના બીજા ત્રણ વિભાગ, એમ અગિયાર વિભાગના ૧૧ સંકેતો યોજેલા છે. અને પ્રત્યેક વર્ગના ક્રમાનુસાર અક્ષરો માટે જમણા હાથના સંકેતો છે તેનાં ચિત્રો સાથે આ નીચે તે દરેકની વિગત સમજાવી છે:




'ક—ખ—ગ—ઘ—ક્ષ': એ ક-વર્ગ માટેની સંજ્ઞા 'કર્ણ';—એમાં ડાબા હાથના ધ્વજથી ડાબો કાન દર્શાવવો.



'ચ—છ—જ—ઝ—જ્ઞ': એ ચ-વર્ગ માટેની સંજ્ઞા 'ચક્ર';—એમાં ડાબા હાથને કોણીમાંથી વાળી ધ્વજને ઊંચે રાખી હવામાં ચક્ર દોરવું.



'ટ—ઠ—ડ—ઢ—ણ': એ ટ-વર્ગ માટેની સંજ્ઞા 'ટંકાર';—એમાં ડાબા હાથને કોણીમાંથી વાળી ધ્વજ વડે ટકોરા મારતા હોઈએ એવી નિશાની કરવી.



'ત—થ—દ—ધ—ન': એ ત-વર્ગ માટેની સંજ્ઞા 'તરુ';—એમાં ડાબા હાથે ધ્વજને ખભાની સીધી લીટીએ રાખી ઝાડની ડાળ જેમ સ્થિર રાખવો.



'પ—ફ—બ—ભ—મ': એ પ-વર્ગ માટેની સંજ્ઞા 'પાયા' (પગ);—એમાં ડાબો હાથ નીચો રાખી ધ્વજને ડાબા પગે અથડાવવો.



'ય—ર—લ—વ—ઋ': એ ય-વર્ગ માટેની સંજ્ઞા 'વ્યોમ';—એમાં ડાબો હાથ ઊંચો સ્થિર રાખી ધ્વજથી વ્યોમ—આકાશ દર્શાવવું.



'શ—ષ—સ—હ—ળ': એ શ-વર્ગ માટેની સંજ્ઞા 'શિરસ્ત્રાણ';—એમાં ડાબે હાથે ધ્વજને માથાના શિરસ્ત્રાણ પાઘડી અથવા ટોપ ઉપર મૂકતા હોઈએ એમ દર્શાવવું.



'અ—ઇ—ઈ—ઉ—ઊ': એ સ્વર-વર્ગ માટેની સંજ્ઞા 'અવકાશ';—એમાં ધ્વજને હવામાં ઊંચો કરીને, પછી 'વ્યોમ'ની સંજ્ઞા જેમ તેને સ્થિર ન રાખતાં વર્તુળમાં ફેરવવો.



'ા—ે—ૈ—ં—ઃ': કાનો, માત્રા, બેમાત્રા, અનુસ્વાર, વિસર્ગ વગેરે વ્યંજનોને લગાડવા માટેનાં ચિહ્નોની સંજ્ઞા 'કમરે-કકાર';—એમાં ડાબા હાથના ધ્વજને કમર પર જમણી તરફ સ્થિર રાખવો.



'૧—૨—૩—૪—૫': એ ૧ થી ૫ સુધીની સંખ્યાના વર્ગ માટેની સંજ્ઞા 'એક';—એમાં ડાબા હાથના ધ્વજને જમણા ખભા અને માથાની જગ્યા વચ્ચે તિરકસ રાખવો.



'૦—૬—૭—૮—૯': એ ૬ થી ૦ સુધીની સંખ્યાના વર્ગ માટેની સંજ્ઞા 'શૂન્ય';—એમાં ડાબા હાથને સામો લંબાવી જોનાર સામે હવામાં વર્તુલ દોરવું.

જમણા હાથની સંજ્ઞાઓ

આમાં પણ, કરપલ્લવીની માફક, જમણા હાથનો ઉપયોગ ડાબા હાથના વર્ગનો પહેલો, બીજો, ત્રીજો, ચોથો ને પાંચમો અક્ષર સમજવા માટે થાય છે. એ કેવી રીતે તે દર્શાવતાં ચિત્રો તથા સમજ નીચે પ્રમાણે:



જમણા હાથે ગળાને ક્રૉસ કરી, એક સંખ્યાના ડાબા હાથના સ્થાનની જગ્યાએ ધ્વજ સ્થિર કરવો. આથી આ નિશાન વર્ગનો પહેલો અક્ષર દર્શાવે છે. 'ક' વર્ગનો પહેલો અક્ષર આપતી વખતે બંને હાથ છાતી પર ક્રૉસ થશે.




જમણા હાથને સીધો આકાશ તરફ સ્થિર કરવો,→ એટલે વર્ગનો બીજો અક્ષર દર્શાવાશે.



'એક' સંજ્ઞાના સ્થાનની સ્થિતિમાં, જમણો હાથ ઊંચો કરીને વર્ગનો ત્રીજો અક્ષર દર્શાવાય છે.



વર્ગનો ચોથો અક્ષર દર્શાવવા માટે જમણા હાથના ધ્વજને જમણા ખભાની સીધી લીટીએ રાખવો.




ઉપરની ચોથા અક્ષરની સ્થિતિમાં પગ ને ખભાની વચ્ચે જેટલા અંશનો ખૂણો થાય, તેના બે સરખા ભાગ કરતાં જે ખૂણો બને, તે ખૂણા પર ધ્વજ રાખીને વર્ગનો પાંચમો અક્ષર દર્શાવવો.



અર્ધો અક્ષર દર્શાવવા માટે અક્ષર કાપવા સારુ બન્ને ધ્વજની છાતી પર ચોકડી દર્શાવવી.



અક્ષર ખોટો હોય તેને રદ કરવા માટે જમણા હાથે વાવટો ડાબા-જમણો હલાવી ના પાડતા હોઇએ તેવી સંજ્ઞા કરવી



અક્ષર પૂરો થયો, એમ દર્શાવવા માટે પગ આગળ બન્ને ધ્વજની ચોકડી પાડવી.



શબ્દ પૂરો થયો, એમ દર્શાવવા માટે પગ પાછળ બન્ને ધ્વજની ચોકડી પાડવી.



સંદેશ પૂરો થયો એમ દર્શાવવા માટે બન્ને ધ્વજો માથા સુધી ઊંચા કરી તેને બન્ને પગ પાસે લાવવા. વળી, 'નમસ્તે', 'છુટા પડો' વગેરે સંજ્ઞાઓ પણ આ સંજ્ઞાથી જ દર્શાવાય છે.

'જમણા જાઓ', એમ દર્શાવવા માટે બન્ને હાથના ધ્વજને ડાબી તરફથી જમણી તરફ લઈ જવા. એ જ રીતે 'ડાબા જાઓ', એમ દર્શાવવા બન્ને હાથના ધ્વજને જમણી તરફથી ડાબી તરફ લઈ જવા. 'પાછળ જાઓ' દર્શાવવા પગ નીચેથી આગળના ભાગમાં લાંબા હાથે માથા તરફ ધ્વજ લઇ જવા. અને 'આગળ આવો' દર્શાવવા સારુ માથા ઉપરથી બન્ને ધ્વજ પગ તરફ લાવવા.

રાત્રે સંદેશા આપવા માટે ડાબા હાથમાં લાલ ફાનસ તથા જમણા હાથમાં લીલું ફાનસ રાખી ઉપરની જ સંજ્ઞાઓ વાપરીને સમાચાર આપી શકાય. ધ્વજસંદેશ આપતી વખતે માણસ આપણી સામે ઊભો રહી સમાચાર આપે છે તેથી તેનો ડાબો હાથ આપણી જમણી બાજુએ ને તેનો જમણો હાથ આપણી ડાબી બાજુએ રહે છે એ ધ્યાનમાં રાખવું જોઈએ. વળી ધ્વજમાં પણ કાનો માથાથી જમણી તરફ પગ સુધી, િ ી જમીન નીચે, ુ ૂ જમણી તરફથી ડાબી તરફ, એક માત્રા ને બે માત્રા ડાબી તરફ ઊંચેથી નીચે તથા અનુસ્વાર વાવટાનું બિંદુ માથા પર મૂકીને આપવાની રીત પણ છે. (ચાલુ)

કરકસર અને સગવડની એક વાત

જૂજજાજ અપવાદ સિવાય મોટા ભાગના ગ્રાહકોનાં લવાજમ આવતા અંક સાથે પૂરાં થાય છે. એ વિષે એક કરકસરની વાત કહેવાની છે. **'કુમાર'નું લવાજમ સેલ્સ ટૅક્સ સાથે હવે રૂપિયા ૭-૧૨-૦ થાય છે.** તે મની ઑર્ડરથી મોકલતાં બે જ આના તેના વધુ થાય; પણ જો વી. પી.થી મંગાવવામાં આવે તો છ આના થાય; એટલે કે ચાર આના વધારે ભરવા પડે. ઘણાખરા ગ્રાહકો મની ઑર્ડર કરતાં વી. પી.ને આશરે જવું પસંદ કરે છે, કેમકે એથી ટપાલીને ઘેર બેઠાં પૈસા વસૂલ આપી શકાય છે ને પોસ્ટ ઑફિસે મની ઑર્ડર કરવા જવાનો ધક્કો બચે છે. ચાર આના કરતાં ધક્કો એમને કદાચ વધુ કિંમતી હશે. પણ એ તો અંગત સગવડનો સવાલ છે.

પરંતુ એથી એક બીજી અગવડ ઊભી થાય છે. બધા જ ગ્રાહકોને એકસામટાં અમારે વી. પી. કરવાનાં હોવાથી તેની સંખ્યા ઘણી મોટી—અમુક હજારની થવા જાય છે. પોસ્ટ ઑફિસ એટલાં વી. પી. એકસામટાં નથી લેતી,—રોજ ગણત્રીનાં જ લે છે. આથી તેમના વી. પી.નો ક્રમ આવતાં દિવસો વીતી જાય છે. પરિણામે ગ્રાહકો અધીરા થઇ અમને કાગળો લખે છે ને પુછાવે છે કે અમારું વી. પી. હજી કેમ ન આવ્યું. એટલે સરવાળે બંને પક્ષે પત્રવ્યવહારનું વધારાનું ટપાલખર્ચ થાય છે. જોકે 'કુમાર' તો ક્રમાનુસાર ટપાલ ઑફિસ વી. પી. સ્વીકારે ત્યારે જ લાંબા ગાળે એમને મળવાનું. આમાં સરવાળે લાભ થયો કે ગેરલાભ?

એક બીજી વાત કરવાની છે. પોતે ગ્રાહક તરીકે ચાલુ રહેવા ઇચ્છે છે, પણ પોતે મનીઑર્ડર નહિ કરે, માટે અમારે વી. પી.થી મોકલવું, એવા ખબર પણ ઘણાખરા નથી આપતા. અલબત્ત, અમે વી. પી. કરીએ તે સ્વીકારી લે છે ખરા. આથી જેમના કાંઇ ખબર ન આવ્યા હોય તે સૌને અમારે તો વી. પી. કરવાં જ પડે છે. પણ જેમને ગ્રાહક તરીકે ચાલુ નથી રહેવું હોતું એ લોકો વી. પી. પાછાં વાળે છે. પરિણામે એવા દર વી. પી. દીઠ અમારા સવા-ચાર આના એળે જાય છે, અને આવ-જામાં અંક ચુંથાઇને મળે છે તે નફામાં! અને આવાં પાછા વી. પી.ની સંખ્યા પણ ઓછી નથી હોતી. એટલે આમ અમને નાહકના દંડવા કરતાં આપ અગાઉથી ખબર આપવાની કૃપા કરો તો?

આ બે વાત ઉપર આપ કાળજીથી વિચાર કરશો તો જણાશે કે ગ્રાહક તરીકે ચાલુ રહેવું હોય તો ૭-૧૨-૦નો મની ઑર્ડર કરી દેવો એ જ સારું છે. અને... ચાલુ ન રહેવું હોય તો કૃપા કરીને તેમ વેળાસર જણાવશો.

ચૌરપંચાશિકા

આ અંકનું મુખચિત્ર જેના પરથી આલેખાયું છે તે કવિ બિલ્હણનું રસભર્યું લોકપ્રિય કાવ્ય

ચૌરપંચાશિકા (એટલે ચોરના પચાસ શ્લોકો) એ વિરહ-શૃંગારનું ખંડકાવ્ય છે. ઇ. ૧૦૩૦ થી ૧૧૦૦ના ગાળામાં થઈ ગએલો એનો કર્તા પંડિત કવિ બિલ્હણ કાશ્મીરના પ્રવરપુર શહેર પાસેના સોનમુખ ગામના વિદ્વાન પંડિત જ્યેષ્ઠકલશનો પુત્ર હતો. વેદ, વ્યાકરણ ને કાવ્ય, અલંકાર વગેરે શાસ્ત્રોનો અભ્યાસ કર્યા બાદ એ પ્રવાસે નીકળ્યો. 'પંચાશિકા' કાવ્યના રચના પ્રસંગને માટે જે અનેક વાર્તાઓ પ્રચલિત છે તે સર્વમાં મૂળ ખરી હકીકત તરીકે આપણા વિદ્વાન સંશોધક સ્વ. દી. બ. કેશવલાલ ધ્રુવ એમ જણાવે છે કે પ્રવાસમાં તે કેટલોક વખત પંજાબના હાકેમ ક્ષિતપતિ કે ક્ષિતિપાલને ત્યાં રહેલો, તે દરમ્યાન તેની પુત્રી સાથે એને સ્નેહ બંધાયો. પાછળથી તે જાહેર થતાં કવિને દેશત્યાગ કરવો પડચો, ને એ સ્નેહને સંભારીને મોહબદ્ધ બિલ્હણે સંસ્કૃતમાં 'બિલ્હણપંચાશિકા' લખી, જે આજ સુધી ખૂબ લોકપ્રિય કાવ્ય મનાય છે. એમાં રાજકુમારી સાથે ભોગવેલા ભોગનું ઉન્માદક ચિત્ર છે.

પંજાબથી મથુરા, પ્રયાગ, કાશી વગેરે ફરીને તે ગુજરાતમાં આવેલો અને અણહિલપુર પાટણમાં રાજ્યમંત્રી સંપત્કરને ત્યાં થોડો સમય રહેલો. એ કાળે સિદ્ધરાજ જયસિંહનો પિતા કર્ણદેવ ત્યાં રાજ્ય કરતો હતો. અહીં તેણે 'કર્ણસુંદરી' નામની નાટિકા રચી, જેમાંની નાયિકા તે ઇતિહાસપ્રસિદ્ધ રાણી મીનળદેવી. ગુજરાતમાંથી કાંઈક કારણે તે અત્યંત અપ્રસન્ન થઈ ચાલ્યો ગયો અને સોમનાથ થઈ દક્ષિણમાં છેક રામેશ્વર સુધીની યાત્રાઓ કરી. ત્યાંથી પાછા ફરતાં તે દક્ષિણના ચાલુક્ય રાજાઓની રાજધાની કલ્યાણમાં આવ્યો અને ત્યાંના રાજા વિક્રમાંકદેવે તેને પોતાનો વિદ્યાપતિ બનાવ્યો. કવિ ત્યાં સ્થાયી થયો અને રાજાની પ્રશસ્તિમાં તેનું વિખ્યાત કાવ્ય 'વિક્રમાંકચરિત્ર' લખ્યું, જેના ૧૮મા સર્ગમાં તેણે પોતાનો આત્મવૃત્તાંત લખ્યો છે.

ગુજરાતમાંથી તે નારાજ થઇને ગયો એ વાત તાજી હતી અને પંજાબવાળી વાત વિસારે પડી હતી, તેથી પાછળથી કોઈ બીજા કવિને હાથે એ કાવ્યકૃતિ રૂપાન્તર પામી અને તેમાં ક્ષિતિપાલને બદલે ગુજરાતના રાજા વીરસિંહ અને તેની પુત્રી શશિકલાનાં નામો સ્થપાયાં, એમ દી. બ. કેશવલાલભાઈ જણાવે છે. એ રૂપાન્તરની કથા એવી છે કે રાજપુત્રી શશિકલાને કવિ ભણાવતો હતો, તેમાં તેમની વચ્ચે પ્રીતિ થઈ અને તે દાંપત્યવ્યવહારમાં પરિણમી. રાજાને આની જાણ થતાં તેણે કવિને શૂળીએ ચડાવવાની સજા કરી ને તેને વધસ્તંભે લઈ ગયા. વધસ્થાન ઊંચે હતું અને તેને પચાસ પગથિયાં હતાં. વધસ્થાને ચડતાં પહેલાં રાજાએ તેને પોતાના ઈષ્ટદેવને સ્મરી લેવા કહ્યું. પણ કવિએ તો શશિકલાને જ પોતાની ઇષ્ટદેવતા જણાવી તેનું સ્મરણ કરીકરીને વધસ્થાનનું એકેક પગથિયું ચડતો ગયો તેમ તેમ એક એક શ્લોક લલકારતો ગયો. તેમાં એણે જે રસમધુર વર્ણન કર્યું, તેમાંની કવિત્વશક્તિથી તથા તેના પ્રેમની નિશ્ચલતાથી પ્રસન્ન થઇ રાજાએ એને માફી બક્ષી ને શૂળીને બદલે પોતાની સુતા આપી.

આ કથામાં પણ ઘણા હકીકતફેર છે. એક સ્થળે એવું છે કે શશિકલાના સ્નેહનું વર્ણન કરી રહ્યા બાદ કવિને વધસ્તંભે લઈ જતા હતા ત્યાં શશિકલાની નજરે તે પડચો; અને 'કવિને મારશો તો હું પણ મરીશ' એવો પુત્રીએ આક્રંદ કરતાં પ્રધાને રાજાને સમજાવ્યો અને બંનેનું લગ્ન થયું. કર્ણાટકમાં વળી આ કાવ્યની પ્રતમાં રાજાનું નામ મદનાભિરામ અને પુત્રીનું નામ યામિનીપૂર્ણતિલકા છે, અને તેમને પંચાલ દેશના લક્ષ્મીમંદિર નગરનાં વર્ણવેલાં છે; તો કોઇ વળી શ્રીપુર પાટણ અને પૃથ્વીચંદ રાજા જણાવે છે.

'લાઈટ ઑવ એશિયા' નામના સુંદર અંગ્રેજી કાવ્યમાં બુદ્ધની જીવનકથા ઉતારનાર વિખ્યાત અંગ્રેજ કવિ સર એડવિન આર્નોલ્ડે અંગ્રેજી પદ્યમાં એનો મુક્ત અનુવાદ કર્યો છે. એ તો એના પર એટલા મુગ્ધ હતા કે પોતાનો એ અનુવાદ પોતાના હસ્તાક્ષરમાં એમણે છપાવ્યો છે. એ લખે છે કે પ્રથમ ઑનરૅબલ ઇસ્ટ ઈંડિયા કંપનીની લાયબ્રેરીમાં તેની હસ્તપ્રત ઈ. ૧૭૯૮માં લાસેન નામના વિદ્વાનને હાથ આવી. તેણે પોતાની ટીકા સાથે કોઇ મિ. પીટરને આપી, તેણે દેવનાગરી શ્લોકો સાથે લૅટિન ભાષાંતર સાથે એ પ્રકટ કરી. ત્યારથી વિલાયતમાં એની કીર્તિ પ્રસરી. સર એડવિન વળી એની કથા એમ જણાવે છે કે કાંચીપુરના મહારાજા સુંદાવાની કુમારી વિદ્યા સાથે, રાજકવિ ચૌર પ્રેમમાં પડેલો, અને તેની જાણ થતાં રાજાએ એને દેહાંતની સજા ફરમાવી કેદમાં પૂરેલો, ત્યાં એણે આ શ્લોકો રચેલા. જ્યારે એક માન્યતા એવી છે કે શશિકલા સાથે ચોરીથી લગ્ન કરવાથી બિલ્હણની ખ્યાતિ ચૌર કવિ તરીકે ફેલાઇ હશે અને તેથી જ એ 'બિલ્હણપંચાશિકા' કરતાં 'ચૌરપંચાશિકા' નામે વધુ ખ્યાત થઈ.

ગમે તેમ, પણ આ કાવ્ય આજ સુધી એમાંની રસમસ્તીને કારણે અતિ લોકપ્રિય થયું છે અને તેના હિંદી, ગુજરાતી, મરાઠી વગેરે ભાષાઓમાં અનુવાદો થયા છે. ગુજરાતમાં તો છેક ઈ. ૧૯૨૬માં જૈન કવિ જ્ઞાનાચાર્યે એને અપભ્રષ્ટ સંસ્કૃતમાં ઉતારેલી, ત્યારથી ગુજરાતીઓ એના રસથી મોહ પામ્યા છે. શ્રી નાગરદાસ ઈ. પટેલે અને શ્રી તનમનીશંકર શિવે તેના કરેલા અનુવાદો તો તાજા છે.

'અદ્યાપિ તાં...' એ શબ્દોથી શરૂ થતા એના પચ્ચાસે વસંતતિલકાના શ્લોકો મુક્ત શૃંગારના માધુર્યથી ભરેલા છે. આ અંકનું મુખચિત્ર દર્શાવે છે તેમ, તેના ઉપર સચિત્ર પોથીઓ પણ આલેખાઈ છે એ જ એની લોકપ્રિયતાનો પુરાવો છે. એ આખું કાવ્ય તો અહીં ઉતાર્યું જાય તેમ નથી, પણ મુખચિત્રમાંનો ૧૮મો શ્લોક આ મુજબ છે :

अद्यापि तां धवलवेश्मनि रत्नदीपमालामयूख पटलैर्दलितान्धकारे
प्राप्तोद्यमे रहसि संमुखदर्शनार्थं लज्जाभयार्तनयनामनुचिन्तयामि.

અદ્યાપિ તે ભવન રત્નદીપ-પ્રકાશે
અંધાર નાશ થઇ ઉજ્જ્વલ સોહતું, ત્યાં
સંમુખ દર્શન મથું કરવા હું તેનાં,
લજ્જા-ભયે નયન ઢાળતી, તે સ્મરું હું.

(રત્નના ઝળહળતા દીવાથી જેના અંધકારનો નાશ થયો છે એવા મારા ધવલ-ઊજળા ભવનમાં, તેના મુખના સંમુખ દર્શનને માટે હું મથતો હતો ત્યારે લજ્જા અને ભયથી પીડાએલાં જેનાં નયનો ઢળી પડ્યાં હતાં એવી એ (પ્રિયતમા)નું હું હજી યે ચિંતન કરું છું.)

એ કાવ્યનો છેલ્લો ૫૦મો શ્લોક તો સુભાષિત તરીકે પણ બહુ જાણીતો છે. તેને વિષે એમ કહેવાય છે કે વધસ્થાને ચડતાં ૪૯ પગ-

થિયાં પૂરાં થયાં ત્યારે રાજાએ કવિને ફરીને પૂછ્યું કે હજુ યે તમે શશિકલાનો ખ્યાલ છોડી શકતા નથી? ત્યારે કવિએ આ છેલ્લો નિશ્ચયાત્મક શ્લોક કહ્યો:

अद्यापि नोज्झति हर: किल कालकूट कूर्मो बिभर्ति धरणीं खलुपृष्ठभागे
अम्भोनिधिर्वहति दु:सहवाडवाग्निमंगीकृतं सुकृतिन: परिपालयन्ति

આદ્યાપિ શંકર ત્યજે નવ કાલકૂટ,
ધારે હજી ધરણી પીઠ પરે જ કૂર્મ,
સિંધુ હજી નિજ ઉરે વડવાગ્નિ ધારે,
પાળી રહે ત્યમ જ સજ્જન જે સ્વીકાર્યું.

(હજી પણ (ભગવાન) શંકર હળાહળ ઝેરનો ત્યાગ કરતા નથી; (ધરણી-ધર) કૂર્મ હજી પણ પૃથ્વીને પોતાની પીઠ પર ધારી રહ્યો છે; સાગર હજી યે પોતાના અંતરમાં વડવાગ્નિ શમાવી રહ્યો છે; (તેમ) ઉદારાત્માઓ એક વખત પોતે જેને સ્વીકાર્યું તેને વળગી રહે છે.)

કાર્બન (અનુસંધાન સામેના પાના પરથી) વીજળી-લેમ્પોમાં અને બૅટરીઓમાં થાય છે. આ ગુણ કાર્બનની બીજી જાતોમાં નથી હોતો. કોલ ગૅસ અને બીજા પદાર્થો કાઢી લીધા પછી જે લાલચોળ કોલસા રહે છે તેને ઠારવાથી કોક બને છે. કોકની સખત જાત (હાર્ડ કોક) ધાતુઓ ગાળવા માટે વપરાય છે. આપણા દેશમાં કોલસો તેની ખાણમાંથી કાઢીને એમ ને એમ વાપરવામાં આવે છે. આ પ્રથા નુકસાનકારક છે. તેથી કોલસામાંથી મળતા ઉપયોગી પદાર્થો વેડફાઈ જાય છે. પરંતુ કોકિંગ કરીને વાપરવાથી આ ઉપયોગી પદાર્થો મેળવી શકાય. કોલસો દેશનું રાષ્ટ્રીય ધન છે. તેનો ઉપયોગ બરાબર યોગ્ય રીતે થવો જોઇએ. ઇંગ્લંડ, અમેરિકા અને બીજા દેશોમાં કોલસામાંથી ખૂબ કિંમતી રસાયનો કાઢવામાં આવે છે. કોલસાને હાઇડ્રોજન સાથે સખત દબાણમાં સંયોજીને પેટ્રોલિયમ બનાવવામાં આવે છે. આવું કારખાનું કાઢવાનો વિચાર હિંદી સરકાર કરી રહી છે.

નાટ્યશાસ્ત્ર (અનુ૦ પૃ૦ ૩૪૧થી ચાલુ)

કેવા પ્રકારનાં પાત્રો નૃત્યમાટે અયોગ્ય છે તે પણ દર્શાવેલું છે. જેમકે પુષ્પાક્ષી (જેની આંખમાં સફેદ ફૂલું હોય), કેશહીના (જેના વાળ ઊતરી ગએલા હોય), સ્થૂલોષ્ઠી (જેના હોઠ જાડા હોય), લંબિત તન્વી (જેનું શરીર અતિ લાંબુ હોય), અતિસ્થૂલા (જેનું શરીર અતિ જાડું હોય), અતિકૃષા (જેનું શરીર અતિ દુર્બળ હોય), અતિ ઉચ્ચ કે અતિ વામ (અતિ ઊંચું કે નીચું શરીર હોય), કુબ્જ (કૂબડું કે ખૂંધું શરીર હોય), સ્વરહીના (જેનો કંઠ બસૂરો હોય), આ દસ પ્રકારની ક્ષતિઓવાળાં પાત્રો નર્તન માટે વર્જિત જાણવાં.

સ્વ૦ આનંદ કુમારસ્વામીએ 'અભિનય-દર્પણ'ના તેમના અંગ્રેજી અનુવાદ 'Mirror of Gesture'માં 'પુષ્પાક્ષી'નો અર્થ 'જેની આંખો પુષ્પ જેવી છે તે' એવો કર્યો છે. પરંતુ પુષ્પ જેવી આંખો તો ગુણ રૂપ ગણાય. તે દોષ રૂપ કે વર્જવા જેવી કેવી રીતે ગણાય? આથી પુષ્પાક્ષીનો અર્થ 'જેની આંખમાં ફૂલ પડ્યું હોય તે' એવો જ હોવો જોઈએ, કારણકે તેવી આંખો સૌંદર્યમાં હાની રૂપ છે.

નર્તક તથા નર્તકી વગેરે નૃત્યારંભમાં રંગભૂમિ પર કેવી રીતે ગોઠવાએલાં હોવાં જોઇએ તેનું વિવરણ પણ શાસ્ત્રમાં કરેલું છે. તે અનુસાર રંગભૂમિના મધ્ય ભાગમાં નર્તકી તથા તેની બાજુમાં નર્તક, તેની જમણી તરફ કરતાલ-ધારી તથા બન્ને તરફ પાછળ બે મૃદંગી; વળી કરતાલધારી તથા મૃદંગીઓની વચ્ચે ગાયક તથા શ્રુતિકાર ઊભેલા હોવા જોઇએ. અર્વાચીન તાનપુરા કે તંબૂરની જગ્યાએ પ્રાચીન કાળમાં વપરાતા વાદ્યવિશેષના વાદકને શ્રુતિકાર કહે છે.

પ્રયોગકારો રંગભૂમિ પર ઉપર મુજબ ગોઠવાઈ ગયા બાદ નૃત્યનો આરંભ કરવો એમ કહ્યું છે. આ નૃત્ય, ગીત તથા અભિનયવાળું તેમજ ભાવ તથા તાલમય હોવું જોઇએ. કહ્યું છે કે:—

आस्येनालम्बयेद् गीतम   हस्तेनार्थं प्रदर्शयेत् ।
चक्षुभ्यम् दर्शयेद् भावम्   पादाभ्येत् तालमादिशेत् ॥

અર્થાત્ મુખ દ્વારા ગીત, હસ્ત દ્વારા (ગીતનો) અર્થ, નેત્ર દ્વારા (અર્થને અનુરૂપ) ભાવ, તથા પગ દ્વારા (ભાવને અનુરૂપ) તાલ દર્શાવવો. (ચાલુ)

નવાં પુસ્તકો

ઉપનિષદોનું તત્ત્વજ્ઞાન : સર સર્વપલ્લી રાધાકૃષ્ણનના તાત્ત્વિક આલોચનાપૂર્ણ ગ્રંથ Indian Philosophy-Vol. Iના પ્રકરણ ૪ થાનો અનુવાદ-કરનાર : ચંદ્રશંકર પ્રા. શુક્લ, પ્રકાશક : વૉરા ઍન્ડ કં. લિ.-મુંબાઇ, ૩-૮-૦, **પરિશીલન :** પ્રા. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદીના વિવેચનાત્મક નિબંધોનો સંગ્રહ, પ્રકાશક : પ્રા. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી સન્માન સમિતિ વતી નટવર મૂ. વીમાવાળા, સુરત, ૪-૦-૦; **ગંધાક્ષત:** અનંતરાય મ. રાવળના વિવેચનલેખોનો સંગ્રહ, પ્રકાશક : પરમસુખ પંડ્યા, એન. એમ. ત્રિપાઠી લિ., મુંબાઇ-૨, ૪-૦-૦. **ઇતિહાસ-સંમેલન નિબંધ સંગ્રહ :** ગુજરાત સાહિત્ય સભાના ઉપક્રમે યોજાએલ ઇતિહાસ સંમેલન પ્રસંગે સ્વીકારાએલા ઇતિહાસવિષયક નિબંધોનો સંગ્રહ, ૪-૮-૦; **ગુજરાત સાહિત્યસભા અમદાવાદની કાર્યવાહી સને ૧૯૪૬-૪૭,** ૩-૮-૦; **મંદિર-દ્વારે:** વિખ્યાત લેખક ખલીલ જિબ્રાનની કૃતિનો અનુવાદ-કરનાર: કાંતિ ઉપાધ્યાય, પ્રકાશક: કૃષ્ણપ્રસાદ લ. ભટ્ટ-અમદાવાદ, ૧-૮-૦; **રખડતા રામ:** જિબ્રાનના The Wanderer નો અનુવાદ-કરનાર: 'પલાશ', ૨-૦-૦; **ભિક્ષુક:** જિબ્રાનનાં ચૂંટેલા કથાનકોનો 'અનુવાદ-કરનાર શિવમ્ સુંદરમ્', ૦-૧૨-૦; **પાગલ:** જિબ્રાનના The Mad Manનો અનુવાદ-કરનાર: ગોકુળભાઇ પટેલ, ૧-૮-૦; ત્રણે પુસ્તકોના પ્રકાશક : નવનીતલાલ ગદ્રાસી-અમદાવાદ; **ગાંધી કથા ગીતો:** બધા વર્ગોના લોકોને સ્પર્શી શકે એવી શ્રી ચિમનલાલ પ્રા. ભટ્ટની યુગાનુકૂલ કવિતાઓનો શ્રી કાકાસાહેબની પ્રસ્તાવના સાથેનો સંગ્રહ, પ્રકાશક: નગીનભાઇ દ. શાહ-અમદાવાદ-૦-૧૨-૦; **ગાંધી ગીતા:** ગાંધીજી અને બીજા દેશનેતાઓના પદ્યમય સંવાદરૂપે ગાંધીવાદનું તત્ત્વજ્ઞાન સમજાવતી પુસ્તિકા, પ્રયોજક: ચંદુલાલ બહેચરલાલ પટેલ, પ્રકાશક: શ્રી સાવિત્રી ચંદુલાલ પટેલ, ગોંડલ; **ગીતવર્ષા:** કવિ 'પંકજ'નો કાવ્યસંગ્રહ, પ્રકાશક: નટવર વોરા-મુંબાઈ-૭, ૨-૮-૦; **વિદ્યાર્થી માર્ગદર્શન વિભાગ ૧:** આગળ અભ્યાસ કરવા ઈચ્છતા વિનીત વિદ્યાર્થીઓને માર્ગદર્શન કરાવતી શિક્ષણ સંસ્થાઓની યાદી, સંપાદક અને પ્રકાશક: કાંતિભાઈ લલ્લુભાઈ દેસાઈ-બોટાદ, ૧-૦-૦; **લઘુહસ્તરેખાદર્શન:** હસ્તરેખાશાસ્ત્રમાં પ્રવેશ કરવા ઇચ્છનારાઓને ઉપયોગી થઇ પડે તેવું અભ્યાસયુક્ત સચિત્ર પુસ્તક: લે૦ ગર્ગ જોશી, પ્ર૦ મુકુંદ કે. શાસ્ત્રી, નાગરવાડા, માંગરોળ (કાઠિયાવાડ), મુખ્ય વિક્રેતા-એમ. કુમારની કં., મણિભુવન, મીઠાખળી, અમદાવાદ-૬, ૧-૪-૦.

કાર્બન

લેખક - ડૉ. નરસિંહ મૂ. શાહ એમ.એસસી., પીએચ. ડી.

'કાળો કોયલા જેવો' એ આપણામાં જનતાની એક પ્રચલિત ઉપમા છે. આંખને અપ્રિય એ કોયલાનું તત્ત્વ તે કાર્બન. આપણી ધરતી પર અસ્તિત્વ ધરાવતાં મૂળ તત્ત્વોમાં અદ્ભુત એ તત્ત્વ છે. એક બાજુ કાર્બન આપણા શરીરની રચનામાં આવશ્યક અંગભૂત તત્ત્વ છે—આપણા પ્રાણનો આધાર છે; તો બીજી બાજુ એ તત્ત્વવાળો કોલસો, આપણા આધુનિક જીવનમાં ઉપયોગી પુરવાર થયેલા અનેક પ્રકારના પદાર્થો માટે જરૂરી કાચા પદાર્થો પૂરા પાડનાર એક અતિ મહત્તાપૂર્ણ ઉપયોગી ચીજ છે: એટલું જ નહિ પણ શક્તિ પેદા કરવાનું એક આદિ સાધન છે. આપણે કોલસો બાળીએ છીએ તે આ કાર્ય માટે જ. તે ક્રિયા દ્વારા પેદા થતી શક્તિ આપણો ખોરાક રાંધે છે, આપણને ઉષ્મા આપે છે ને આધુનિક યંત્રોને ચલાવે છે.

કાર્બન કુદરતમાં સ્વતંત્ર અવસ્થામાં તેમજ સંયુક્ત દશામાં જડી આવે છે. હીરો અને ગ્રેફાઇટ તેના સ્ફાટિકમય પાસાદાર રૂપાંતરો છે. કોલસો તેનો અ-સ્ફટિકમય બીનપાસાદાર પ્રકાર છે. ખરતા તારાઓમાં તેમજ સૂર્ય અને તારાઓમાં પણ સ્વતંત્ર કાર્બનનું અસ્તિત્વ માલૂમ પડે છે. ખનીજ તેલ યા પેટ્રોલિયમ એટલે કાર્બન અને હાઈડ્રોજનના સંયોજનથી પેદા થયેલ હાઇડ્રો કાર્બનનું પ્રવાહી મિશ્રણ. આપણા વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડ વાયુ જૂજ પ્રમાણમાં સ્વતંત્રરીતે હોય છે. તેનાં સંયોજનો એટલે કાર્બોનિટો, જેવાં કે ચૂના-પથ્થર, આરસપહાણ પુષ્કળ મળી આવે છે. કૅલશિયમ અને મૅગ્નેશિયમનો સંયુક્ત કાર્બોનિટ ડોલોમાઇટ તરીકે ઓળખાય છે અને કેટલીય પર્વતમાળાઓ તેની બનેલી હોય છે.

વનસ્પતિ તેમજ પ્રાણીને નિભાવતા જીવનરસમાં કાર્બનનાં સંયોજનો છે. આધુનિક રસાયને પ્રાણિજ તેમજ વનસ્પતિજ કાર્બન–પદાર્થો પુષ્કળ સંખ્યામાં પ્રયોગશાળામાં બનાવી જનતાને સુલભ બનાવી દીધા છે. આ રસાયન કાર્બનિક રસાયન (Organic Chemistry) તરીકે ઓળખાય છે. કાર્બનિક રસાયન કાર્બનના રસાયનનો એક ભાગ છે–એક પ્રકરણ છે. પરંતુ તેમાં આવતા પદાર્થોની સંખ્યા અતિશય મોટી હોવાથી સગવડ ખાતર તેને અલાયદું રાખવામાં આવે છે. બાકી તો જે રસાયનના સિદ્ધાંતો બીજા પદાર્થોને લાગુ પડે છે તે બધા કાર્બનિક પદાર્થોને પણ લાગુ પડે છે.

કાર્બનિક પદાર્થોને ગરમ કરવાથી કાળા પડી જાય છે, અને છેવટે તેમાંથી કાળો કોલસો રહે છે. લાકડાને બાળવાથી તેનો રંગ બદલાતો જાય છે અને તેમાંથી કોલસા પડે છે. કોલસાને વિશેષ ગરમી આપવાથી તે સળગે છે અને છેવટે થોડીક રાખ રહે છે. આ ક્રિયામાં કોલસાનો કાર્બન હવાના ઑક્સિજન સાથે સંયોજાઈ કાર્બન ડાઈઑક્સાઇડ બને છે અને તે વાયુ હોઈ હવામાં મળી જાય છે. કોલસામાં આવેલી બીજી અશુદ્ધિઓ રાખરૂપે પાછળ રહે છે. આ ક્રિયામાંથી મળતી ગરમી માનવી જૂના કાળથી ઉપયોગમાં લેતો આવ્યો છે.

કાર્બનની અ-સ્ફટિક જાતોમાં આપણા રોજિંદા જીવનમાં ઉપયોગી પ્રકારો નીચે પ્રમાણે છે: (૧) કોયલો: લાકડામાંથી બનાવેલો (વૂડ ચારકોલ); ખાંડમાંથી યા એવા બીજા પદાર્થોમાંથી બનાવેલો (સ્યુગર ચારકોલ); (૨) મેશ (લૅમ્પ બ્લૅક): કોઈપણ બળતા કાર્બનિક પદાર્થની જ્યોત ઉપર ઠંડું વાસણ ધરવાથી ભેગો થતો કાળો પદાર્થ; (૩) પ્રાણિજ કોલસો (ઍનીમલ ચારકોલ): હાડકાં બાળીને બનાવેલો કોલસો, આયવરી બ્લૅક વગેરે; (૪) કોક; ખાણમાંથી નીકળતી જુદીજુદી જાતો; (૫) ગૅસ કાર્બન; અને (૬) ઇલેક્ટ્રોડ કાર્બન, જેનો પરિચય આગળ આવે છે. આ બધાય કાળા ને અપારદર્શક હોય છે.

શુદ્ધ અ-સ્ફટિકમય કાર્બન, મૅગ્નેશિયમ ધાતુને કાર્બન ડાઇ–ઑક્સાઈડ વાયુના વાતાવરણમાં બાળવાથી બને છે.

ગુજરાતમાં કોયલો ખૂબ બનાવાય છે, પરંતુ જે રીત પ્રચલિત છે તે આર્થિક દૃષ્ટિએ ખામી ભરેલી છે. ખાડામાં લાકડાંનો ગંજ કરીને બાળવાથી તેમાંથી નીકળતા ઉપયોગી પદાર્થો હવામાં ચાલ્યા જાય છે. તેમાંથી બળતણ માટે ઉપયોગી ગૅસ, ઍસેટિક ઍસિડ, એસીટોન અને મિથાઇલ, આલ્કોહૉલ, વૂડસ્પિરિટ એવા પદાર્થો મેળવી શકાય. એટલા માટે બંધ બકપાત્રોમાં લાકડાંને બાળી કોયલો બનાવાય છે. આ કોયલા વધારે કઠણ હોય છે. આ રીતે માઇસોરમાં ભદ્રાવતીમાં કામ ચાલે છે. કોયલામાં વાયુઓ સંગ્રહવાની શક્તિ છે, કારણ કે તે છિદ્રાળુ છે. એટલે તેનો ઉપયોગ પાણી શુદ્ધ કરવા માટે પણ થાય છે. ગંદકીવાળી જગ્યામાં કોયલાની ભૂકી નાખવાથી બદબો અટકી જાય છે. નાળિયેરની છાલમાંથી બનાવેલો કોયલો વિશેષ ક્રિયાશીલ હોય છે.

મેશ બનાવવા માટે તેલ, મીણ ને ટર્પેન્ટાઇન જેવા પદાર્થોને અ-પૂરતી હવામાં બાળવામાં આવે છે. એસીટીલીનમાંથી આ પણ પૂરક તરીકે બનાવાય છે. આનો ઉપયોગ રબરટાયરની બનાવટમાં થાય છે. થોડોક ભાગ રંગરોગાનમાં પણ વપરાય છે.

હાડકાંઓને નિર્વાતક રીતે આસવવાથી તેમાંથી ઍમોનિયા અને બીજા પદાર્થો, વાયુઓ અને હાડકાંનું તેલ (ડીપેલ ઓઈલ) નીકળે છે, અને છેવટે જે કાળો પદાર્થ રહે છે તે ઍનિમલ ચારકોલ કહેવાય છે. તેને વિશેષ શુદ્ધ કરવાથી આઈવરી બ્લૅક બને છે. ઍનીમલ ચારકોલ ખાંડને શુદ્ધ કરવાથી આઈવરી બ્લૅક બને છે. ઍનીમલ ચારકોલ ખાંડને શુદ્ધ સફેદ કરવા માટે વપરાય છે. ગળીના દ્રાવણને ઍનિમલ ચારકોલના બારીક ભુક્કા સાથે ઉકાળો: પછી તેને ગાળવાથી રંગવિહીન સફેદ દ્રાવણ નીકળે છે. યુદ્ધમાં ઝેરી વાયુઓને રોકવા વપરાતા ગૅસ–માસ્કમાં પણ તેને સક્રિય બનાવીને વાપરવામાં આવે છે.

ખાણમાંથી નીકળતો કોલસો એટલે ભૂસ્તરીય કાળમાં આપણી પૃથ્વીપર થયેલ ઉલ્કાપાતો અને જ્વાળામુખીય પ્રવૃત્તિઓમાં દટાઈ ગએલી વનસ્પતિના અસ્મીભૂત અવશેષો. આપણા દેશમાં ઝરીયા અને રાણીગંજની ખાણોમાંથી ખૂબ કોલસો કાઢવામાં આવે છે. આસામમાં પણ કોલસા નીકળે છે, પરંતુ એ કોલસામાં ગંધકનું પ્રમાણ વિશેષ છે. આ કોલસો વાપરવાલાયક બનાવવા સંશોધન ચાલે છે. હિંદી સરકારે ફ્યુએલ રીસર્ચ ઇન્સ્ટીટ્યૂટ આવા કામ માટે કાઢ્યું છે. કોલસાને બંધ બકપાત્રો (retorts)માં આસવવાથી તેમાથી કોલ-ગૅસ, ઍમોનિયા અને ડામર જેવા ઉપયોગી પદાર્થો મળે છે. આ ક્રિયા દરમિયાન બકપાત્રોના ઉપરના ભાગમાં સખત કાળું પડ બંધાય છે. તે ગૅસ-કાર્બન કહેવાય છે. આ ગૅસ-કાર્બન વિદ્યુત્‌વાહક છે એટલે તેનો ઉપયોગ (અનુ૦ સામેના પાના ઉપર)

ટિકિટ-સંગ્રહ

આ યુગનો એ સંસારવ્યાપી શૉખ

કેમ કેળવવો તેની તથા બીજી ઉપયોગી માહિતી આપતો વિભાગ



ભારત સરકારના ઉપયોગ માટે ૧૯૫૦ ના જાન્યુઆરીથી નીકળનારી નવી 'સર્વિસ-સ્ટૅમ્પ' નો નમૂનો, જેમાં હાલ આવતી રાજા જ્યૉર્જની છાપને બદલે અશોકસ્તંભનું ચિત્ર આવશે. એક પૈસાથી માંડી દસ રૂપિયા સુધીની ૧૩ કિંમતની ટિકિટો એમાં છે.



'લીગ ઑવ નેશન્સ'ની યે પહેલાં સ્થપાએલા, જગત-પ્રજાઓના પ્રથમ સંઘ 'યુનિવર્સલ પોસ્ટલ યુનિયન' (વિશ્વ-ટપાલ-સંઘ)ને ગયે મહિને પોણી સદી પૂરી થઈ, તે નિમિત્તે વિવિધ દેશોએ કાઢેલી ટિકિટો પૈકી ઇંગ્લંડ અને આફ્રિકાના નમૂના સામેના પાને આપેલા છે. હિંદની તે પ્રસંગની ટિકિટો સાથે તેના ફર્સ્ટ-ડે કવરનો એક નમૂનો અમે ગયા અંકમાં આપ્યો હતો. આ ઉપર એવું બીજુ કવર આપ્યું છે, જે બ્રિટિશ ફિલૅટેલિક એસોસીએશન તથા ફિલૅટેલિક ટ્રેડર્સ સોસાએટીના અધિકારથી કાઢેલું છે. એ પ્રસંગે ટિકિટોને રદ કરવા માટે જે ખાસ પોસ્ટમાર્ક યોજાએલી તે પણ આ ઉપરના કવર પર દેખાય છે. હિંદે કાઢેલા એવા ત્રીજા ફર્સ્ટ-ડે કવરનું ચિત્ર સામેના પાને આપ્યું છે.

ગયા અંકમાં આપણે ટિકિટોને કાગળ ઉપરથી સલામત કેમ ઉખેડવી, તેમજ જૂની ટિકિટો ઉપરનો મેલ યા પાછળ ચોંટેલા કાગળ કેમ સાફ કરવા તેની વિગતો જોઈ. તેમાં એકબે બાબતો ઉમેરવા જેવી છે. વગર વપરાએલી ગુંદરવાળી ટિકિટો ચોમાસામાં જેમ ભેજને લીધે એકબીજીને ચોંટી જાય છે, તેમ સુક્કી ઋતુમાં એવી ટિકિટો કોકડું વળી જાય છે. એના પર આપણો શ્વાસ મોંમાંથી નાખીને તેના ગરમ ભેજથી તેને નરમ પાડી સીધી કરી શકાય છે. એ ન ફાવે તો એક ટેબલના ખાનામાં પાણી ભરેલી રકાબીને પડખે એક ડબ્બામાં તેને થોડો સમય મૂકી છાંડવી; એથી પણ એ ઢીલી થઈ જશે. પછી તેને કોરા કાર્ડના બે ટુકડા વચ્ચે મૂકી પોચે પોચે દબાવીને સીધી કરી લેવી. એથી ઊલટું, ભેજથી ચોંટેલી ટિકિટોને ગયા અંકમાં બતાવ્યા પ્રમાણે ઉખેડ્યા બાદ તેને ઉતાવળે સુકવવાના લોભે ગરમી આગળ ન રાખવી. નહિતર એ કોકડું વળી જશે.

ટિકિટો જેમ લેશમાત્ર પણ ખંડિત, મેલી, ઘેરી પોસ્ટમાર્કવાળી, ઊઝરડાવાળી, કાગળ ઉખેડીને 'થિન' થઈ ગએલી, ખંડિત પરફોરેશનવાળી કે કરચલીવાળી બિલકુલ ન હોવી જોઇએ, તેમ તેના પર પોસ્ટમાર્ક સિવાય બીજા કોઇ પ્રકારનો શાહી કે પેન્સિલનો ડાઘ ન હોવો જોઇએ. તેના ખંડિત પરફોરેશનને હાથેથી સુધારવાનો, કે કપાઈ ગએલો ખૂણો ફરી જોડવાનો, યા ઝાંખી પડી ગએલી તેના પરની આકૃતિને હાથ વડે ચીતરીને સુધારવાનો પ્રયત્ન પણ હરગીઝ ન કરવો જોઈએ. નહિતર એથી ટિકિટની કિંમત કોડીની થઈ જશે.

ગયા અંકમાં જણાવ્યું છે કે ટિકિટ પરના ચિકાશવાળા ડાઘ, બેન્ઝૉઇનમાં પલાળવાથી નીકળી જશે. આ સંબંધમાં અમારા મિત્ર ડૉ. નરસિંહ શાહ જણાવે છે કે તે બેન્ઝૉઈન નહિ પણ બેન્ઝોલ યા બેન્ઝીન જોઇએ. બેન્ઝૉઈન તો ઘન હોય છે અને ગુજરાતીમાં લોબાનના ફૂલ તરીકે જે વસ્તુ પ્રચલિત છે તેમાં રહેલો તે પદાર્થ છે બેન્ઝીન જ સહેલાઈથી સળગી ઊડે એવું પ્રવાહી છે. બેન્ઝીનમાં જ ચિકાશવાળા ડાઘ કાઢી નાખવાનો ગુણ છે અને ડ્રાઈક્લીનિંગમાં તે વપરાય છે. ટિકિટ-સંગ્રાહકોને એ વસ્તુ મેળવતાં મુશ્કેલી ન પડે એ માટે એમણે આ ખુલાસો મોકલ્યો છે.



Our Friends Abroad

[જગતસંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ]

Jan Sebestik
Hradistska 210 Uhersky Brod (Moravia-Czechoslovakia)નો
આ પત્ર મેળવનારઃ ચંપકલાલ શાહ, ૯૩૪, પાછિયાની પોળ, કાળુપુર, અમદાવાદ



પ્રિય શાહ ચંપકલાલ　　　　　　　　　　૨૪મી ઑગસ્ટ ૧૯૪૯

આજે તમારો કાગળ મારા ટેબલ પર જોતાં મને ઘણું જ આશ્ચર્ય થયું. મારા મોડા જવાબ માટે કૃપા કરી મને ક્ષમા કરશો. અહીં જુલાઇ ને ઑગસ્ટ માસમાં રજાઓ પડે છે તેથી તે દરમ્યાન મારા મિત્રોને ખેતરોમાં કાપણીના કામમાં મદદ કરવા હું ગએલો. આથી તમારો કાગળ મેં આજે જ ઘણો મોડો વાંચ્યો.

હું એ જાણીને ઘણો જ ખુશ થયો કે તમને પણ મારા જેવા જ શૉખ છે. હું પિયાનો વગાડી જાણું છું. શું તમારે ત્યાં પણ સંગીતમાં પાશ્ચાત્ય સંગીતનાં સ્વર ચિહ્નો હોય છે? મુસાફરીનો પણ મને શૉખ છે. પણ મારો પ્રિય શૉખ તો સાહિત્ય તથા ફિલસૂફીનું વાચન છે. રવીન્દ્રનાથ ઠાકુર કૃત 'સાધના' મેં વાંચી અને હવે હું ઉપનિષદો વાંચીશ. પરદેશી ભાષાઓમાં હું જર્મન, ફ્રેન્ચ, રશિયન ને લૅટિન શીખું છું, ને મને આશા છે કે આપણે બન્ને એકબીજાને સારી રીતે સમજી શકીશું.

થોડું મારા દેશ વિષે: મોરેવિયા, બોહીમિયા અને સ્લોવાકિયા એ ત્રણ વિભાગો મળીને, યુરોપના હૃદયભાગે આવેલું અમારું આ ચેકોસ્લોવાકિયાનું નાનકડું પ્રજાસત્તાક રાજ્ય બનેલું છે. મારું કુટુંબ રહે છે તે યુહર્સ્કી-બ્રોડ મોરેવિયાના પાટનગર બ્રુઓની પૂર્વે ૬૦ માઈલ દૂર વસેલું છે. વિખ્યાત જોડા બનાવનાર ટૉમસ બાટાના ઝ્લીનથી મારું ગામ બાર માઇલ જ છેટું છે. માત્ર અમારું ગામ બહુ મોટું નથી: ૭૦૦૦ની વસતિ છે... હું અત્યારે અમારા શહેરની માધ્યમિક શાળામાં અભ્યાસ કરું છું. Nardar, My Dear Frinedl

તમારા પત્રની રાહ જોતો, સહૃદય તમારો યાન સેબેસ્ટિક.

પ્રિય મિત્ર ચંપકલાલ　　　　　　　　　　તા. ૨૪, સપ્ટેંબર ૧૯૪૯

તમે કદાચ કલ્પના પણ નહિ કરી શકો કે તમારો આટલો સુંદર કાગળ મળતાં મને કેટલો આનંદ થયો હશે. પરદેશનાં યુવક-યુવતીઓ સાથે પત્રવ્યવહાર કરવાની અમારે માટે કોઈ શક્યતા નથી. અમારા ચેકોસ્લોવાકિયામાં તમારે ત્યાંના જેવાં એવી સગવડ આપતાં માસિકો નથી; તેથી આંતરરાષ્ટ્રીય મૈત્રીવ્યવહાર બાંધવાની તરુણ ચેકોસ્લોવાકોની ઝંખના અફળ રહે છે. અમે અટૂલા પડી ગયા છીએ. અમે ફક્ત રશિયા, પોલૅન્ડ, બલ્ગેરિયા, હંગરી અને રૂમાનિયા સાથે જ પત્રવ્યવહાર કરી શકીએ; પણ અમને તેમની ભાષા નથી આવડતી. એટલે તમારા સિવાય મારે બીજો કોઈ પત્રમિત્ર નથી.

મારી ઊંચાઈ પાંચ ફીટ અને છ ઇંચ છે. મારી માતા અહીંથી ચાર માઇલ દૂર એક શાળામાં ભણાવે છે, જ્યારે મારા પિતા અમારા ગામથી ૭૦ માઇલ દૂર એક શાળામાં શિક્ષક છે. હું મારી માતા તથા મારી ત્રણ બહેનો સાથે અહીં રહું છું. પિતા મહિનામાં એકાદ બે વાર અમારી પાસે આવી જાય છે.... આ વર્ષે મૅટ્રિક્યુલેશન પરીક્ષા પછી શાળા છોડીને શું કરવું તે નક્કી કરીશ. કદાચ હું યે શિક્ષક જ બનું; પણ કદાચ ખેડૂત બનું તે પણ શક્ય છે. તમારી માફક મને પણ સંગીતમાં રસ છે, પણ હું બહુ સારું ગાઈબજાવી શકતો નથી. વળી મારા અભ્યાસ તેમજ માતાને ઘરકામમાં મદદ કરવામાં ઘણો સમય જાય છે. જોકે મારા શહેરમાં થતો સંગીતનો કોઈપણ કાર્યક્રમ હું ચૂકતો નથી. વાચનમાં મને ઐતિહાસિક તેમજ વૈજ્ઞાનિક પુસ્તકો ગમે છે, પણ મારો મુખ્ય શૉખ તો તત્ત્વજ્ઞાન છે. હાલમાં હું મારા અંગત ઉપયોગ માટે 'પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાન'ના ટૂંકા ઇતિહાસનું તારણ કરી રહ્યો છું. હું ડિક્શનેરીની મદદથી જર્મન, રશિયન, અંગ્રેજી, ફ્રેન્ચ તથા લૅટિન વાંચી શકું છું, પણ અમારે ત્યાં રશિયન સિવાય પરદેશનાં બીજાં કોઈ પુસ્તકો હોતા નથી. તમે મને 'ગીતા'ની અંગ્રેજી આવૃત્તિ મોકલી તે માટે હું તમારો કેટલો પાડ માનું! કારણ કે મને એશિયાની સંસ્કૃતિમાં ખૂબ રસ છે. મારી પાસે ચીન, જાપાન અને ઇરાનની સંસ્કૃતિને લગતાં પુસ્તકો તો છે, પણ હિંદી સંસ્કૃતિ વિષે અમારે ત્યાં એકે પુસ્તક નથી. જોકે સોશિયૉલૉજિકલ (સમાજશાસ્ત્રને લગતાં) સામયિકોમાંથી મેં થોડીઘણી માહિતી મેળવી છે; ને હવે તો તમારા તરફથી સીધું જ હિંદની સંસ્કૃતિ વિષે જાણવા હું આતુર રહીશ. તમને યુરોપની અને ખાસ કરીને ચેકોસ્લોવાકિયાની સંસ્કૃતિ તથા જીવન વિષે માહિતી જોઇશે તો હું આપીશ.

અમારી પ્રજાનું જીવન તમે બરાબર સમજી શકો તે માટે હું અમારા ઇતિહાસનો વિકાસ કેમ થયો તે ટૂંકામાં સમજાવીશ. અમારા દેશનો ઇતિહાસ હજુ યુવાવસ્થામાં જ છે. ફક્ત ૯મી સદીમાં જ તે શરુ થાય છે. ખ્રિસ્તી ધર્મનો અંગીકાર, લખવાની કળાનું શિક્ષણ અને જર્મન તેમજ ફ્રાન્સની ઉચ્ચ સંસ્કૃતિનો સંપર્ક, એ ત્રણ વસ્તુઓની પ્રેરણાથી અમારો દેશ યુરોપના તખ્તા પર આવ્યો. ઇ. સ. ૩૭૫ થી ૧૫૯૨ સુધી સંત વેન્સેલસ, ચાર્લ્સ ૪ થો (અમારી ભાષામાં Karel IV) અને પવિત્ર રોમન મહારાજ્યના શહેનશાહ વગેરે રાજવીઓનો અમલ એજ મધ્યયુગના અમારા ઇતિહાસ તથા સંસ્કૃતિનું ઘટક તત્ત્વ છે. પણ સોળમી સદીને અંતે ખ્રિસ્તી ધર્મશાહી અને શાહીવાદ સામે બંડ પોકારનાર યાન હુસ્સ (જેને શાહાનશાહે વધસ્તંભ પર જીવતો બાળી મૂક્યો ને શહીદ થયો તે)ના ઉપદેશથી નવી હુસ્સીઝમની હીલચાલ અમારે ત્યાં થઈ. સમસ્ત ચેકોસ્લોવાક પ્રજા તથા દેશ ઊપર તે વ્યાપી ગઈ અને વીસ વર્ષ સુધી અમારો દેશ ધાર્મિક યુદ્ધોમાં સંડોવાએલો રહ્યો. તે પછીના સૈકાઓ રાજાશાહી સામેના બળવામાં ગયા અને ૩૦૦ વરસ પર ચેક પ્રજાએ સ્વાતંત્ર્ય ખોયું. ઑસ્ટ્રિયાના શહેનશાહ અમારા પર રાજ્ય કરવા લાગ્યા. પણ પ્રથમ મહાયુદ્ધ શરુ થતાં કેટલાક આગેવાનોએ અમારા સ્વાતંત્ર્યની લડત ઉપાડી; તેઓ દેશનિકાલ થયા; પણ મહાયુદ્ધના અંતે તેમનું કાર્ય સુખદ રીતે પાર ઊતર્યું, અને ૧૯૧૮ના ઑક્ટોબરની ૨૮મી તારીખે ચેકોસ્લોવાકિયાનું પ્રજાસત્તાક રાજ્ય સ્થપાયું. સ્લોવાક પ્રજા તો ૧૦૦૦ વરસથી હંગેરિયનોના જુલમ નીચે કચડાતી હતી. (ઈ. ૧૬૨૦ પહેલાં તો ચેક લોકોનું સ્વતંત્ર રાજ્ય હતું; પણ સ્લોવાક લોકો તો મૂળે લાંબા કાળથી હંગેરીના અમલ નીચે હતા.) અંતે ચેક લોકોએ (બંનેનું) સ્વાતંત્ર્ય મેળવ્યું. અમારા દેશના પહેલા પ્રમુખ તરીકે, અમારા સ્વાતંત્ર્યયુદ્ધના મહાન યોદ્ધા તેમજ એક મહાન ચેક ફિલસૂફ ટૉમસ ગૅરિક મસારિક ચૂંટાયા. ૧૯૩૭માં તેમના અવસાન બાદ તેના પરમ મિત્ર એડવર્ડ

બેનેસ ચુંટાયા. એટલામાં બીજું મહાયુદ્ધ શરૂ થતાં (જર્મનોના આક્રમણને લીધે) તેને પણ તેના મહાન પુરોગામીની માફક દેશવટે જવું પડયું, જે દરમ્યાન ચેકોસ્લોવાક પ્રજા જર્મન જુલમ નીચે પીસાતી રીબાતી રહી. મહાયુદ્ધ પૂરું થતાં બેનેસે સ્વતંત્ર ચેકોસ્લોવાકિયામાં વિજયપ્રવેશ કર્યો અને ત્રણ વરસ પછી ઈ. ૧૯૪૮માં તેનું અવસાન થયું. આખી પ્રજા તેને માટે આજે આંસુ સારી રહી છે. તે પણ મસારિકની પેઠે અમારી પ્રજાના હૃદયમાંથી કદિ નહિ ભુલાય.

હવે અમારા દેશની ધાર્મિક સ્થિતિ વિષે: મુખ્ય ધર્મ ખ્રિસ્તી છે. માત્ર પાંચ ટકા નિરીશ્વરવાદી અને અઢી ટકા યહૂદી છે. પણ ખ્રિસ્તી ધર્મના ઘણા પંથ અહીં છે. મુખ્ય પંથ કૅથૉલિક છે: લગભગ પોણો ભાગ. (હું પણ કૅથૉલિક છું.) એ સિવાય પ્રોટેસ્ટન્ટ, મોરાવિયન, થરેન, ચેકોસ્લોવાક વગેરે અનેક પ્રચલિત છે.

અમારી સંસ્કૃતિ પણ અમારા ઈતિહાસ માફક હજી યુવાસ્થામાં જ છે. ખરી રીતે તો તે ૧૯મી સદીમાં જ શરૂ થઈ ગણાય. અમારી પાસે ઇંગ્લંડ ને બીજા દેશો જેવું બહોળું સાહિત્ય નથી, પણ હાલમાં અમારી સમસ્ત સંસ્કૃતિ ફાલતી જાય છે. કારેલ ચાપેક (Karel Capek) એ અમારો જગવિખ્યાત મહાન નવલકથાકાર છે અને ઑટોકર બ્રેઝીના (Otokar Brezina) પરમ સુંદર કવિ છે. આ નીચે અમારા દેશનો નકશો ચીતરી મોકલું છું તેમાં મારું ગામ ક્યાં આવ્યું તે દર્શાવ્યું છે.



હવે હું મારા દૈનિક જીવન વિષે થોડું કહીશ. સવારના ૮થી બપોરના ૧ વાગ્યા સુધી હું શાળામાં હોઉં છું. ત્યાં એક ભાષા, ગણિત ને ભૌતિકશાસ્ત્ર ઉપરાંત વિદેશી ભાષાઓ પણ શીખવાની હોય છે: અંગ્રેજી, રશિયન, લૅટિન તથા ગ્રીક. મેં બે અઠવાડિયાંથી ગ્રીક શરૂ કરી છે. આ ઉપરાંત પ્રકૃતિવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, ભૂગોળ ને ચિત્રકળા પણ ખરાં જ. નિશાળે જવું તો મને ખૂબ જ ગમે છે, કેમકે અનેક અજ્ઞાત



વસ્તુઓનું જ્ઞાન મેળવવાની મને ઝંખના-તમન્ના છે. ત્યાર બાદ બપોરે બીજા દિવસનો અભ્યાસ તૈયાર કરવાનો હોય છે. અને ત્યાર બાદ ફરવા જાઉં છું. નદીકિનારે લાંબી ખીણોમાં ને જંગલોમાં દૂરદૂર ફરવા જવાનું મને બહુ ગમે છે. ખભે ખડિયો ભરાવીને નાના પ્રવાસો કરવા પણ ગમે છે, કેમકે હું ટપાલ-ટિકિટોનો સંગ્રહ કરતો નથી, પણ તમારા માટે આ સાથે થોડીક અમારા દેશની ટિકિટો મોકલું છું. મને ટિકિટો કરતાં બીજા દેશોનાં શહેરોનાં તેમજ ત્યાંના શિલ્પ-સ્થાપત્યનાં ચિત્રોનો શૉખ છે. મને એવું કંઈક મોકલશો તો આનંદ થશે. મેં તમને મોકલેલી ટિકિટોમાંની એક ઉપર અમારા દેશનું રાજ-ચિહ્ન છે. તમે મને પુછાવ્યું છે કે મેં 'Nardar' લખેલું તેનો અર્થ શો થાય છે. 'Nardar' એ અમારા દેશના યુવાનોની રાષ્ટ્રીય સલામી છે. અંગ્રેજીમાં જેમ કોઇને બોલાવતી વખતે 'હલ્લો' કહીએ છીએ તેવું.

કૃપા કરીને ને તમારી સંસ્કૃતિ, ફિલસૂફી ને ધર્મ, તમારા લેખકો, દેશ ને લોકો, તેમજ તમારા વિષે વિગતવાર લખશો. Nandar!

તમારો સહૃદય મિત્ર, યાન સેબેસ્ટિક (Jan Sebestik)

આ વિભાગના નિયમો અમે આ અગાઉ ઘણી વખત પ્રકટ કરી ગયા છીએ, છતાં તેનું પાલન થતું જણાતું નથી. આથી ફરી તે પ્રકટ કરીએ છીએ; એનું પાલન નહિ થએલા પત્રો રદ ગણાશે અને તે વિષેનો કોઈ પણ પત્રવ્યવહાર કરવામાં નહિ આવે. (૧) પોતાનું નામ પ્રકટ કરાવવા ઇચ્છનારે પોતાના જ હસ્તાક્ષરમાં પોસ્ટકાર્ડ પર અંગ્રેજીમાં (પહેલી એ. બી. સી. ડી.માં જ) પોતાનું સંપૂર્ણ નામ, પોતાના ઘરનું (શાળા અગર દુકાનનું નહિ) પૂરું સરનામું, ઉમર અને શૉખ જણાવવાં; (૨) પોતે ક્યાં સુધી ભણેલા છે અથવા ભણે છે તે જણાવવું. માત્ર અંગ્રેજી ૬ઠું કે મૅટ્રિક ભણતા કે ભણી ચૂકેલાઓનાં જ નામો પ્રગટ થશે, કારણકે પરદેશમાં પત્રવ્યવહાર કરવા ઓછામાં ઓછું અંગ્રેજીનું એટલું જ્ઞાન હોવું આવશ્યક છે; (૩) આ માહિતી નીચે પોતાના વાલી અગર શાળા શિક્ષકની સહી કરાવવી. (૪) આ વિભાગમાં પ્રકટ કરવા માટેના પરદેશી પત્રમિત્રોના પત્રો ખાસ નવી માહિતી કે દૃષ્ટિવાળા હોય તે જ (બને ત્યાં સુધી ટૂંકા) પસંદ કરીને મોકલવા; સાથે ફોટો કે ચિત્ર હશે તો તે આવકારપાત્ર થશે; (૫) તેનો ગુજરાતી અનુવાદ પણ સાથે કરી મોકલવો જરૂરી છે; એમાં ઘટતા સુધારા અમે કરી લઈશું. (૬) એ બધી સામગ્રી ન સ્વીકારાયે પાછી મેળવવા માટેનું પૂરતું પોસ્ટેજ પણ સાથે બીડવું. કીમતી સામગ્રી હોય તો વળતી વખતનું રજિસ્ટર્ડ કરવા સાથેનું પોસ્ટેજ મોકલવું. (૭) પોસ્ટેજ બીડયા વિના આ વિભાગને લગતી કોઇ પણ પૃચ્છાનો ઉત્તર આપવામાં નહિ આવે. ❙ કેટલાકો અમારી પાસેથી પોતાને મનફાવતા દેશોના પત્રમિત્રોની યાદી મંગાવે છે; પરંતુ અમારી પાસે તેવી કોઇ કાયમી યાદી રહેતી નથી. અમારી પાસે જે કાંઇ આવે છે તે અમે 'કુમાર'માં પ્રકટ કરી દઇએ છીએ. માટે સૌએ પોતપોતાની પસંદગીના સરનામાં કુમારના અંકોમાંથી શોધી લેવાં; અમારી સાથે નાહક પત્રવ્યવહાર કરવો નહિ. ❙ અમુક ભાઇઓ, ખાસ કરીને પરદેશની છોકરીઓનાં જ સરનામાં મંગાવે છે. આ માનસ સમજાતું નથી. પરદેશી પત્રમિત્રો સાથે પત્રવ્યવહાર કરનારાઓએ, પોતે આ દેશનાં સંસ્કાર, ચારિત્ર્ય, અને પ્રતિષ્ઠાનાં પ્રતિનિધિ છે એ ખ્યાલમાં રાખીને એવા ગૌરવપૂર્વક પત્રવ્યવહાર કરવો જોઇએ.

પરદેશના પત્રમિત્રો

હિંદ આવવા ઇચ્છતા જર્મન પત્રમિત્ર

નીચે જણાવેલા જર્મન પત્રમિત્ર હિંદ આવવા પૂરતી નાણાંની જોગવાઈ કરવા અહીંની આયાત-નિકાસ કરતી પેઢીઓનાં સરનામાં જાણવા ઇચ્છે છે, જેથી તેમની સાથે પોતે વ્યવહાર બાંધી શકે એવાં નાયથી જાણકાર પત્રમિત્રો તેમને લખી જણાવે. નામ સરનામું: W, O. Andernach,(16) Kassel Kohlen Str. 11 1/2 (Germany) ઉલ્લેખ: બંસી. મો. શાહ (વડોદરા) તથા કુમાર.

(1) Eric. T. Cabraal, Makewita, Ga-ela, W. P. (Ceylon)—15, Stamps, Puzzles; (2) P. Obeyesekera, St. Thomas' College, Gurutalawa (Ceylon)—17, Stamps, Coins, Picture Post-cards; (3) Kingsley Goonesekena, C/o N.V.Goonesekena, 76, Kuruppumulla (Ceylon)—12, Stamps, Picture Post-cards, Cricket-Pictures; (4) A.Sothinathan, Manalpiddy, Kanainagar (Ceylon)—16, Politics, Science, Stamps, Photography; (5) Z. H. Ibrahim Esq., 346, Trincomalie Street, Kandy (Ceylon)-20, Correspondence, Stamps, Coins, Cricket-Picture; (6) P. E. Seneviratne, 17-Railway Bunglow, Namioya (Ceylon)—14, Stamps, Coins, Pen-pals. (ઉલ્લેખ: ચંદુ પટેલ-વડોદરા.) (7) Master Ratilal M. Mehta, G. P. O. Box No. 170, Suva, Fiji Islands—16, Stamps, Snaps, Reading; (8) Bhikhubhai Purshottam Patel, P. O. Box No. 262, Dar-es-salaam, T. T., B. E. Africa—19, Stamps, View-cards, Coins, Literature, Photography.

હિંદી પત્રમિત્રોનાં સરનામાં (ગયા અંકને અનુસંધાને ચાલુ)

(417) Ramesh C. Shah, Shree Gujarat Vaishya Sabha, Jamalpur, Ahmedabad—17, Stamps, View-cards; (418) Jairam Champsey Ved, Manek Bhavan, Bundar Road, Cutch Mandvi—18, Stamps; (419) Bakulesh Anantrai Bhatt, C/o G. A. Bhatt, Plot No. 5, Manek Wadi, Station Road, Krishnanagar, Bhavnagar (Saurashtra)-16, Stamps; (420) Parekh Ghanshyam Pranlal, Vaidya Vilas, 102, Ghod Bundar Rd., Borivali (B. S. D., B. B. & C. I. Rly.)—16, Fret-work, Stamps, Coins, Photography; (421) Goverdhandas Dahyabhai Reshamwala, C/o Prabhudas Gangadas Reshamwala, Rampura Rd., Surat—19, Stamps, Photography; (422) Nalinkant Chhaganbhai Patel, Mahajan Bhavan, Anand—18, Stamps, View-cards; (423) Yashavant Chhaganbhai Patel, Mahajan Bhuvan, Anand—16, Drawing, Music, History, Stamps; (424) Miss Indira Patel, C/o Kantibhai Chhotabhai Patel, Dave Pole, Nadiad—18, Stamps, Coins; (425) Miss Jaya Patel, C/o Dineshbhai Jayantilal Patel, Kaker Khad, Haveli, Dave Pole, Nadiad-18, Stamps; (426) Prafullchandra D. Trivedi, M.A., 28, Saraswati Society, Ahmebabad-7—28, Gujarati literature, Music, Philosophy, Religion, Spiritualism, Reading, Photography, Travelling, Nature; (427) Chinubhai M. Patel, C/o Manilal M. Patel, Station Master, Siddhpur—18, Stamps, Coins; (428) Chandrasinh Mathuradas, Swali Street, Mundra-Cutch—19, Stamps, Crossword Puzzles; (429) Dave Ratilal Manishanker, C/o C. V. Shah, Bhatia Street, Wankaner (Saurashtra)-18, Rubber Stamps, Book-Binding, Travelling; (430) Ramanlal B. Patel, Gamdi, P. O. Nandej, Dist. Ahmedabad—23, Philosophy, Metaphysics; (431) Dinkerlal K. Bodalia, C/o Govind Nana, School Falia, Matwad (Surat)—14, Stamps; (432) Upendra, C/o R. P. Shah, Ambalal Chawl, Pritamnagar, Ahmedabad-6—15, Stamps, Coins, View-cards; (433) Ravinkumar, Navapara, Bhavnagar (Saurashtra)—17, Sports, Stamps; (434) Rajnikant H. Kothari and Mulprasad Ramji Pujara, Dhiraj Kunj, 5, Jairaj Plot, Rajkot (Saurashtra)—19, Touring, Politics, Stamps; (435) Indulal P. Shah, Baniya St., Wankaner (Saurashtra)—19, Coins, Stamps, View-cards, Sports; (436) Mangeshchandra S. Bhavsar, P. O. Box No. 18, Ahmedabad—21, Science, Drawing, Reading, Politics; (437) Chandrakant Jamnadas Mehta, C/o Kapurchand Kalidas Mehta, Panchadevadawala Building, Opp. City Dispensary, Damnagar (Saurashtra)—16, Music, Photography, Dancing, Coins; (438) Rajen B. Sheth, C/o Bhagwandas M. Sheth, Bibodi Building, Digvijaya Plot, Jamnagar (Saurashtra)—15, Literature, Music, Photography; (439) Ramankumar A. Gandhi, C/o Jayant Colour Co., Chippa Maholla, Beawar, Rajputana—19, Stamps, Swiming; (440) Bakulray L. Bhatt, Lodhawala Building, Plot No. 589, Navi Manekwadi, Bhavnagar (Saurashtra)—16, Stamps, Cricket, Literature; (441) Shamji Bhnaji, Opp. Pujara Dali, Mandvi-Cutch—17, Stamps, Coins. (ચાલુ)

અક્ષરોનો પરિચય પામી ચૂકેલાં
બાળકોને વાંચતાં કરવાની એક યુક્તિ

બાળકની રમતિયાળ કલ્પનાને ચગાવે તથા તેમને ગમ્મત આપે એવી એક સરસવાર્તા એને કહેવા માંડો; અને વાર્તાનો રસ બરોબર જામે તથા બાળક તલ્લીન બની જાય ત્યાં જ વાર્તા કહેવી અટકાવી દો. પછી, જે પુસ્તકમાંની એ વાર્તા તમે કહેવા માંડી હોય તે પુસ્તક બાળકના હાથમાં આપીને તેને કહો કે 'એ આખી વાર્તા આ પુસ્તકમાં આપી છે; તેમાંથી હવે બાકીની વાર્તા વાંચી લે.' અધૂરી રહેલી વાર્તાના રસનું માર્યું બાળક એ વાર્તા સાદ્યંત વાંચી જશે, અને એમ એને આડકતરીરીતે વાચનનો મહાવરો પડતો જશે. પણ એટલું જોજો કે એ પુસ્તક, બાળક ઉકેલી શકે તેવાં મોટાં ચોખ્ખાં બીબાંમાં, પુષ્કળ ચિત્રો વાળું, અને બને તો થોડાં રંગીન ચિત્રો વાળું હોવું જોઈએ. ચિત્રો પણ એવાં હોય કે બાળકો હોંશેહોંશે વાંચવા લલચાય. એવા એક પુસ્તકની માહિતી આ અંકના પાછલા પૂઠા પર ચિત્રો સાથે આપી છે.



પ્રાચીન નાટ્યશાસ્ત્ર

નર્તક-નર્તકી-લક્ષણ

તથા તેની અનુષંગી અન્ય કળાઓનો પરિચય આપતી લેખમાળા——લેખક——હપતો ૩૯ મો

યોગેન્દ્ર પ્રિયદર્શી

નર્તન કરનાર પુરુષ તથા સ્ત્રીને નર્તક તથા નર્તકી કહે છે. 'નર્તન' શબ્દમાં નૃત્ત, નૃત્ય તથા નાટ્ય એ ત્રણે ક્રિયાઓનો સમાવેશ થઇ જાય છે તે આપણે આગળ જોઈ ગયા છીએ.

નર્તક-નર્તકીનાં લક્ષણો નાટ્યશાસ્ત્રમાં તો અલ્પાંશે જ આપેલાં છે. પરંતુ 'અભિનય-દર્પણ' વગેરે ગ્રંથોમાં તેનો સારો વિસ્તાર કરેલો છે. આ લક્ષણો નૃત્યકારના ખાસ જરૂરી ગુણો હોવાથી ઉત્તમ નૃત્યકાર થવા માટે કેટલી કેટલી લાયકાતો હોવી જોઇએ તે જાણવું નૃત્યાભ્યાસમાં રસ ધરાવનારાઓ માટે ઉપયોગી થઇ પડશે.

આ ગુણો બે પ્રકારના છે: ઈશ્વરદત્ત તથા યત્નસિદ્ધ. કેટલાકને અમુક ગુણો કુદરતીરીતે જ મળેલા હોય છે, જ્યારે કેટલાક તે કેળવેલા હોય છે. પરંતુ ઘણીવાર બધા જ ગુણ કેળવી શકાય તેવા હોતા નથી. જેમકે રૂપ. તે કુદરતીરીતે જ મળેલું હોય છે. એ જ રીતે અમુક ગુણો કેવળ પ્રયત્નથી જ કેળવી શકાય તેવા હોય છે. જેમકે ગ્રડપ. જોકે રૂપ પણ પ્રયત્નથી અમુક અંશે કેળવી શકાય ખરું. આધુનિક વિજ્ઞાન પણ એ દિશામાં પ્રશંસાપાત્ર પ્રયોગો કર્યે જાય છે અને પાશ્ચાત્ય દેશોમાં આજે અમુક વૈજ્ઞાનિક પ્રક્રિયાઓ દ્વારા શરીરના વિવિધ ભાગો કે નાક કાન વગેરે અંગ-ઉપાંગોને જોઇએ તેવો ઘાટ આપવાનું શક્ય બન વા લાગ્યું છે. છતાં બનાવટી ને કુદરતી વચ્ચેનો ભેદ તો રહેવાનો જ. આથી જેને જે માટેની કુદરતી બક્ષિશ મળી હોય તે જ વિષય તેણે ગ્રહણ કરવો સારો. તેથી દરેક જણ જો પોતાની કુદરતી વૃત્તિ કે બક્ષિશ અનુસાર જ વિષયપ્રવેશ કરે તો પોતાની સારી ઉન્નતિ સાધી શકે.

ઘણા કિસ્સાઓમાં ઘણાઓનો નૃત્ય-પ્રેમ બસૂરા માણસના સંગીત-શૉખ સાથે સરખાવી શકાય તેવો હોય છે. બીમાર માણસ માટે જેમ પકવાન નિષિદ્ધ હોય છે, તેમ શાસ્ત્રમાં અરૂપ પાત્ર માટે નૃત્યનો નિષેધ ફરમાવેલો છે; કારણકે તેને નૃત્યની સિદ્ધિ થતી નથી. વળી સુંદર વસ્તુનો આધાર પણ સુંદર હોવો જોઈએ. નૃત્યકાર સુંદર હોય તો જ નૃત્ય સુંદર લાગે છે; નહિ તો તે નૃત્યની વિડંબના તથા હાંસીનું કારણ બને છે. લોકોમાં આજે નૃત્યનો શૉખ વધ્યો હોવાનું કહેવાય છે ખરું, પરંતુ આ વધી પડેલા શૉખની પાછળ નૃત્ય-પ્રેમ કરતાં બીજી જ વૃત્તિઓ તથા કારણો કામ કરી રહેલાં હોય છે. નૃત્ય શીખનારાઓનો મોટો વર્ગ સાચા નૃત્ય-પ્રેમ કરતાં તેની પાછળની મોહિની, ચમકાટ તથા ઝાકઝમાળથી ખેંચાઇને જ તેમાં પડતો હોય છે. તેમાં યે ખાસ કરીને જાત-જાહેરાતની વૃત્તિ સૌથી વધુ ભાગ ભજવતી હોય છે. પરિણામે તેમાં ઉપરછલ્લાપણું ઘણું આવી ગએલું છે. (જોકે છીછરાપણું તો આજે દરેકે દરેક વિષયમાં આવતું જાય છે.)

'નટ' શબ્દ આપણે અભિનયકાર કે 'ઍક્ટર' માટે વાપરીએ છીએ, પરંતુ તેનો મૂળ અર્થ નર્તક કે પ્રયોગકાર થાય છે, જેને માટે અંગ્રેજીમાં 'Player' એવો શબ્દ છે. 'નટ' શબ્દ નાચવું માટે છે આથી જ નૃત્યમૂર્તિ શંકર 'નટરાજ' કહેવાયા. નાટ્ય શબ્દ પણ આ શબ્દ પરથી જ આવેલો છે, કારણકે 'નટનું કાર્ય કે નટનને યોગ્ય તે નાટ્ય' એવી વ્યાખ્યા છે. આથી પ્રાચીન કાળમાં નાટ્ય નૃત્ત રૂપે જ ભજવાતું હશે એવું અનુમાન છે.

આ જ રીતે 'પાત્ર' શબ્દ પણ પ્રાચીન કાળમાં નર્તક કે નર્તકીના પર્યાય શબ્દ તરીકે જ વપરાતો હતો, પરંતુ આજે તો તે નાટકમાં અમુક રૂપ ધારણ કરનાર માટે જ વપરાય છે. આ શબ્દ માટે વળી કેટલાક વિદ્વાનોનો એવો મત છે કે તે નર્તક માટે નહિ પણ માત્ર નર્તકી માટે જ પ્રયોજાતો શબ્દ છે. હિંદીમાં નર્તકી માટે પાતુરિયા કે પાતુરા શબ્દ છે તે કદાચ આ પરથી જ આવેલો હશે.

નર્તકીની જેમ નર્તકનાં લક્ષણો બધા જ ગ્રંથોમાં આપેલાં નથી. પરંતુ સ્ત્રી-પુરુષના પ્રાકૃતિક ભેદ સિવાય તેમનાં ઘણાંખરા લક્ષણો સંયુક્ત કે એકસરખાં જ છે.

સંયુક્ત લક્ષણો: એક-બીજા ગમે તેને વિષે યોજી શકાય તેવાં નર્તક ને નર્તકીનાં એકસમાન લક્ષણો વિવિધ શાસ્ત્રો અનુસાર તારવીને આ નીચે આપ્યાં છે:

નાટ્યશાસ્ત્ર અનુસાર: બુદ્ધિ, સત્ત્વ, સુંદર સ્વાભાવિક રૂપ, લય તથા તાલ, પરિપૂર્ણ યૌવન, કૌતુહલ (જિજ્ઞાસા વૃત્તિ), ગ્રહણશક્તિ, ધારણશક્તિ (શીખેલું યાદ રાખવાની શક્તિ), ગીત અને અભિનયના ગુણો, શ્રમસહિષ્ણુતા તથા ઉત્સાહ વગેરે.

સંગીત મકરન્દ અનુસાર: સર્વ કલા સુશિક્ષિત, વિવિધ વસ્ત્રાભરણયુક્ત, મૃદંગ આદિના તાલમાં દક્ષ ઇત્યાદિ. આ ઉપરાંત નર્તક યા નર્તકીના શારીરિક ગુણો તેમાં આ પ્રમાણે દર્શાવેલા છે: અંગ સૌષ્ઠવ (ઘાટીલું શરીર), રૂપસંપદ (રૂપ-સંપત્તિ), સુંદર સુડોળ વદનમંડલ, વિશાલ નયન, બિંબાધર, સુચારુ દંતકળી, મોહક ગ્રીવા (ડોક), ક્ષીણ કટિ (પાતળી કમર) સ્થૂલ નિતંબ, અતિ ઊંચાઈ કે બહુ નીચાઈ નહિ, ગૌર અથવા શ્યામ વર્ણ, તેમજ લાવણ્ય, કાન્તિ તથા માધુર્ય, વળી ઔદાર્ય, પ્રાગલ્ભ્ય વગેરે માનસિક ગુણો પણ તેમાં જણાવેલા છે.

ઉત્તમ નર્તકનું લક્ષણ જણાવતાં તેમાં કહ્યું છે કે જે લય તથા તાલ અનુસાર ગીતાક્ષરોનું પોતાના ગાત્ર(શરીર)વિક્ષેપ દ્વારા

ઉચ્ચારણ કરી શકે (ગીતના અર્થને અંગ ભંગીથી દર્શાવી શકે) અથવા જે ગીતધ્વનિને શરીરભંગોથી આંખ દ્વારા પ્રત્યક્ષ કરી શકે તેને ઉત્તમ નર્તક કે નર્તકી જાણવાં.

નર્તક-લક્ષણ : 'અભિનય-દર્પણ'માં નર્તકનાં લક્ષણો આ પ્રમાણે જણાવેલાં છે. સુરૂપ, સુકંઠ, વાદ્યનિપુણ, ગીતભિજ્ઞ, નર્તનપારદર્શી, વિદ્વાન, દક્ષ, વાગ્મી, કલા-વિજ્ઞાનશાસ્ત્રવિદ્, મધુરવાક, આત્મનિર્ભરશીલ (આત્મવિશ્વાસવાળો), પરિહાસપ્રિય ઇત્યાદિ. 'સંગીત-રત્નાકર'માં નર્તકનું લક્ષણ જેણે કરણ તથા અંગહારાત્મક (જે આપણે આગળના હપતાઓમાં જોઇ ગયા છીએ) માર્ગે નૃત્યનો અભ્યાસ કર્યો છે તે, એવું આપ્યું છે. તેને આંગિક, વાચિક, આહાર્ય તથા સાત્વિક અભિનયનો તથા દસ રૂપક (જે પણ આપણે જોઈ ગયા છીએ)નો જાણકાર પણ જણાવ્યો છે.

નર્તકી-લક્ષણ : 'પાત્ર' યા 'નર્તકી'નાં લક્ષણો 'અભિનય-દર્પણ'માં આ પ્રમાણે આપ્યાં છે: તન્વી (નાજુક અંગવાળી), રૂપવતી, શ્યામા, ઉન્નત પયોધરા (ઉન્નત સ્તનવાળી), પ્રગલ્ભા (આત્મશ્રદ્ધાવાળી), સ-રસા, (સુરુચિ તથા સુંદર વ્યવહાર વાળી), કાન્તા (કાન્તિ-ઓજસવાળી), કમનીયા (સુંદર), મનોહરા, (મોહક), કુશલા, નિપુણા, સમર્થા, ગીત-વાદ્ય-તાલભિજ્ઞા, પ્રસન્ન મુખપંકજા (કમળ જેવા પ્રફુલ્લિત મુખવાળી) તથા સુંદર વેષભૂષા વાળી.

'શ્યામા'નો અર્થ શ્યામવર્ણી—કાળારંગની એવો કરવાનો નથી, કારણ કે તેનો સંબંધ શરીરના વર્ણ સાથે નહિ પરંતુ વય સાથે હોવાનું જણાય છે. 'ઉત્પલમાલા' નામના એક કોષમાં 'શ્યામા'ની વ્યાખ્યા 'યૌવન મધ્યસ્થા' એવી કહેલી છે. 'શીતકાલે સુખોષ્ણ તથા ગ્રીષ્મકાળે સુખશીતલા' એવી નવયૌવના નારીનું નામ શ્યામા' એમ પણ એક સ્થળે કહેલું છે. બીજા મત અનુસાર જેના સ્તન-યુગલ કઠણ હોય, નિતંબ વિશાળ હોય તથા કમર પાતળી હોય તેવાં ત્રણ લક્ષણોવાળી સ્ત્રીને શ્યામા કહે છે. પરંતુ પ્રચલિત અર્થમાં તો સોળ વર્ષીય શ્યામવર્ણી યુવતી તે શ્યામા. અહીં એ ખ્યાલમાં રાખવાનું છે કે શ્યામ વર્ણ એ પાત્રનો ગુણ છે, પણ અત્યંત કૃષ્ણ વર્ણ એ દોષ રૂપ છે.

નર્તકીનાં અન્ય લક્ષણો આ મુજબ કહ્યાં છે: બિંબતુલ્ય અધર, જ્યોત્સ્ના જેવું મુખમંડલ, કંચુકાવૃત્ત કુચકુન્ત (કંચુકી એટલે પ્રાચીન સમયમાં વપરાતી રત્નજડિત ચોળી) તેનાથી ઢંકાએલા સ્તન. વળી, ચિત્ર-વિચિત્ર રત્નાભૂષણ તથા મણિમૌક્તિકહાર ધારણ કરવાથી સહૃદય દર્શકગણ (પ્રેક્ષકો)માં ચિત્તવિભ્રમ ઉપજાવી શકાય છે એમ પણ કહ્યું છે. વળી કહ્યું છે કે સુલક્ષણયુક્ત શરીર, પદ્મતુલ્ય રકત કોમલ હસ્ત-ચરણ-તલ (કમળના જેવી લાલીવાળી હથેળી તથા પાનીઓ), કુસુમશોભિત મૃદુલ વેણીરચના (ચોટલો), સલજ્જ મૃદુ વાણી, મૃગતુલ્ય સ-લીલ ગતિ, લાસ્યબહુલ તનુભંગિમા (કોમલ મધુર શરીરલંગી) તથા હાવભાવ વગેરેનું મનોહારિત્વ વગેરે ગુણોથી રંભા, તિલોત્તમા, મેનકા, ઉર્વશી આદિ દેવાંગનાઓ તુલ્ય ખ્યાતિ મેળવી શકાય છે.

અલંકરણ: નર્તકીનાં અલંકરણ તથા વસ્ત્રપરિધાનનું વર્ણન આ પ્રમાણે આપ્યું છે: મસ્તકે પુષ્પની માળા, મુક્તાજાલથી શોભતી વિલંબિત સરલા વેણી, લલાટમાં કસ્તુરી-ચંદન, ગાલમાં પત્રલેખા, રત્નથી સુશોભિત અલકાગુચ્છ (લટોનો ગુચ્છ), નેત્રમાં સૂક્ષ્મ અંજનરેખા, કર્ણમાં સમુજ્જ્વલ વલયકુંડળ અથવા તાલપત્ર, કંઠમાં તારાહાર, મુક્તાહાર-મંડિત સ્તન-યુગલ, કાંડાંમાં રત્નજડિત સુવર્ણકંકણ તથા આંગળીઓમાં માણેક અને નીલમથી શોભતી હીરક મુદ્રિકાઓ (વીંટીઓ) ઇત્યાદિ.

યૌવન-ભેદ : નર્તકીના, તેના યૌવન અનુસાર મુગ્ધ, મધ્ય તથા પ્રગલ્ભ એવા ત્રણ ભેદ પાડેલા છે. ત્રણ પ્રકારનાં યૌવન તથા તેનાં લક્ષણો તો આપણે આગળ જોઈ ગયા છીએ. 'મુગ્ધા' નર્તકી પ્રથમ-યૌવનમાં હોય છે, 'મધ્યા' નર્તકી દ્વિતીય-યૌવનમાં હોય છે તથા 'પ્રગલ્ભ' નર્તકી તૃતીય-યૌવનમાં હોય છે.

વયની આ રીતની ન્યૂનાધિકતા અનુસાર નર્તકીના 'બાલા', (કિશોરી), 'તરુણી' તથા 'યૌવના' એવા પણ ત્રણ ભેદ છે. કેટલાકના મત અનુસાર આ તથા ઉપરના ભેદો એક જ છે, માત્ર નામોનો જ ફેર છે.

પાત્ર-પ્રાણ : નર્તક તથા નર્તકીના ઉપર જોયા તે સિવાયના કેટલાક ખાસ ગુણ પણ શાસ્ત્રમાં દર્શાવેલા છે. તે 'પાત્ર' અર્થાત 'નર્તક યા નર્તકી'ના પ્રાણ રૂપ હોવાથી તેને 'પાત્ર-પ્રાણ' નામ આપેલું છે. આ ગુણો બે પ્રકારના છે: અન્તઃપ્રાણ તથા બહિર્પ્રાણ.

અંતઃપ્રાણ: અંતરંગ કે આંતરિક ગુણવિશેષને અન્તઃપ્રાણ કહે છે. તે આટલા છે: વેગ, સ્થિરતા, રેખા, ભ્રમરી, દૃષ્ટિ, શ્રમઅભાવ, મેધા, શ્રદ્ધા, વાકય તથા ગીત. તેની સમજણ આ પ્રમાણે છે:

વેગ એટલે ત્વરા કે ઝડપ. કેટલાંક શાસ્ત્રોમાં આની જગ્યાએ 'જવ' નામનો ગુણ પણ જણાવેલો છે. પરંતુ વસ્તુતઃ આ બન્ને ગુણો એકજ કે એક સમાન છે, કારણ કે 'જવ'માં પણ ચપળતા વગેરે ગુણોનો જ સમાવેશ થાય છે.

સ્થિરતા—અ-સ્ખલનપણું.

રેખા-સ્વ૦ આનંદ કુમારસ્વામીએ તેનો અર્થ 'અંગસૌષ્ઠવ' કે Semmetry કર્યો છે, પરંતુ શાસ્ત્રમાં તેનો અર્થ બીજો કરેલો છે. તે મુજબ 'મસ્તક નેત્ર તથા હસ્તની મિલાવટથી ઉત્પન્ન થતી નયન મનોહર સંસ્થિતિ'ને રેખા કહે છે.

ભ્રમરી-મંડલ આકારે (ગોળાકારે) અંગ-પરિભ્રમણ કરવું તે.

અશ્રમ-થાક ન લાગવો તે.

દૃષ્ટિ-રસ કે ભાવયુક્ત નજર.

મેધા-સ્મૃતિ કે બુદ્ધિની ધારણ શક્તિ.

શ્રદ્ધા-શાસ્ત્રમાં કહેલી વિધિ, ગુરુ તથા પોતા પ્રત્યેનો દૃઢવિશ્વાસ.

વાકય-પરિશુદ્ધ તથા સ્પષ્ટ વાકયોચ્ચારણ.

ગીત-અસાધારણ ગાનશક્તિ.

આ ગુણો સિવાય પાત્રપદ જાળવી રાખવું શાસ્ત્રમાં મુશ્કેલ કહ્યું છે.

બહિર્પ્રાણ: નર્તનને અનુષંગી નર્તકનાં બાહ્ય ગુણ-સાધનોને બહિર્પ્રાણ કહે છે: જેમકે તાલ, સ્વર, વાદ્યકાર, ગાયક તથા કિંકિણી.

વાદ્યકાર-પટહ, શ્રુતિ, બીના વગેરે વાદ્યો વગાડનાર.

કિંકિણી-નૂપુર કે ઘૂઘરાને કિંકિણી કહે છે. તેનાં લક્ષણો જણાવતાં કહેલું છે કે તે સુસ્વર (સુરીલાં-મધુર રણકારવાળાં), સુરૂપ (ઘાટીલાં), સૂક્ષ્માકૃતિ (નાના કદનાં) તથા કાસ્યનિર્મિત (કાંસાની બનાવટનાં) હોવાં જોઇએ. વળી તેની સંખ્યા તથા તે બાંધવાની રીત જેવી સૂક્ષ્માતિસૂક્ષ્મ વિગતો પણ શાસ્ત્રમાં જણાવેલી છે. તે એક એક આંગળીને અંતરે, નીલ સૂત્ર (ભૂરા દોરા)થી, સો સોની સંખ્યામાં, બાંધવાનું જણાવ્યું છે. વળી શાસ્ત્રમાં નક્ષત્રસમૂહ (તારકવૃન્દ)ને આ કિંકિણીઓના દેવતા તરીકે જણાવેલા છે. તે શા કારણથી તે સ્પષ્ટ નથી, પરંતુ કિંકિણીઓ તથા નક્ષત્રસમૂહમાં અમુક સામ્ય રહેલું ગણીને શાસ્ત્રકારોએ આવો યોગ સાધ્યો હોય એમ જણાય છે. તેની પાછળ તેના આકારનો તથા કદાચ કિંકિણીઓ નક્ષત્રોના જેવી સમુજ્જ્વલ તથા ચમકારવાળી હોવી જોઇએ તેવો સંકેત પણ હોય.

વર્જનીય પાત્ર : 'અભિનય-દર્પણ' ગ્રંથમાં (અનુ. પૃ. ૩૩૩મે)

પચ્ચીસ વર્ષ પહેલાં

કુમાર

અંક ૧૧ · કારતક ૧૯૮૧ (નવેમ્બર ૧૯૨૪)

'નવા વરસે તારા કોડ પૂરા થાઓ. તારી બુદ્ધિમાં નમ્રતા, લાગણીમાં વિવેક, વિદ્યામાં ડહાપણ અને કર્મમાં કલ્યાણ પ્રકટો. આરંભ એવો કર કે અંત શુભ આવે.'—એવા આશીર્વચન સાથે ઊઘડતા, પચ્ચીસ વરસ પહેલાંના, 'કુમાર'ના ૧૧મા અંકમાં તેની નિયમિત સ્વસ્થતાથી રાખેલા મુજબનાં અંગો ઉઠાવ પકડે છે. એ પૈકી સ્વ. નવલરામ જગન્નાથ ત્રિવેદીએ લખેલાં કવિ બોટાદકરનાં સંસ્મરણોમાંથી એકાદ બે તારવીએ :

"સંવત ૧૯૭૪ના ઉનાળામાં મારા મિત્ર અમૃતલાલ દાણીના લગ્ન પ્રસંગે હું બોટાદ ગયો હતો. 'કલ્લોલિની' આ પહેલાં મેં વાંચેલી તેના લેખક કવિ 'દામોદર શા' ભાઈ દાણીનાં પત્નીના મામા થાય છે એ વાત જાણતાં તેમની સાથે હું કવિને મળવા ગયો. લાકડાની અનેક ચીપોનાં થીંગડાં મારેલાં, તૂટુંતૂટું થતાં કમાડવાળી નીચી ખડકીમાં થઇ, અમે ડેલી ઉપરના મેડે ચડયા. મેડો વાંસનો બાંધેલો હોઈ નીચો અને જર્જરિત માળણવાળો હતો. જૂનાં ફાટેલાં ગોદડાંના ડામચિયા પાસે કવિ બેઠા હતા. કવિનું વય તે સમયે ૪૭ વર્ષનું હતું. તેમના મોં પર ઘડપણની કરચલી દેખાતી હતી. વાળ સફેદ થયા હતા તથા આંખો ધુમાડાયલા જેવી અને પાણી ઝરતી હતી. શરીર સુકલકડી, ડાચાં બેસી ગએલાં, ને અવાજ ખોખરો—એવા એ કવિનું પ્રથમ દર્શન મારી યાદદાસ્તમાં સજ્જડ ચોંટી ગયું છે. ભાઈ દાણી જોડે કેટલીક કુટુંબકથા દુઃખદ સ્વરે અને પ્રસંગોપાત્ત ઉત્તેજિત થઇને કર્યા પછી મારી ઓળખાણ જાણી લઇ મને પૂછ્યું, 'કેમ આવ્યા છો?' મેં કહ્યું, 'કલ્લોલિની લેવા.' એક ભાંગેલા કબાટ જેવું કાંઇક પડયું હતું તેમાંથી 'કલ્લોલિની'ની એક નકલ તેમણે મને કાઢી આપી. મેં પૈસા આપવા માંડયા તો કહે, 'એ ન બને. તમે અમૃતલાલની સાથે આવ્યા, મારી સાથે ઓળખાણ કરી, હવે પૈસા લેવાય જ નહિ. લાવો નામ લખી આપું.' એમ કહી પોતાનું નામ લખી મને પુસ્તક ભેટ દીધું.

સંવત ૧૯૭૫ના ઉનાળામાં કવિ સાથે ભાવનગરમાં ફરી મેળાપ થયો. આ વેળા બોટાદની પાસેના સમઢીઆળા નામના નાના ગામમાં બારેક રૂપિયાના પગારથી એ શિક્ષક હતા. આવી કફોડી આર્થિક સ્થિતિમાં જરા રાહત મેળવવા માટે કોઈ ઉપાય શોધવાનું કવિને સૂઝ્યું. તે સમયે ભાવનગરમાં મોટી વયની જૈન સ્ત્રીઓ માટે એક શાળા કાઢવામાં આવી હતી. તેના શિક્ષક તરીકે કેટલાક મિત્રોની ભલામણ પરથી તે રહ્યા હતા. અહીં કવિની આંખે પરવાળાં આવતાં હતાં, તબિયત પણ સારી ન હતી, તેમજ તેમને મળેલ કામ પણ અનુકૂળ પડયું નહિ. ઘણીખરી બાઇઓ મોટી ઉમરની—વૃદ્ધ ગણાય તેવડી હતી. જેવું કામ હતું તેવું જ તેમનું ભાવનગરનું રહેઠાણ હતું. એક ગંદા લત્તામાં તદ્દન અંધારિયા મેડા પર તે રહેતા હતા. અહીં થોડો સમય રહી તે સમઢીઆળે પાછા ફર્યા.

કવિના ભાવનગર જવાનો ઉપલો પ્રસંગ લખતાં, તેમણે ગુજરાનનું સાધન મેળવવા માટે કરેલા અનેક પ્રયત્નો તથા યોજનાઓની ગમગીન યાદ આવે છે. વૈદ્યનું, વૈષ્ણવ મહારાજના મંત્રી તરીકેનું તથા ખેડૂતનું જીવન પણ તેમણે જુદેજુદે સમયે અનુભવ્યું હતું. પણ એકેમાં તે ફળીભૂત થયા ન હતા.

સંવત ૧૯૬૯માં તેમની બદલી લાખેણી ગામે થઇ. અહીં તેમણે એક મોટી નોટ બાંધી, અને તેમાં વિધવિધ ૫૦-૭૫ ધંધા કેમ, કયાં કેટલાં સાધનોથી, કઇ મોટી પેઢી સાથે થઈ શકે તેની ધંધાવાર નોંધ સુંદર અક્ષરે કરી. એ નોટના પૂઠા ઉપર નામ લખ્યું છે :'उद्योग माला'. તેમાં ઘણા ધંધાનાં નામ છે. જેવા કે તમાકુનો વેપાર, આપટાનાં પાન, સરસીઉં તેલ, વસાણાની મોટી દુકાન, ઘીની દુકાન, ગ્યાસતેલની એજન્સી, તૈયાર રૂનો વેપાર, રાણપુરમાં કંત્રાટી, રૂ, કપાસીઆ વગેરેના વાયદાનો વેપાર વગેરે. આ બધી ટીપ ચાલે છે તેમાં વળી એક પાનું આવે છે કે 'કલ્લોલિની' સ્ટેટો-બુકસેલરોને મોકલવી; અમુક ખાતામાં અરજી કરી ઇનામ-લાયબ્રેરીની મંજૂરી માટે મોકલવી. વળી પાછું ઑઈલએન્જિન આદિથી 'ઉદ્યોગમાળા' શરૂ થાય છે. 'વીશી અને હૉટેલ' કેમ કરવી તેની માહિતી પણ ટીપમાં છે. શાકભાજીની આડત પણ વિચારવી રહી ગઈ નથી."

પાછળથી જેના વિકાસ રૂપે 'સરજનહારની સૃષ્ટિ' અને 'વનવગડાનાં વાસી'ની લોકપ્રિય લેખમાળાઓ પ્રકટી તે જળજંગલની જીવસૃષ્ટિનો પરિચય આપવાની પોતાની યોજના પણ 'કુમારે' પહેલા જ વર્ષથી અમલમાં મૂકી હતી. એ રીતે આ અંકમાં વનરાજ સિંહનો સાડા છ પાનાં ભરીને જે પરિચય આપવામાં આવ્યો છે તેને અંતે ઉતારેલો એક સાચો કિસ્સો ઉતારીએ :

રોઝા બૉનહર નામની એક ચિત્રકાર બાઇને જંગલી પ્રાણીઓ પાળવાનો બહુ શૉખ હતો. એક વખત તેણે 'નીરો' નામે વિકરાળ સિંહ ખરીદ્યો. લોકો કહેતા કે તે સિંહ બહુ ક્રૂર અને ન હળી શકે તેવો છે. પણ રોઝાએ પ્રેમ, માયાળુપણા ને નમ્રતાથી તેને કેળવ્યો.

રોઝા મુસાફરીએ જવા નીકળી ત્યારે તેણે તે સિંહ પારીસમાં જાર્ડિન નામના માણસને વેચ્યો. બે વર્ષ પછી તે પાછી આવી ત્યારે તેને માલૂમ પડયું કે નોકરોના જુલમ અને ક્રૂરતાથી તે સિંહ આંધળો થઈ ગયો હતો. રોઝા તે સિંહના પાંજરા પાસે ગઈ અને 'નીરો' કહીને હાંક મારી. આ શબ્દ સાંભળતાંવેંત જ તે બીમાર વનરાજ પીંજરાના સળિયા તરફ એટલા જોરથી પ્રેમપૂર્વક ધસ્યો કે તેનો ધક્કો લાગવાથી તે અથડાઇને પાછો પડયો, અને એક વિચિત્ર અવાજ કાઢી અધમૂઓ થઈ પડયો. જ્યારેજ્યારે રોઝા બહારથી આવતી ત્યારે તેને આવકાર આપવા તે આવો અવાજ કાઢતો.

સિંહની આ દશા જોઈ રોઝાને એટલી બધી લાગણી થઈ આવી કે તેણે તે પાછો ખરીદી લીધો. તે એને ઘેર જ મરણ પામ્યો. મરતી વેળા તેણે પોતાના પંજા પોતાની શેઠાણીના ખોળામાં મૂકયા હતા; કેમ જાણે દીનતાથી આજીજી કરતો ન હોય, કે મારો કદિ ત્યાગ ન કરશો.

રોઝા કહેતી કે વિશુદ્ધ નિર્મળ પ્રેમ ગમે તેવા ભયંકર જંગલી પ્રાણીને પણ વશ કરી શકે છે.

શ્રી ધૂમકેતુની 'ઈતિહાસદર્શન'ની માળામાંથી પણ એક ફકરો ટૂંકાવીને ઉતારવા જેવો છે:

સર હેન્રી લૉરેન્સ, જે '૫૭ના બળવામાં લખનૌમાં ખપી ગયો, તેણે 'ધ ગાઈડ્ઝ' કરીને ચુનંદા સૈનિકોની એક ખાસ ટુકડી બનાવી હતી. જેમ યૂરોપમાં નેપોલિયન બોનાપાર્ટ, 'ફ્રેન્ચ ગાર્ડ્ઝ' નામે અસલ ચૂંટી કાઢેલા નામચીન લડવૈયાઓની એક ટુકડી, અણીના વખતે કામ આવે તે માટે રાખતો તેમ. આ 'ગાર્ડ્ઝ' બીજા કોઈ નહિ પણ શીખો, પઠાણો ને રજપુતો હતા. ઇતિહાસ પરથી સિદ્ધ થયું છે કે માત્ર હિંદુસ્તાનમાં જ નહિ. પણ જ્યાં જ્યાં બ્રિટિશ સલ્તનત પોતાનો કાબુ જાળવી રહી છે ત્યાં ત્યાં સર્વ ઠેકાણે, તેનો પાયો બાંધવામાં આવા કનૈયા જેવા ચુનંદા શીખો, સાચા મુસલમાનો ને અણીશુદ્ધ રજપુતો જ હોમાઇ ગયા છે! એ સામ્રાજ્યની તસુ યે તસુ જમીન આ સૈનિકોના લોહીમાંથી જ પેદા થઇ છે.

અફઘાન લડાઈ શરુ થઈ તે પહેલાં એક વેળા ખબરઘાટમાંથી, 'ગાઇડ્ઝ' પસાર થવાના હતા. વાયવ્ય પ્રાંત છોડયા પછી જે પહાડી મુલક આવે છે તેમાં યુસફ્જી, આફરીદી વગેરે પહાડી જાતો વસે છે. આ 'ગાઇડ્ઝ'માં એક આફરીદી સિપાઈ પણ હતો આ સિપાઈનું ગામ લશ્કરના રસ્તામાં જ આવતું હતું! અને કદાચ તેને પોતાના જ ગામ પર—કે કદાચ પોતાના ઘર પર પણ—હુમલો કરવાનું આવે તેમ હતું! એ વિચારથી, આ જુવાન ચિંતાતુર રહેતો હતો.

એક વેળા આગળ જઇને ચોકી રાખવાનો તેનો વારો આવ્યો. તેની સાથે એક ગુરખો સિપાઈ પણ હતો. બંને જણા રાત્રિના ભયંકર અંધકારમાં એકલા ઊભાઊભા ડુંગરાઓની પરંપરા વચ્ચે, પાંદડું ખખડે તેની પણ ચોકસી કરતા ઊભા. ગુરખા સિપાઇએ પોતાની બંદૂક આ જુવાનને આપીને કહ્યું કે હું જરા તંબૂમાં જઈ આવું.

માણસ કોઈ ફરકતું હતું નહિ. રાત્રિ અંધારી ઘોર હતી. અચાનક જુવાનની નજર આગળ તેનું ઘર, તેનો દેશ, તેનાં ભાઇભાંડુ તરી આવ્યાં; તેની માતા કેટલા પ્યારથી તેને ફરીફરીને નીરખશે એ યાદ આવ્યું; તેના હ્રદયે જાણે ભારે બંડ ઉઠાવ્યું; અને અંતે તે બંને બંદૂકો સાથે પલાયન કરી ગયો!

તે વખતે 'ગાઈડ્ઝ'નો સરદાર જેન્કિન્સ હતો. તેને આ વાતની ખબર પડી કે તરત જ તે સિપાઇની જાતના જે સત્તર અઢાર આફરીદી જુવાનો પોતાની ટુકડીમાં હતા તે બધાને બોલાવી મંગાવ્યા; તેમનાં હથિયાર લઈ લીધાં; તેમના શરીર પર માત્ર લજ્જા ઢાંકવા પૂરતો કપડાનો એક ટુકડો જ રહેવા દીધો; ને પછી તેમને કહ્યું, 'તમે જ્યાં સુધી પેલી બે બંદુકો લાવી ન શકો ત્યાં સુધી તમને રજા છે! જાઓ, ત્યાં લગી મને તમારું મોં ફરીને બતાવશો નહિ!'

પણ આ પહાડી બચ્ચા તો ખરા વફાદાર હતા. લોહીનું ટીપેટીપું આપીને બદલામાં અનાજનો એક એક દાણો લેનારા હતા. બસ, તે તો ગયા તે ગયા. એ વાતને વરસ-બે વરસ વીતી ગયાં.

પેલા સિપાઇઓની જગ્યાઓ પણ પુરાઈ ગઇ, ને એ વાત પણ ભુલાઈ ગઈ. બે વર્ષ પછી, અચાનક એક દિવસે, આ સત્તરે બહાદુર પુરુષો હાજર થયા! તેમનાં મોં પરથી, જંગલેજંગલ ને પહાડેપહાડ રખડતાં નૂર ઊડી ગયું હતું; ચીંથરેહાલ દશામાં તેઓ હતા; ને બે વર્ષના રાત્રિદિવસના પરિશ્રમ ખેડીને સાહેબની બે બંદુકો તેઓ મેળવી લાવ્યા હતા! એ સત્તરે જુવાનોના ચહેરા પર જાણે એક ઇશ્વરી સંદેશ કોતરાઇ રહ્યો હતો: 'સાહેબ! આ તમારી બે બંદૂકો; અમે અમારી માની કૂખ ઉજાળી છે તેનું આ દૃષ્ટાંત!'

અને આ સત્તર જુવાનો ફરી નોકરીમાં રહ્યા. આવા આવા હિંદી જુવાનોએ જ ૧૮૫૭નો બળવો ને ચિત્રાલનું યુદ્ધ, અફઘાન લડાઇ ને શીખ લડાઇ, એ બધામાં બ્રિટિશ સરકારની આબરૂ જાળવી હતી!

સૌરાષ્ટ્ર ગુજરાતથી કદિ અલગ ન હતું, પણ વચગાળાના અંધકાર યુગમાં 'કાઠિયાવાડ' નામથી તેનું જે વિભિન્ન વ્યક્તિત્વ ગણાવા માંડ્યું તેની પાછળની વિશિષ્ટ 'સોરઠી સંસ્કૃતિ'ની અસલી સરવાણીનું જે આલેખન આ અંકની 'માધુકરી'માં, એ કાળે નવા નીકળેલા તેજસ્વી ત્રૈમાસિક 'કૌમુદી'માંથી ઉતાર્યું છે, તે પરથી એના લેખક કોણ હશે તેની આજે તો સહેજે કલ્પના થઈ શકે એવી છે:

"સૌરાષ્ટ્ર નામનો ટાપુ એક વખત હિંદને તીરે તરતો હતો. સમુદ્રનાં આસમાની મોજાં એને હાથેપગે ચોગમ રત્નાલંકારો સજતાં હતાં. કુદરત એના હૈયા પર બેસીને પાંચકુકા રમતી હતી.

એક દિવસ કુદરતે સૌરાષ્ટ્ર ને ગુજરાત વચ્ચે સેતુ બાંધી દીધો. સમુદ્ર શોષીને સિંધ કચ્છને સૌરાષ્ટ્રની સહેલગાહે જવાના માર્ગો ખુલ્લા કરી દીધા. દશે દિશામાંથી અહીં ઘણા વિજેતાઓ આવ્યા. આવીને તલવારો આ ભૂમિને ચરણે ધરી દીધી. મુગ્ધ બનીને અહીં ઠર્યા. પોતપોતાની સંસ્કૃતિની ભેટ અહીં ધરી દીધી. એ નોખનોખી હીર-દોરીઓને ગૂંથીને સૌરાષ્ટ્રે પોતાની એક નવીન સંસ્કૃતિ રચી.

ચોરાઓ: ઠાકરદુવારાઓ: સંધ્યાની આરતી: કોઇ રડચોખડચો કોઠો: પ્રેમમાંથી વિવેકમાં પલટીને પણ સજીવન રહેલી સોરઠી મહેમાનદારી: ગામડાંને પાદર ઊઘલતી જાન: ઘુમટામાં આંસુ સારતી 'પ્યારી લાડી'નું ઘૂઘરીઆળું વેલડું: ઘોડે બેઠેલો કિનખાબની આંગડીવાળો 'વર લાડો': શરણાઈના શોર: બંદુકદાર વોળાવીઆ અને ઘોડાંની નૃત્યરમતો:–એ અમારી જૂની સંસ્કૃતિના સ્તંભો છે. એમાંથી સાહિત્ય જન્મ્યું છે. કાઠી-રજપુત દરબારોની માનવસૂની ડેલીઓ: રૂપેરી હોકાઓ: કસુંબાની મેલી પ્યાલીઓ: બથ કરીને ભેટવાના રિવાજો: મૂછોના થોભા અને રાતીચોળ આંખો: રડચાંખડચાં સારાં ઘોડાં ને રડચાખડચા બહારવટિયાની પવિત્ર નીતિરીતિ: અને એને પાણી ચઢાવતા રડચાખડચા ચારણો:એ બધાંમાં એક વખત અમારી સંસ્કૃતિનો આત્મા ટહુકતો હતો. યુદ્ધનાં ધમસાણો, લૂંટફાટો, અપહરણો અને લોહીની ધારાઓમાં જેટલું હિંસાનું તત્ત્વ હતું, લોહીની ઘાતકી પિપાસા અને હત્યાકારી દ્વેષ હતાં. તેથી સાતગણાં વીરતાના ખેલ કરવાના કોડ, વીરત્વ પ્રત્યે ભક્તિ, માન ને પ્રશંસા હતાં.

કાઠી રજપુત અને ચારણ, આયર રબારી અને ભરવાડ, એવાં કાંટિયાં વર્ણો આ સંસ્કૃતિનાં સરજનહાર હતાં. શિષ્ટ વર્ણોની નિર્બળતાઓ ને કૃત્રિમતાઓ એમનામાં નહોતી. છતાં રસિકતા, ઇન્દ્રિયનિગ્રહ ને બિરદપ્રતિપાલન ઉચ્ચ હતાં. શૌર્ય વિના સ્નેહ નહોતો; સ્નેહથી જુદી ભક્તિ ન સંભવતી. લુટારાના અંતરમાં પણ ભક્તિ વહેતી.

કલ્પનાથી ઘેરાતાં એ માનવીઓનાં લોચન હતાં. વીરપૂજા ને સૌંદર્યપૂજા, સ્નેહપૂજા ને અતિથિપૂજા, સત્યપૂજા ને ટેકપૂજા, એ એમની પૂજાઓ હતી. વાસ્તવિક એ બધાં એક જ સંસ્કારનાં–એક જ હીરાનાં જુદાંજુદાં પાસાં હતાં; એક જ રસ જુદીજુદી ચીરાડોમાંથી ટપકતો, નોખનોખાં ઝરણ વહાવતો ને સમયધર્મનાં નોખનોખાં કિરણો વડે છવાઇને નોખનોખા રંગો ધારણ કરતો. એ સંસ્કાર, એ હીરો, એ રસ કયો? ક્ષત્રિવટ. એ એક જ સંસ્કૃતિના ગર્ભમાંથી ભક્તો, વીરો, દાતાઓ ને પ્રેમિકો જન્મ્યા."

રામસ્વામીનું રત્ન (અનુસંધાન પૃષ્ઠ ૩૨૭થી ચાલુ)

ફરીથી અમે અલકમલકની વાતો કરી; મેં એકબે વસ્તુઓ ખરીદ કરી અને મારો આભાર માનીને એ ગયો. એના ગયા પછી મને વિચાર થયો કે રામસ્વામી ઝવેરી તરીકે સુવિખ્યાત હોવા છતાં એમાંથી એકે વખત એણે મને ઝવેરાત તો બતાવ્યું જ નહિ. મને એ વિચિત્ર લાગ્યું. કદાચ એને એમ પણ લાગ્યું હોય કે એવું મોંઘું ઝવેરાત ખરીદવાનું મારા જેવા સામાન્ય માણસનું ગજું નહિ હોય.

'ઑથેલો' પરનો તમામ માલ હવે બંદરમાં ઊતરી ચૂક્યો હતો અને જહાજ પર ચાલતી વાતો પ્રમાણે કદાચ આવતા બુધવારે અમારે પાછા સ્વદેશ હંકારી જવાનું થાય તેમ હતું. પેલા ઠીંગણા હિંદવી ઝવેરીને બંદર પરની નાનીમોટી તમામ બાતમીઓ મળી રહેતી, તેથી આ વાતની યે તેને ખબર હોવી જોઈએ. એટલે જ મંગળવારે બપોરના ખાણા બાદ થોડી વારે જ મારા બારણે જરા સંકોચભર્યા ટકોરા પડતા મેં સાંભળ્યા. એ જ સ્વચ્છ કપડાં અને સુઘડ વાળવાળો રામસ્વામી મારી કૅબિનમાં પ્રવેશ્યો. તેણે કહ્યું: 'આપને છૂટા પડતી વખતના નમસ્કાર કરવા, અને જતાં પહેલાં મારી પાસેથી આપને કાંઇ ખરીદવું હોય તો જાણવા આવ્યો છું.'

'ખરીદવું હતું તે મેં ખરીદી લીધું છે અને હવે કશું ખરીદવાની મારી વૃત્તિ નથી', એવું મેં કહેવા છતાં પણ તેણે પોતાનાં પોટલાં છોડીને અંદરનો માલ બહાર કાઢવા માંડ્યો: અને એ જ અબનુસના હાથી, તાંબાપિત્તળનાં વાસણ વગેરે માલ તેણે બેઠક ઉપર ગોઠવ્યો. મેં હાથ વતી બધું ઉશેટી નાખી ફરી કહ્યું કે મારે હવે કાંઇ ખરીદવું નથી.

જરાયે માઠું લગાડ્યા વિના તેણે સૌજન્યભર્યું મીઠું સ્મિત કર્યું ને કહ્યું: 'બહુ સારું, સાહેબ; મને એક નોટપેપર આપશો જરા ?'

મને એની માગણી વિલક્ષણ લાગી, એક વિપળ શૂન્ય મનસ્ક હું એમની તરફ તાકી રહ્યો. પછી મેં કાગળનું 'પૅડ' લઇ તેમાંથી એક પાનું ફાડીને આપ્યું. રામસ્વામીએ પછી પોતાનાં કપડાંમાંથી કશેકથી ચાર નાનકડાં ચૉરસ પડીકાં કાઢ્યાં. તેમાંથી ત્રણ પડીકાં એણે મારા ટેબલ ઉપર મૂક્યાં અને ચોથું એ ઉઘાડવા લાગ્યો. મેં જોયું કે એનું પરબીડિયું સાવ ફાટી ગયું હતું એટલે તરત તેમાંની વસ્તુઓ હળવે લઇને એણે કાગળ ઉપર ઠાલવી: લગભગ સોએક નાના હીરા હશે એ! મારી તરફ પીઠ કરીને રામસ્વામી બેઠક પર એ કાગળ મૂકી તેમાં હીરા ગોઠવીને એનું પડીકું વાળવા માંડ્યો. તે એ કામમાં મશગૂલ હતો એ દરમ્યાન મારા ટેબલ પર પડેલાં બાકીનાં પડીકામાં શું છે તે જાણવાની ઉત્સુકતાથી મેં એક પડીકું હાથમાં લઇ જોવા માંડ્યું. તેમાં ત્રણ ઓપલ રત્નો હતાં.* મારી બિનઅનુભવી આંખને એ અતિ મૂલ્યવાન લાગ્યાં અને એમાંનું એક બ્લ્યુ નંગ તો મને ઘણું જ ગમી ગયું. જમરૂખ આકારનું ને એક છેડે અણીદાર એ નંગ, કાનના એરિંગ માટે જ જાણે ખાસ તૈયાર કરાવ્યું હોય તેવું હતું. એનો પ્રકાશ તો જળાહળાં થતો હતો. હું એને ધારીધારીને જોઈ રહ્યો, ને જેમ તેને વિશેષ જોતો ગયો તેમ એનો મોહ મને આકર્ષવા લાગ્યો. કોઈ અનઅનુભૂત લાગણી હૈયામાં સળવળી ગઇ. 'આ નંગ હાથ લાગે તો કેવું!' એવા વિચારે હું ડોલી રહ્યો. 'કેવું અનુપમ છે! ગમે તેમ થાય તો પણ આ તો મારે લેવું જ' એવો નિર્ધાર થઈ ગયો. પણ એને ખરીદવા જેટલી મારી આર્થિક શક્તિ નહોતી!

એકાએક અણકલ્પ્યો વિચાર વીજળીવેગે માથાને ઘેરી રહ્યો. લાલસાનું બળ નીતિની ભાવનાઓને ધક્કો મારીને ઉપર તરી આવ્યું. એની સામે ટકવા જેટલી તાકાત ન રહી. લાલચે મને ઘેરી લીધો. કહેતાં મને શરમ આવે છે, પણ—જીવનમાં પહેલી ને છેલ્લી વખત—એ નંગ ચોરી લેવાનો અધમ નિર્ણય મેં કરી નાખ્યો! મને સૂઝી આવ્યું કે પડીકાને સહેજ નમાવતાં, એ નંગ જરા યે ખડખડાટ વિના, બાજુમાં ખુલ્લા પડેલા માસિકનાં પાનાંમાં સરકી આવશે. તસ્કરની સિફતથી મેં રામસ્વામી તરફ દૃષ્ટિ ફેંકી. હજુય એની પીઠ મારી તરફ જ હતી, અને પેલું હીરાનું પડીકું સજ્જડ વાળવામાં એ ધ્યાનમગ્ન હતો અને મારી હીલચાલથી તદ્દન અજ્ઞાત હતો.

ધીરે રહીને મેં પડીકું નમાવ્યું અને જમરૂખ આકારનું એ નંગ સરકીને માસિકનાં ખુલ્લાં પાનાંમાં પડ્યું. પછી, જાણે કશું ય બન્યું ન હોય તેવા ભાવથી, મેં એ પડીકું બીજાં પડીકાંની ભેગું ગોઠવી દીધું. માત્ર ગણત્રીની ક્ષણોમાં જ આ બની ગયું, પણ મારે મન તો તે ક્ષણો યુગો જેટલી લાંબી બની ગઈ હતી!

મારું ગુનેગાર દિલ ખૂબ ડંખી રહ્યું હતું. તેથી મારું અંગ જરાક ધ્રૂજી ઊઠ્યું, પણ રામસ્વામી તરફ જોતાં તેને તો નીચો વળીને કામમાં એવો મશગૂલ જોયો કે એણે કશું જ જોયું ન હોવાની મારી ખાતરી થઇ ને મારા મનને શાતા વળી. હીરાનું પડીકું સારીરીતે વાળી લઇને ઊઠ્યો, ને બાકીનાં પડીકાં લઈને ચારેને યથાસ્થને ગોઠવી દીધાં. તે પછી બીજી ચીજવસ્તુઓ એકઠી કરી, એનું હમેશનું સ્મિત ચિમકાવતાં તેણે મને શુભેચ્છાઓપૂર્વક છેલ્લા નમસ્કાર કર્યા.

એને જતો જોઇને મારો જીવ જરા હેઠો બેઠો. પણ બીજે દિવસે સવારે અમારા જહાજે લંગર ઊંચક્યું ને અમે મુંબઇનું બારું છોડ્યું ત્યાં સુધી મારા દિલના ગભરાટ અને અશાંતિથી ચિત્તને થતા ચટકા તો ચાલુ જ રહ્યા. પછી, જોકે હું ચોર બન્યો છું એનું ભાન મને સતત હોવા છતાં, 'ઑથેલો' મુંબઇથી દૂર નીકળી ગયું તે પછી જ મારા મનને શાતા વળી. રામસ્વામીના ગયા પછી સલામતીની ખાતર મેં એને બુટપૉલિશની દાબડીમાં છુપાવ્યું હતું ત્યાંથી બહાર કાઢી, ધોઇ, સાફ કરીને હવે જોવા માંડ્યું. એનું પાણીદાર તેજ જેમજેમ હું જોતો હતો તેમતેમ મને તેનો મોહ વધતો હતો. કેટલું સુંદર એ નંગ હતું? ઈંગ્લંડ પહોંચતાં અમને જે સાત અઠવાડિયાં થયાં તે દરમિયાન નિશદિન હું એનું નિરીક્ષણ કર્યા જ કરતો હતો. એણે જાણે મને ભૂરકી નાખી હતી.

આમારી સફર જોકે આનન્દદાયક હતી. તેમ છતાં વતનમાં પાછા આવ્યાથી મને થએલો ઉલ્લાસ તો કંઈ ઓર જ હતો! ઈંગ્લાંડના જે પરગણામાં હું રહેતો હતો તેની શાંતિ અને અચલ માધુર્ય બીજી કોઈ પરભોમમાં શોધ્યાં લાધે તેમ ન હતાં. તેમાં યે વળી મારી માતા અને બહેનોએ આ લાંબા વિયોગને અંતે કરેલા ઊમળકાભર્યા સ્વાગતનો આનંદ નિરવધિ હતો.

મિલનના આનંદની ઉત્કટતા જરા શમી અને હું ઠરીઠામ થયો એટલે સફરોમાં આણેલી અજાયબીભરી ચીજવસ્તુઓવાળી પેટીઓ મેં ઉઘાડી. પેલું નંગ, રેશમી કાપડનો એક તાકો ને કેટલાંક કલામય વાસણો મેં બાને આપ્યાં. બહેનો માટે એમને મનગમતી ચીજ વસ્તુઓ હતી. એ સૌ બેહદ ખુશ થયાં; જોકે બાએ નંગ હાથમાં લીધું ત્યારે જ શંકા દર્શાવેલી કે ભાઈ, આવાં નંગ ઘણીવાર અપશુકનિ-

---

* 'ઓપલ' મોટે ભાગે સીલોનમાં નીકળે છે. તેની વિશેષતા તેમાંની રંગલીલામાં રહેલી છે. સાધારણ રીતે તે સફેદ અથવા દૂધિયા રંગનાં હોય છે અને તેમાં સોનેરી તેમજ અન્ય રંગના વરખની ઝાંય જેવા સુંદર રંગો દેખાય છે, અને તે બહુ જ આકર્ષક લાગે છે. ઘણી વખત તેમાં સંધ્યાના રંગો જેવા રંગો પણ હોય છે. બ્લ્યુ—એટલે કે આકાશવર્ણી ભૂરા રંગનું ઓપલ હોય અને તેમાં ઉપર વર્ણવેલી વિવિધ રંગોની ઝાંય દેખાતી હોય તે ઉચ્ચ કોટિનું ગણાય છે.

ચાળ હોય છે. પણ મેં કહેલું કે 'આ, એ તો બધા મિથ્યા વહેમ છે, એવી વાતમાં કશો માલ નથી.' અને બાને તેથી સંતોષ થએલો.

પણ બે જ દિવસ પછી બાનાં વેણ યાદ કરવાનો વખત આવ્યો. રામસ્વામીનો તાર આવ્યો:'સાહેબને સબહુમાન વિનતિ કે મારું ઓપલ વળતી જ ટપાલે પાછું મોકલશો; નહિતર તમારા પર આપત્તિ ઊતરશે.' નીચે ' કે. રામસ્વામી'ની સહી અને એનું સરનામું હતું.

સામાન્ય પરિસ્થિતિમાં તો મને એના તારની અણઘડ ભાષાથી હસવું જ આવ્યું હોત. પણ ખરી વસ્તુસ્થિતિ હું જાણતો હોવાથી એ વાંચતાં જ હું ભયથી ધ્રૂજી ઊઠયો. એ નંગ મેં જ ચોર્યું હતું એ તેણે કેમ જાણ્યું ? જોકે મારા દિલમાં ખાતરી હતી કે તેણે કેવળ અટકળ જ કરી હોવી જોઈએ, કેમકે મને એ નંગ ચોરતાં એ જુએ તે તો તે વખતે શકય જ ન હતું. ગમે તેમ, પણ હવે હું તેને એ પાછું યે કેમ કરીને મોકલી શકું ? આ બધી વાતનો ખુલાસો બા સમક્ષ કરી દઉં ? પણ એ વિચારમાત્રથી જ હું ભયથી કંપી રહ્યો. મારી ગૂંચવણનો પાર ન રહ્યો. અને એમાંથી રસ્તો કાઢવા જેમ જેમ હું મથતો ગયો તેમતેમ એક જ નિર્ણય થતો ગયો : હવે એ નંગ પાછું વાળવાનું તો બની જ શકે તેમ નહોતું રહ્યું; હવે તો 'સસ્સે કે તિન પાઉં' કરીને નન્નો જ પકડી રાખવો મુનાસબ હતું. જોકે મને ઘણું યે થયું કે એ કમબખ્ત ચીજ મારી નજરે જ ન પડી હોત તો સારું હતું. હવે શું થાય ? ધનુષ્યમાંથી બાણ છૂટી ગયું હતું.

વળતી સવારે ખૂબ વિચારને અંતે મેં રામસ્વામીને તારથી જવાબ મોકલ્યો: 'દિલગીર. કાંઇ સમજી શકાતું નથી. ઓપલ મારી પાસે નથી. તમારી ગલતી થાપ થાય છે.' એની વળતી પડપૂછ કાંઇ આવી નહિ, તેથી મારા જીવને ભારે નીરાંત વળી.

ત્યાર બાદ થોડા સમય પછી વળી પાછું અમારે મિસર, મુંબઇ ને દૂર પૂર્વની સફરે જવાનું થયું, પણ આ વખતે એ રંગભરી સફરમાં મને બહુ જ ઓછો ઊમળકો રહ્યો. મારું ગુનાહિત દિલ ડંખી રહ્યું હતું ને ફરી એ ઝવેરીને મળવાનું આવશે એ વિચારે જીવ બળ્યા કરતો હતો; સિવાય કે હું એને નહિ જ મળવાની કાંઇક હિકમત શોધી કાઢું. પણ તો તો ઉલટું એનું નંગ ચોરનાર હું જ છું એ શંકા પાકી થાય. આમ, ચિંતાથી હું ખૂબ વ્યગ્ર થઇ ગયો. મારા એ હતોત્સાહને ખંખેરી નાખવા બને તેટલા ઉધામા મેં કર્યાં, પણ વ્યર્થ.

અમારી સફર અગાઉની જેમ ઍલેક્ઝાન્ડ્રિયા, પોર્ટ સૈયદ, સુએજ, એડન અને પછી હિંદી મહાસાગર થઈ મુંબઈ એમ બંદરો કરતી રહી પૂર્વના દેશોનાં જે વિધવિધ રંગી ચિત્તહર દૃશ્યો જોતાં અગાઉ મારું રોમરોમ પુલકિત બની ઊઠતું તે જ દૃશ્યોથી આ વખતે મારા મનને કશો મોહ થયો નહિ. આખી સફર દરમિયાન મને રામસ્વામીના જ વિચાર સતત આવ્યા કર્યા: એને મારે મોઢામોઢ મળવું પડશે, એના બધા આક્ષેપોને ઉપાલંભો સાંભળીને સાંખી લેવા પડશે, એ સિવાય બીજા કશા વિચાર જ હૈયામાં ઊગતા નહોતા.

આખરે અમારા જહાજે મુંબઇના કિનારે લંગર નાખ્યું, ત્યારે જૂનનો ઉનાળો વાતાવરણને અકળાવી રહ્યો હતો. કૅબિનની અંદર ઉકળાટથી હું ગૂંગળાઇ રહ્યો હતો, છતાં, જહાજ બારામાં ગોઠવાઇ ગયા પછી ય કલાકો સુધી હું બહાર નીકળવાની હામ ભીડી શકયો નહિ ! રખે પેલા સ્વચ્છ ઠીંગણા ઝવેરીનો ભેટો થઇ જાય એ ભય મને ગભરાવી રહ્યો હતો ! પણ મારાથી કાંઈ ઓછું જ અનંત કાળ સુધી કૅબિનમાં પગ બાંધીને રહી શકાય ? રામસ્વામી મારી પહેલી તલાશ તો મારી કૅબિનમાં જ કરેને ? આથી હામ ભીડીને હું છેવટે બહાર નીકળી તૂતક પર ગયો. સુભાગ્યે ત્યાં ઝવેરીનું નામનિશાન જણાયું નહિ. બાકીનો દિવસ મેં આનંદમાં ગુજાર્યો. સાંજના પાંચ વાગ્યે તો રામસ્વામી કામકાજ બંધ કરી દે છે એ હું જાણતો હતો, એથી ત્યાર પછી તો એની મુલાકાતનો ભય ભાગી ગયો હતો.

પણ બીજે દિવસે સવારના પહોરમાં તો એ આવી પહોંચ્યો ! મારે બારણે ટકોરા પડતાં તે કોના હોવા જોઇએ એ હું સમજી ગયો. મને યાદ છે કે 'અંદર આવો' કહેતાં પણ મારો અવાજ જરા થોથરાએલો. તે અંદર આવ્યો. એને જોઈને હું અચંબાથી સ્તબ્ધ થઈ ગયો. એ છેક જ બદલાઇ ગયો હતો. અવ્યવસ્થિત વિખરાએલા વાળ, મેલાંદાટ કપડાં, અને જાણે મૃત્યુનો હાથ ફરી ગયો હોય તેવા ફિક્કા ચહેરામાં તગતગતી, અર્ધ દીવાના જેવી ઊંડી ઉતરી ગએલી આંખો ! એવો વિલક્ષણ દેખાવ જોઇને હું એવો તો ગભરાઇ ગયો કે ક્ષણભર મારી વિહ્વળતાને હું વિસરી ગયો ને હું બોલી ઊઠયો: 'અરે રામસ્વામી ! તમને આ શું થઈ ગયું છે ?!'

મારા પ્રશ્નની ઉપેક્ષા કરીને એ મારી સામે ફાટે ડોળે તાકી જ રહ્યો. પછી એ બોલ્યો : 'સાહેબ ! કૃપા કરીને મારું ઓપલ મને પાછું આપો. એ મારી વારસાગત સોગાદ છે. એના વિના મારાથી નહિ જ રહેવાય. એનો એવો પ્રભાવ છે કે જો એ નંગ ખોઈ બેસું તો મારા કુટુંબ ઉપર મહાન આફત તૂટી પડે. અને જે એને ખોટી રીતે દબાવી રાખે તેનું ય ખેદાનમેદાન થઈ જાય તેવું છે. એટલે, સાહેબ, હું તમારે પગે પડીને કહું છું કે, મને એ પાછું આપો !'

એના આ કાલાવાલાએ મારા હૈયામાં શૂળ ભોકયું. મને તે કયાં કમતડી થાઇ કે એ નંગ ચોરવાની મૂર્ખાઇ કરી ? જો અત્યારે તે મારી પાસે હોત તો એ જ પળે મેં એને તે આપી દીધું હોત ને મારા અપરાધ માટે ક્ષમા યાચી હોત. પણ દુર્ભાગ્યે હવે તો એ નંગ હજારો ગાઉ દૂર ઇંગ્લંડમાં પડયું હતું, એટલે એ પણ શકય નહોતું.

મેં કહ્યું : 'રામસ્વામી, જો શકય હોત તો મેં ખુશીથી તે તમને આપી દીધું હોત; પણ મારી પાસે તે છે જ નહિ.' આ શબ્દો બોલાતાં જ મને લાગી ગયું કે મારા એ શબ્દોના ભાવાર્થમાં, અજાણપણે પણ, મેં ચોર્યું હોવાની નિઃશંક કબૂલત આવી ગઇ હતી !

એ શબ્દો સાંભળતાં વેંત જ રામસ્વામી ગાંડો થઈ ગયો હોય તેવું લાગ્યું. એના મોમાંથી પછી તેલુગુ ભાષામાં શબ્દોનો અસ્ખલિત ધોધ વહેવા લાગ્યો, દરેક વાકયને અંતે એનો ઘાંટો છેક ઊંચે ચડી જતો ને સાથે તેના હાથ પણ ઊંચાનીચા ઊછળતા હતા ને સર્વાંગ ધ્રૂજતું હતું. એના અભિશાપ વધુ વખત સહન કરવા જેટલી તાકાત મારામાં રહી નહિ, એટલે મેં બારણું ઉઘાડી નાખ્યું, બહાર નીકળ્યો ને પાછળના તૂતક પર થઇને સલૂન તરફ દોડી ગયો. રામસ્વામી મારી પાછળ જ કાલાવાલા, રાડારાડ ને લવારા કરતો દોડયાં કર્યો. સદ્ભાગ્યે આ ભવાડો જોવા એટલામાં કોઇ નહોતું.

સલૂનમાં પેસીને મેં બારણાં વાસી દીધાં. તે પછી રામસ્વામીનો અવાજ ધીરેધીરે વિલુપ્ત થઈ ગયો. છતાં થોડી મિનિટ સુધી તો હું અંદર બેસી રહ્યો. તે પછી ધીમેથી બારણું થોડુંક ઉઘાડી તૂતક પર નજર નાખી. પોતા પર આવી પડેલી આપત્તિ અનિવાર્ય છે તે સ્વીકારી લીધા વિના છૂટકો નથી, એવું મન વાળીને રામસ્વામી પાછો ફરતો જણાયો. ખિન્ન અને હતાશ બનીને ધીમેધીમે એ ડગ માંડતો હતો. એ કેવો મેલોઘેલો, લોહી વિનાનો ને ફિક્કો પૂણી જેવો લાગતો હતો ! એનાં દિલ ને દિમાગનો ભંગાર બની ગયો હતો ! એની આ દશા જોઇને મારા હૈયા માંહ્યલો સત્-પુરુષ મને ડામ દઇ રહ્યો: 'ભૂંડા તારા જ કાળા કામને કારણે આ બાપડા ભલા આદમીની આવી દુર્દશા થઇને !' પણ હવે, આટલે સુધી બગડેલી બાજી કેવી રીતે

સુધારી શકાય તેની મને કશી ગતાગમ જ રહી ન હતી.

હું મારી કૅબિનમાં આવ્યો. પણ એ દુર્ભાગી આદમીની આ ભીષણ મુલાકાતે ભૂતની માફક મારી પાછળ પડી મને એવો તો ડંખ્યા કર્યો કે તત્કાળ મેં નિર્ધાર કરી નાખ્યો: 'અબઘડીએ જ હું જાઉં અને એ ઝવેરીને શોધી કાઢું, મારી વરવી કારવાઈની રજેરજ વાત દિલ ખોલીને એની પાસે કરી નાખું, અને હારી બાજીને હાથ કરવા માટે કશોક પણ વ્યવહારુ માર્ગ શોધી કાઢું. તરત નાસ્તો પતાવીને હું રામસ્વામીની દુકાન શોધવા નીકળ્યો ત્યારે મારા ખળભળી ઊઠેલા મનને શાતા વળી હતી.

રામસ્વામીના સ્થાનની ભાળ મેળવી ત્યાં પહોંચતાં મને એક શબવાહિની લઇને ડાઘુઓ મળ્યા. મુંબઈ જેવા ગીચ વસતિવાળા શહેરમાં તો આવાં દૃશ્યો અનેક વખત જોવા મળે છે. પણ પાછળ થતાં સ્ત્રીઓનાં લાક્ષણિક રુદનના કરુણ અવાજો રામસ્વામીવાળા મકાનમાંથી જ સંભળાતા જોઇને કદાચ ને ત્યાં જ કોઇનું મરણ થયું હોવાનો વિચાર મને આવ્યો, અને તેની સાથે જ દિલને અણચિંત્યો કારમો આઘાત થયો. કદાચ એના શોકથી વિકળ હોવાથી જ રામસ્વામી હમણાં મારી સાથે આવી વિચિત્ર રાડારાડ કરી ગયો હોય તો પણ નવાઇ નહિ. આવા સંયોગોમાં મારા જેવાએ એની વણનોતરી મુલાકાત લેવી તે જરુર વિવેકવિહોણું ગણાય.

આથી શી ઘટના બની છે તેની ભાળ કાઢવા હું રામસ્વામીની બાજુની દરજીની દુકાનમાં પેઠો. 'તમારા પાડોશી રામસ્વામીને ઘેર આ બધી રોકકળ શાની છે?' મેં પૂછ્યું.

એ માણસ આશ્ચર્યથી મારી સામે તાકી રહ્યો. 'સાહેબ, એ રોકકળ રામસ્વામીની જ પાછળ થઇ રહી છે.' દરજીએ કહ્યું.

મારે માથે જાણે વીજળી તૂટી પડી! 'બંદરમાંનાં જહાજોમાં જે રામસ્વામી માલ વેચવા આવે છે તેની તમે વાત કરો છો?' મેં પૂછ્યું. દરજીએ હકાર સૂચવતું માથું હલાવ્યું.

'પણ—પણ એ બને જ કેમ?' હું બૂમ પાડી ઊઠ્યો: 'હજી કલાક ઉપર તો મેં એની સાથે મારા જહાજ પર વાત કરી છે!'

આ સાંભળીને આભો બનેલો દરજી તો મને નિરખી જ રહ્યો. પછી મને ઉપાલંભ આપતો હોય તેમ મને કહેવા લાગ્યો: 'મારા સાહેબ, તમે તો ગાંડી વાતો કરો છો. રામસ્વામીનું મુડદું તો મધરાતનું એના ઘરમાં પડ્યું હતું!'

હવે કશું બોલવા જેવું મારે માટે રહ્યું ન હતું, તેથી હું ત્યાંથી ત્વરિત વેગે ચાલી નીકળ્યો. મારું મન જોરથી ઘુમરીઓ લઇ રહ્યું હતું!

તે પછી થોડા જ વખતમાં અમે સિંગાપુર જવા જહાજ હંકાર્યું. ઘેર પહોંચતાં વચ્ચે કેટલા ય મહિના વીતી ગયા. એ વચગાળાના સમયમાં મારું થોડુંઘણું સ્વાસ્થ્ય મેં પાછું મેળવ્યું અને જીવનમાં પહેલાંની માફક રસ લેતો થવા લાગ્યો.

'ઑથેલો'એ લીવરપૂલના બંદરમાં લંગર નાખ્યું ત્યારે નવેમ્બર ચાલતો હતો. સ્ટીગર કંપનીમાં મારી નોકરીનાં ખતપત્રો આપીને લાગલો જ હું ઘેર પહોંચ્યો. અગાઉની માફક જ બાએ તથા બહેનોએ મીઠા ઊમળકાથી મને નવડાવી દીધો. પણ જોયું કે બાના કાનમાં પેલા નંગવાળું એરિંગ ન હતું! રાતે વાળુ વખતે એણે એ કુંડળની વાત કહી: 'એક દિવસ રાત્રે સૂતી વેળા હમેશની માફક મેં એને ઘરેણાંની પેટીમાં સાચવીને જ મૂક્યું હતું; પણ બીજી સવારે જોઉં તો એમાં એ મળે જ નહિ! મેં એને માટે આખું ઘર તળેઉપર કરી નાખ્યું, પણ એનો ક્યાં ય પત્તો જ લાગ્યો નહિ; તે આજની ઘડી સુધી! મારી તો બુદ્ધિ જ બહેર મારી ગઈ છે કે એ આમ અચાનક ગુમ કેમ થયું હશે. એ ગૂઢ રહસ્યથી તથા એવું સુંદર કિંમતી નંગ ગુમાવવાને કારણે મારું મન આ બધા દિવસ ચચર્યાં જ કર્યું છે.'

'એ કયે દિવસે બન્યું તેની ચોક્કસ તારીખ યાદ આવી શકે ખરી?' એમ મેં પૂછતાં જે તારીખ તેણે કહી તે સાંભળતાં હું ચમકી ગયો! જે સવારે હું રામસ્વામીને તેના મૃત્યુ બાદ મળ્યો હતો, બરાબર તે જ તારીખે એ કુંડળ ગુમ થયું હતું!

નવાં પુસ્તકો

નવજીવન કાર્યાલયનાં પુસ્તકો

રાષ્ટ્રભાષાનો સવાલ : પંડિત નહેરુના નિબંધનો અનુવાદ–કરનાર: નગીનદાસ પારેખ, ૦-૭-૦; **ગાંધીજીની સાધના:** દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ કરેલી સ્વરાજ-સાધનાનાં સંસ્મરણો, લેખક: રાવજીભાઈ પટેલ, ૨-૪-૦; **પ્રેમપન્થ-૪:** ગાંધીજીની આત્મકથાનો સરળ સારાંશ-યોજક: દેસાઈ વાલજી ગોવિંદજી, ૦-૪-૦; **જાતે મજૂરી કરનારાઓને :** ટૉલ્સ્ટૉયના નિબંધનો અનુવાદ–કરનાર: નરહરિ પરીખ, ૦-૪-૦; **ત્યારે કરીશું શું?** ટૉલ્સ્ટૉયના એ પુસ્તકની સુધારેલી બીજી આવૃત્તિ, અનુવાદકો: નરહરિ પરીખ ને પાંડુરંગ વળામે, ૨-૮-૦; **અનાસક્તિયોગ :** ગાંધીજીએ ગુજરાતીમાં ઉતારેલી શ્રીમદ્ ભગવદ્ગીતા, ૦-૮-૦; **ગ્રામસેવાના દસ કાર્યક્રમો:** ગાંધીજીના આદેશાનુસાર રચનાત્મક કાર્ય કરનારાઓને ઉપયોગી માર્ગદર્શન-લેખક: જુગતરામ દવે, ૧–૦–૦; **અચલાયતન :** રવીન્દ્રનાથ ઠાકુર પ્રણીત પ્રખ્યાત રૂપકના અનુવાદની બીજી આવૃત્તિ–અનુવાદક: ગિરિધારી કૃપાલાની, ૧-૦-૦; **આંધળાનું ગાડું:** જુગતરામ દવેનું જાણીતું નાટક, ૦-૪-૦.

ગુજરાત વિદ્યાસભાનાં પ્રકાશનો

ગુજરાતનો ઇતિહાસ-૧-૨: આર્યોના આગમનથી લઈ ગુજરાત દિલ્હીની સત્તા નીચે આવ્યું ત્યાં સુધીના પ્રો૦ મૌલવી સૈયદ અબુ ઝફર નદવી કૃત તદ્દન નવા જ દૃષ્ટિબિંદુથી લખાએલ ઇતિહાસનું ભાષાન્તર: કરનાર, ડૉ. છોટુભાઈ ૨. નાયક, ૩-૮-૦; **ઉમર ખય્યામ:** અલ્લામા સૈયદ સુલેમાન નદવીના અભ્યાસ-નિબંધનો અનુવાદ–કરનાર: અબ્બાસ મુલ્લાં નજરઅલી, ૨-૦-૦; **દવાઓ અને રોગો :** દરેક ઘરમાં રાખવા યોગ્ય ઘરગથ્થુ દવાઓનો પરિચય ને તેનો ઉપયોગ સમજાવતી પુસ્તિકા–લેખક: ડૉ. હરિપ્રસાદ વ્ર. દેસાઈ, ૦-૬-૦ **સૂર્યગ્રહણ**-ગણિતને આલેખપદ્ધતિ દ્વારા સરળ રીતે સમજાવતું સચિત્ર પુસ્તક, લેખક : હરિહર પ્રા. ભટ્ટ અને છોટુભાઇ સુથાર, ૨-૮-૦; **શતાબ્દી વ્યાખ્યાનમાળા:** વિદ્યાસભાના શતાબ્દી મહોત્સવ પ્રસંગે યોજિત વ્યાખ્યાનમાળાનાં વ્યાખ્યાનો, ૧-૦-૦; **વાર્ષિક વ્યાખ્યાનો:** વિદ્યાસભાની વાર્ષિક વ્યાખ્યાનમાળાનાં સાહિત્યિક સંશોધનના અભ્યસનીય વ્યાખ્યાનો, ૨-૦-૦.

ભારતી સાહિત્યસંઘ લિ. નાં પ્રકાશનો

સંશોધનને માર્ગે: ગુજરાતી સાહિત્યના આરંભકાળથી માંડી છેક આજ સુધીના તેના વિકાસની કેટલીક બાજુઓને સ્પર્શતો લેખ સંગ્રહ–લેખક: કેશવરામ કા. શાસ્ત્રી, ૩-૦-૦; **જ્ઞાનગોષ્ઠી:** જુદીજુદી પ્રચલિત વાતોને સંસ્કારીને કરેલો સંગ્રહ-લેખક: ધૂમકેતુ, ૧-૦-૦; **મેઘબિંદુ:** ઉપરની જ ઢબે કરેલો ઐતિહાસિક વાતોનો સંગ્રહ-, લેખક: ઉપર મુજબ, ૩-૦-૦.

સરદાર પટેલ (અનુ૦ પૃ૦ ૩૨૬થી) ઉતારો: વલ્લભભાઇ (ચિડાઈને): 'હવે તમે જરા જંપીને બેસવા દો લોકોને બિચારાને! ત્યાં ભેગા થયા છે એટલે સૂઝે એમ કરશે. ત્યાં વળી તમે પિસ્તોલ બતાવી શા સારુ એમને અકળાવો છો? બીજા ઘણાઓને પણ લાગશે કે આ માણસ (ગાંધીજી) નવરો છે. ટાણે-કટાણે એ તો ઉપવાસ જ કર્યા કરે છે. છૂટવાને માટે આ બહાનું છે એમ માને એ તો વળી જુદી વાત.' બાપુ (હસીને): 'મહાદેવ કહે છે તે પ્રકારનો ઉપવાસ?' વલ્લભભાઇ: 'કોઇ રીતનો નહિ!' બાપુ: 'ત્યારે પ્રમુખ સાહેબની સાવ નામંજૂરી જ છે

સરદારનાં જીવન-સોપાન

• ખેડા જિલ્લાના કરમસદ ગામમાં, ઝવેરભાઈ પટેલને ત્યાં, ઇ. ૧૮૭૫ના ઑક્ટોબરની ૩૧મીએ જન્મ. (આ તારીખ એમના નિશાળના રજિસ્ટર અનુસારની છે; એમની ચોક્કસ જન્મતિથિ કોઇને યાદ નથી.)

• ઝવેરભાઇને એક પુત્રી ને પાંચ પુત્ર; એ પાંચમાં પોતે ચોથા: સોમાભાઇ, નરસિંહભાઈ, વિઠ્ઠલભાઈ, વલ્લભભાઈ અને કાશીભાઈ. બહેન ડાહીબેન યુવાનીમાં જ ગુજરી ગએલાં.

• બાળપણનો ઉછેર નડિયાદ મોસાળમાં. પ્રાથમિક શિક્ષણ કરમસદ પિતા પાસે આવી લીધું. માધ્યમિક શિક્ષણ પેટલાદ, વડોદરા, નડિયાદ એમ વિવિધ સ્થળે અનેક તોફાનો સાથે લઈ નડિયાદ હાઈસ્કૂલમાંથી મૅટ્રિક થયા.

• આર્થિક પરિસ્થિતિને કારણે કૉલેજનું શિક્ષણ ન લેતાં ડિસ્ટ્રિક્ટ પ્લીડરની પરીક્ષા આપી. ગોધરામાં ઈ. ૧૯૦૦ના અરસામાં વકીલાત શરૂ કરી ને ત્યાંથી બોરસદ, આણંદ એમ ૧૯૧૦ સુધીની વકીલાતમાં એ નાનકડા જિલ્લામાં પણ ઊજળી નામના મેળવી.

• દરમ્યાન કરમસદથી ત્રણ માઈલ દૂર આવેલા ગણા નામના ગામમાં ઝવેરબા સાથે લગ્ન. ઈ. ૧૯૦૫માં એમના પુત્ર ડાહ્યાભાઇનો જન્મ. તે પછી, આજે તેમનાં અંતેવાસી અને અંગત મંત્રી તરીકે કામ કરતાં પુત્રી મણિબેનનો જન્મ. ઈ. ૧૯૦૮માં ટ્યૂમર (ગૂમડાં)ના ઑપરેશન પછી મુંબાઈની કામા ઑસ્પિટલમાં એમનાં પત્ની ઝવેરબાનું અવસાન.

એક દસકાની વકીલાતમાં જરૂરી પૈસા કમાઈ લઈ, બાળપણની મહત્ત્વાકાંક્ષા સિદ્ધ કરવા બૅરિસ્ટરના અભ્યાસ માટે ઈંગ્લંડ ગયા. ત્યાં પહેલા વર્ગમાં પ્રથમ નંબરે આવી ઊંચું માન અને પહેલું ઇનામ મેળવ્યું; અને એ ધ્યેય સિદ્ધ થતાંવેંત, બીજે જ દિવસે સ્ટીમર પકડીને ૧૯૧૩ની ૧૩મી ફેબ્રુઆરીએ મુંબાઇને કિનારે ઊતર્યા.

• એ જ વર્ષના ડિસેમ્બરમાં અમદાવાદ આવી ૧૯૧૪ની શરૂઆતથી ત્યાં બૅરિસ્ટર તરીકેની કારકિર્દી શરૂ કરી.

• બીજે જ વર્ષે-૧૯૧૫માં અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં ચુંટાઈ આવી જાહેર જીવનમાં પ્રવેશ કર્યો; ત્યાંના ૧૯૧૭ના પ્લેગમાં સૌ શહેર બહાર ઝૂંપડાંઓમાં જઇ વસ્યા ત્યારે પોતે, સેનીટરી કમિટીના ચેરમેન હોઇ, શહેરની વચ્ચે જ વસીને ભંગીઓની સાફસૂફી પર જાતે દેખરેખ રાખી એવી નિષ્ઠા ને પરિશ્રમપૂર્વક કામ કર્યું કે સાથીઓ અને સેવકો સૌના પ્રેમ અને માનના તે ભાજન થયા.

• સાથોસાથ અમદાવાદની 'ગુજરાત સભા'ના સભ્ય તરીકે રાજકીય ક્ષેત્રમાં પણ પ્રવેશ કર્યો, અને ઈ. ૧૯૧૬માં લખનૌ કૉંગ્રેસમાં ગુજરાતના પ્રતિનિધિ તરીકે ગયા.

• એ જ વર્ષે, ઈ. ૧૯૧૬માં ગાંધીજીએ અમદાવાદમાં થાણું નાખતાં તેમના સમાગમમાં આવ્યા અને તેમની ધ્યેય-સચ્ચાઈવાળી અભિનવ કાર્યપદ્ધતિમાં શ્રદ્ધા પ્રગટી.

• ૧૯૧૭માં ગોધરાની પહેલી ગુજરાતી રાજકીય પરિષદમાં પ્રમુખ ગાંધીજીના તે મંત્રી થયા, ને ૧૯૧૭માં ખેડા-સત્યાગ્રહમાં તેમની સાથે અગ્ર ભાગ લીધો ત્યારથી તેમની પ્રવૃત્તિઓમાં અખંડ સાથ દેતા આવ્યા.

• ૧૯૨૧માં અમદાવાદ કૉંગ્રેસના સ્વાગત-પ્રમુખ તરીકે, વિરાટ સંમેલનના અતિ સમર્થ અને સફળ સંચાલનદ્વારા પોતાની અજોડ વ્યવસ્થાશક્તિનો પુરાવો આપ્યો.

• ૧૯૨૨માં બોરસદ સત્યાગ્રહના અગ્રણી થઇને, ને ૧૯૨૩માં નાગપુર ઝંડા-સત્યાગ્રહની નેતાગીરી લઇ બંનેમાં વિજય મેળવ્યો.

• ૧૯૨૪થી ૨૮નાં પાંચ વર્ષ અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકે અસહકારકાળની સરકાર સામેની મ્યુ૦ની કપરી લડતના મુશ્કેલ સમયમાં એવી કુનેહ, હિંમત અને ખબરદારીથી એનું સુકાન સંભાળ્યું કે મ્યુનિસિપલ વહીવટની અને શહેરની શિકલ ફરી ગઈ અને હિંદભરમાં એનું કાર્ય વખણાયું.

• ૧૯૨૭માં ગુજરાતમાં અતિવૃષ્ટિને કારણે જળપ્રલયનું કારમું સંકટ આવ્યું તેમાં ખુદ સરકારને પણ દિશા નહોતી સૂઝતી ત્યારે, પોતાની અદ્ભુત વ્યવસ્થાશક્તિ અને અનવરત પરિશ્રમથી ગામડે ગામડે ઘૂમીને સ્વયંસેવકોદ્વારા રાહતની એવી તો અખંડ સાંકળ રચી કે એમની કાર્યદક્ષતા અને કરકસર જોઇને સરકાર પણ હેરત પામી અને દુકાળફંડમાં એક કરોડ રૂપિયા તેને કાઢી આપવા પડ્યા.

• બીજે જ વર્ષે, ૧૯૨૮માં, આ કારકિર્દી પર સુવર્ણ-કળશ ચડાવતી બારડોલીની લડત આવી. સરકારની નાગચૂડ સામે સરદારી લઇને અણનમ લડત આપી, અને અંતે સરકારને નમાવી એવો તો ઝળહળતો વિજય મેળવ્યો કે ગુજરાતે તેમને આપેલા 'સરદાર'ના બિરુદને આખા હિંદે વધાવીને સ્વીકારી લીધું.

• ૧૯૩૦ની ૧૨મી માર્ચે ગાંધીજીએ નિમક-સત્યાગ્રહ માટે ઐતિહાસિક દાંડીકૂચ કરી તે અગાઉ તેની પૂર્વતૈયારી તરીકે ખેડા જિલ્લામાં તેઓ દેશને સળગાવી રહ્યા હતા, ત્યાં રાસ મુકામે તેમની ધરપકડ કરીને સરકારે ૩ માસની જેલ આપી. તે પછીના ૧૧ માસમાં ૩ વાર ફરીફરીને તેમની ધરપકડ થઈ.

• એ લડતને અંતે ગાંધી-અર્વિન કરાર થયા બાદ, ૧૯૩૧માં ભરાએલી કરાંચી કૉંગ્રેસના પ્રમુખ તરીકે તેમને ચૂંટીને, દેશે તેમની સેવાઓની કદરશનાસીમાં પોતે આપી શકે તે ઊંચામાં ઊંચું માન આપી નવાજ્યા.

• તે પછી ચાલુ લડતોને કારણે ૧૯૩૨થી ૩૪ સુધી સરકારે તેમને જેલમાં જ રાખ્યા.

• ૧૯૩૫માં કૉંગ્રેસે પ્રધાનપદાં લેવાનો નિરધાર કરતાં, કૉંગ્રેસી વહીવટ તળેના સમસ્ત પ્રાંતોની વહીવટી દોરવણી આપનારી પાર્લામેન્ટરી બોર્ડના તેઓ પ્રમુખ ચુંટાયા અને ત્યારથી જ, એક રીતે, દેશ આખાના વહીવટનું સુકાન તેમને હાથ સોંપાયું. તેઓ દેશના પડદા પાછળના રાજા જેવા જ હતા.

• પાંચ વર્ષ બાદ ૧૯૪૦માં વ્યક્તિગત સત્યાગ્રહમાં ફરી પકડાયા પણ ૧૯૪૧માં તબિયતને કારણે સરકારે તેમને છોડી મૂક્યા.

• ૧૯૪૨ની ૮મી ઑગસ્ટે થએલી સામુદાયિક ધરપકડમાં બધા નેતાઓ સાથે તેમને પણ પકડીને અહમદનગરના કિલ્લામાં નજરકેદ કર્યા, જ્યાંથી ૧૯૪૫માં છૂટ્યા.

• તે પછીની વાટાઘાટોને પરિણામે ૧૯૪૬ની કામચલાઉ સરકારમાં તેઓ પ્રધાનમંડળમાં આવ્યા, અને ૧૯૪૭માં દેશ સ્વતંત્ર થતાં ભારત સરકારના ગૃહસચિવ અને નાયબ વડા પ્રધાન થયા, જે પદેથી બે વરસમાં દેશી રાજ્યોને વિલીન કરીને, અને આંતરિક તથા બાહ્ય ભયો સામે દેશનું રક્ષણ કરીને તેના સંગઠનના સાચા શિલ્પી બની રહ્યા.

ના ?' વ૦:'હા'. બાપુ:'વારુ ત્યારે એ વાત ગઈ તમે ના કહો તે થાય ?'

એમની અણનમ મક્કમતાથી હિંદી રાજકારણ તો ઠેકઠેકાણે રંગાએલું છે. મહાદેવભાઇ ડાયરીમાં એક સ્થળે લખે છે:"અબુલ કલામ આઝાદનો તાર આવ્યો કે તેર મુદ્દા હિંદુઓને કબૂલ હોય તો સંયુક્ત મતદાર મંડળ ઉપર ઐક્ય થઇ શકે એમ છે. તમે બહાર નથી એટલે અડચણ આવે છે. તમે આશીર્વાદ આપો. બાપુ: 'આપણે ઐક્યને માટે ઝંખીએ છીએ તે ભલે આવો; બાકી શરતો વિષે ખરી સ્થિતિ જાણ્યા વિના અહીં બેઠાં મારાથી કાંઇ કરી શકાય નહિ.' વલ્લભભાઈ: 'આ સ્થિતિ મુશ્કેલ છે એમ બતાવે છે. એ લોકો તેર તેરને વળગી રહેલા હોય તો ચોદમું (!) શા માટે ન આપવું ? તેર કોઇ હિંદુ ન આપે.'

સરદારની વ્યવસ્થાશક્તિ એમને માટે વિજયચિહ્ન સમાન છે અને એમના પ્રતિસ્પર્ધીઓ માટે મહાન ભય છે. બ્રિટિશ બ્યુરૉક્રસી પણ એમની સંપૂર્ણતાથી ત્રાસી હતી. એ બળે જ તેમણે અંગ્રેજોને હંફાવ્યા, અને એમના એ વહીવટી ગુણો વડે જ એમણે જીવનભર સફળ મંડનકાર્ય કર્યું. અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખપદથી માંડીને પાર્લામેન્ટરી બોર્ડના ચેરમેન સુધીના અને આજે ગૃહસચિવ તથા નાયબ વડા પ્રધાનના હોદ્દાઓ એમણે જે અજબ સફળતાથી પાર પાડ્યા છે તેને માટે તો કોઇ પાસે પ્રશંસા વિના બીજો શબ્દ નથી.

નૂતન હિંદના તે સાવચેત શિલ્પી છે. ડગલે ને પગલે તે હથોડો મારી ચકાસે છે કે ક્યાં માટી કઠણ છે ને ક્યાં પોચી. લશ્કરનું ઐક્ય જાળવવામાં, સિવિલ સર્વિસનું દિલ જીતી લઇ કાબૂમાં રાખવામાં ને પીઠબળ ટકાવી રાખવામાં તેમની એ મંડનશક્તિનો જ વિજય છે. ભાગલાથી હિંદે જેટલું ગુમાવ્યું છે, તેટલું જ બે વર્ષના ટૂંકા ગાળામાં એમણે અજબ કુનેહ અને અથાગ મહેનતથી રજવાડાંઓને લોકશાસનમાં મૂકી પ્રાપ્ત કર્યું છે. હિંદના દેહ પરનાં એ ગૂમડાં આટલી ઝડપથી નાબૂદ કરી શકાશે એવું કોઈએ નહિ ધાર્યું હોય. નવું બંધારણ અમલમાં આવે તે પહેલાં હિંદ એક રાષ્ટ્ર બનવું જોઇએ એ કૉંગ્રેસનું સ્વપ્ન એમણે સિદ્ધ કરી બતાવ્યું છે.

એમની સિદ્ધિઓને કારણે કોઈ એમને ચક્રવર્તી અશોક સાથે સરખાવે છે, કોઈ બિસ્માર્ક સાથે તો કોઈ હિટલર કે લેનિન સાથે સરખાવે છે. પણ એટલું તો ચોક્કસ કે પોતાની ઝડપી કાર્યશક્તિ ને અસાધારણ નિશ્ચયબળને કારણે હિંદભરમાં સર્વત્ર એમનો ધાક છે, તેમ સાથોસાથ એમને માટે આદર પણ છે. લોકો ઉપરનો તેમનો આ અસાધારણ કાબૂ એમના ત્રણ ગુણોને લીધે છે: એમની કડક શિસ્ત, પરિસ્થિતિનો ને માણસોના તાગ લેવાની એમની કુનેહભરી નજર, સ્પષ્ટ નિર્ણાયક બુદ્ધિ ને ત્વરિત અમલ-બજાવણી. એક લેખક લખે છે કે સ્વતંત્ર હિંદના પ્રથમ ગવર્નર જનરલ તરીકે લૉર્ડ માઉન્ટબૅટનને જ રાખવાનો નિર્ણય, ટેલિફોન પરની પાંચ જ મિનિટની એમની ટેલિફોન-વાતચિતમાં થયો હતો. ૧૯૪૮ની ૧૨મી સપ્ટેમ્બરની મધરાતે, આકાશમાંથી એકાએક વીજળી પડે તેમ હૈદરાબાદ પર "પોલીસ-પગલાં"ની શરૂઆત એમણે અજબ સાણસાવ્યૂહથી કરાવી. અને દૂધમાં સાકર ઓગળી જાય તેમ દેશી રાજ્યોને સ્વતંત્ર હિંદમાં ઓગાળી એકરસ કરી નાખવાની એમની કુનેહ, કૌશલ અને ત્વરાએ તો એમની સિદ્ધિઓ પર કળશ ચડાવ્યો છે.

પોતાના હાથ નીચેનાં માણસો પાસેથી કામ લેવામાં તેઓ જેટલા કડક તેટલા જ તેમનાં દિલ જીતી લેવામાં ઋજુ અને તેમને પક્ષે ઊભા રહેવામાં નિશ્ચલ છે, એ અંતેવાસીઓ તો લાંબા સમયથી જાણે છે, પણ પ્રજાએ, હિંદી સિવિલ સર્વિસના એમના અડગ બચાવ વેળા જાહેરરીતે જાણ્યું. બંધારણ-સભામાં સિવિલ સર્વિસની વફાદારી તથા દેશભક્તિ સામે થએલા આક્ષેપ વેળા એમણે કરેલી ગર્જના આની સાબિતી છે: "એ માણસો તો એમના ભારોભાર સોના જેટલા મૂલ્યવાન છે. અને ૧૯૪૬-૪૭ની કટોકટીના સમયમાં એમને આપેલો કોલ અદા કરવાને જો આ સભા તૈયાર ન હોય તો એવો વચનભંગ કરવા કરતાં હું પણ એમની સાથે જ બહાર નીકળી જઈશ." પાર્લમેન્ટમાંની ચર્ચાઓ વેળા વિરોધીઓને ઉત્તર આપવા એ ઊઠે છે ત્યારે એવા સત્તાવાહી અવાજે જડબાંતોડ જવાબો આપે છે કે સૌ મર્યાદાશીલ નિશાળીઆઓ પેઠે શાન્ત થઇ જાય છે.

૧૯૪૮માં મહાત્મા ગાંધીજીના અવસાન પછી તો, (શ્રી ક. મા. મુનશીના શબ્દોમાં) "એક નવા જ સરદારનો ઉદ્‌ભવ થયો. થોડા દિવસ તો તે શાન્ત, ખિન્ન ને પોતાનાં કાર્યોમાં રસ ગુમાવતા દેખાયા. પણ થોડાં જ સપ્તાહમાં એ દુઃખી મૌન તૂટ્યું અને ગાંધીજીના લાક્ષણિક ગૌરવ રૂપ તે દેખાયા. હવે તેઓ આક્રમણકારી અજીત લડવૈયા નથી રહ્યા, પણ બધાને ફરજ પાડી શકે તેવી ઊંચી શક્તિના શિખરે બેઠેલા છે. બોલવાનું તેમણે હવે બહુ ઓછું કરી નાખ્યું છે, પણ બોલે છે ત્યારે સપૂર્ણ સત્તાધીશ અવાજથી બોલે છે. તેઓ માત્ર નાયબ વડા પ્રધાન જ નથી, પણ દેશ-સમસ્તના રખેવાળની ચકોર નજર ધરાવતા વાલી છે. પંડિત નહેરૂ સાથે હવે તેમને મતભેદો પડતા નથી, પણ પોતાના એ જુવાન સાથીનાં ચંચળ અને અધીર પગલાં પર બારીક નજર રાખી રહેલા પીઢ રાજપુરુષ તે બની રહ્યા છે. આપણા વૈદિક દેવોમાં જે સ્થાન વરુણનું છે તે આપણે ત્યાં એમનું છે—'રાજ્યના રક્ષક'નું. રજેરજ હીલચાલ પર પહેરો રાખતી વેધક એમની નજર છે; જીવનને સ્થિર કરતી વ્યવસ્થા સ્થાપતા એમના બાહુ છે; ને સૌના એ એવા પ્રેરણાસ્થાન છે કે જેનાથી રાજ્ય તાકાતવાન બને છે."

મનુભાઈ મગનભાઈ પટેલ

સરદાર વલ્લભભાઇનાં ભાષણો

એમની આ ૭૫મી જન્મજયંતીને ટાંકણે નવજીવન પ્રકાશન મંદિરે સાડા છસો પાનાંના દળદાર ગ્રંથમાં, ૧૮ એપ્રિલ ૧૯૧૮થી ૧૫મી ઑગસ્ટ ૧૯૪૭ સુધીની લગભગ ત્રણ દાયકા દરમ્યાન સરદારશ્રીએ કરેલાં ૧૫૮ જેટલાં વિપુલ ભાષણોનો સંગ્રહ બહાર પાડ્યો છે, જેમાંનાં થોડાં હિંદી તથા અંગ્રેજી ઉપરથી પણ છે. (કિં. રૂ. ૫-૦-૦) એનો પરિચય આપતાં પ્રકાશકે જે લખ્યું છે તે અમને સર્વથા યથાર્થ લાગેલું હોવાથી એમનું જ કથન આ નીચે ઉતારીએ છીએ, જે ઈચ્છુકોને માર્ગદર્શક નીવડશે: 'સરદાર પટેલના વ્યક્તિત્વના અનેક નાનામોટા ગુણોનો પરિચય મેળવવાનું એકમાત્ર સાધન એમનાં ભાષણો છે. એમનું તેજ, એમની નિર્ભયતા, એમનું શૂર, એમની અખૂટ ધીરજ, અન્યાય વિષે બાળી મૂકે એવી ચીડ અને ગુજરાતના ખેડૂત વર્ગને ટટાર કરવાની ને તેજસ્વી બનાવવાની એમની તાલાવેલી—એ બધાં, ને એવાં જ બીજાં એમના ચારિત્ર્યનાં લક્ષણો એમનાં ભાષણોમાં બરાબર પ્રતિબિંબિત થાય છે. એમની વાણી દ્વારા ગુજરાતી બોલીનું જે તેજ અને જે સામર્થ્ય પ્રગટ થયું છે તેવું બીજે ભાગ્યે જ થયું હશે. હૃદયમાં સોંસરા ઊતરી જાય એવા રૂઢ પ્રયોગોવાળી જુસ્સાદાર તળપદી ભાષા અને શૈલીનો એક નવો જ પ્રકાર આ પુસ્તક દ્વારા સંગૃહિત સ્વરૂપમાં રજૂ થાય છે અને તે આપણા સાહિત્યમાં એક નવી જ ભાત પાડે છે.... સરદાર પટેલનો ઊછરતી તેમજ ભાવિ પેઢીને સાચો પરિચય કરાવવાને માટે, તેમના વ્યક્તિત્વના ગુણો પ્રગટ કરવાને માટે, પાછલાં ત્રીસ વરસ દરમિયાન ગુજરાતમાં થયેલી પ્રજાજાગૃતિના ઇતિહાસના દસ્તાવેજ તરીકે અને એક પુરુષાર્થી, સમર્થ તેમજ તેજસ્વી પુરુષની વાણીમાં ગુજરાતી બોલી કેવી સમર્થ બની શકે છે તે જોવા માટે સરદાર પટેલનાં આ ભાષણો એક કીમતી સાધન થઇ પડશે.'



માધુકરી

જેવી વહે શરદની સુપ્રસન્ન ગંગા,
બંને તટે સભર, ગંભીર, નિસ્તરંગા,
એવી સમૃદ્ધ ઉજળી પુરુષાર્થધારા,
વ્હેજો ભરી જીવનજાહ્નવીના કિનારા.
જાગો પ્રજા દૃઢ, બલિષ્ઠ, પ્રફુલ્લ યૌવને
હોમાનલે પુનિત ભારતના તપોવને.—નાથાલાલ દવે


સ્વ. ડૉ. બાળકૃષ્ણ અમરજી પાઠક

પરપ્રાંતમાં જઇને પોતાની શકિતઓ વડે ગુજરાતનું નામ ઊજળું કરનાર વ્યક્તિઓની નામાવલિમાં પોતાનું નામ શોભાવી જનાર ડૉ. પાઠકને ગુજરાત ઝાઝું નથી ઓળખતું. પણ બનારસ હિંદુ યુનિવર્સિટીમાં કુલપતિ તરીકે સ્વ. આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવ જે લોકાદર ને પૂજ્યભાવ મેળવી ગુજરાતને ઉજાળી ગયા તે જ રીતે ડૉ. પાઠકે ત્યાંની આયુર્વેદિક કૉલેજના આચાર્ય તરીકે, કેવળ એ યુનિવર્સિટીમાં જ નહિ, પણ સમસ્ત સંયુક્ત પ્રાંતના શિક્ષણજગતમાં પોતાની શક્તિ ને સંસ્કારિતા વડે પ્રેમ–સંમાન મેળવેલાં. આયુર્વેદ તેમજ પશ્ચિમી પદ્ધતિના (એલૉપથી) વૈદક બંનેના જ્ઞાતા તરીકે જેવા શરીરવિજ્ઞાનના તેવા જ માનસરોગના વિજ્ઞાનના પણ તે જાણકાર હતા ને એ ક્ષેત્રમાંનાં એમનાં પુસ્તકો જાણીતાં છે. આયુર્વેદિક કૉલેજના આચાર્યપદના વ્યવસાયથી એ યુનિવર્સિટીના કુલપતિ ને વિખ્યાત તત્ત્વજ્ઞ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના તે પ્રેમનું ભાજન થએલા, ને પોતાના એ અંગત પરિચયના ફલસ્વરૂપ એમણે 'કુમાર'માટે રાધાકૃષ્ણનનું ચરિત્ર લખી આપેલું તે તો સૌને યાદ હશે. ગુજરાતના એ શક્તિશાળી પુત્ર અને અમારા મિત્રના, ગઈ તા. ૭ ઑક્ટોબરના રોજ થએલા અવસાનની દુ:ખભર્યે હૃદયે અમે નોંધ લઇએ છીએ,અને 'પ્રજાબંધુ'માં આવેલો એમનો સવિશેષ પરિચય તારવીને આ નીચે આપીએ છીએ:

"ડૉ. બાલકૃષ્ણ અમરજી પાઠકનું નામ ગુજરાતના સાહિત્યરસિકોથી અજાણ્યું નથી. કવિરાજ ગણનાથ સેનના 'પ્રત્યક્ષ શરીર'ના ત્રણ ભાગોનો તેમણે કરેલો અનુવાદ અને માનસરોગ-વિજ્ઞાન જેવાં તેમનાં પુસ્તકો તે તે વિષયમાં અજોડ છે. ગુજરાતમાં ડૉકટરો તો ઘણા છે, પણ ચિકિત્સા સાથે લેખનકાર્ય કરનારા અને સમાજ તથા રાષ્ટ્રના વિવિધ પ્રવાહોથી પરિચિત રહેનારા થોડા જ હશે. ડૉકટર અગર વૈદ્યના જીવનમાં આદર્શની જે ઉચ્ચતા ને ભવ્યતા જોઇએ તેને અપનાવનાર તો તેથી યે થોડા મળી આવે છે. એ થોડાઓમાં ડૉ. પાઠકને મૂકી શકાય એમ તેમના થોડા યે પરિચયમાં આવનાર પણ કહી શકે.

ગરીબાઈમાં ઊછરેલા અને ગરીબાઇ છતાં ડૉકટરીનો અભ્યાસ કરેલો, એટલે જીવનમાં જે એક પ્રકારની ચોકસાઇ અને કરકસર આવે તે તેમનામાં હતાં. પૈત્રિક સંસ્કારનો વાક્પટુતાનો વારસો તો એવો મળેલો કે છેલ્લી બીમારીમાં પણ ગમે તેને તેઓ શ્રોતા જ બનાવતા. જીવનમાં સત્યની ઉપાસના કરવી અઘરી છે, છતાં તેમણે એ ઉપાસનામાં પાછી પાની નથી કરી. અને પથારીએ પડ્યા છતાં કટુ સત્યો સંભળાવતા ત્યારે એમ લાગતું કે આ વ્યક્તિને પોતાના જીવન કરતાં પણ સત્ય વધારે વહાલું છે.

ગુજરાતના એ રત્નને આચાર્ય ધ્રુવે પારખ્યું અને તેમને બનારસ યુનિવર્સિટીમાં લઇ આવ્યા. ત્યારથી તેમણે આયુર્વેદિક કૉલેજની ઉન્નતિ કેમ થાય તેની, તેના અધ્યક્ષને શોભે તે રીતે, રાત અને દિવસ ચિંતા સેવી. અને પરિણામે સંયુક્ત પ્રાંતમાં જ નહિ પણ ઠેઠ મદ્રાસ પ્રાંત સુધી એ કૉલેજની અને તેના અધ્યક્ષની સુવાસ પ્રસરી. દેશ આઝાદ થતાં આયુર્વેદની ઉન્નતિ માટે બધી પ્રાન્તીય સરકારોએ કાંઇક કરવા ધાર્યું ત્યારે તેમની નજર બનારસ આયુર્વેદિક કૉલેજ અને તેના અધ્યક્ષ તરફ જ ગઇ. આટલાં માન ને પ્રતિષ્ઠાને બળે બનારસ કરતાં સારો પગાર આપનારા તેમને મળી આવ્યા; પણ તેમની નિષ્ઠાએ



માસમાસનાં પંખી-૪૬
થરથરેં

શિયાળાની અજવાળી રાતે જાગી જનારે ઘણીવાર આકાશમાં પંખીઓ ઊડી આવતાં જોયાં હશે. એ હોય છે છેક હિમાલયની યે પેલી પારની દૂર ઉત્તરની ભૂમિનાં વસાહતીઓ.શિયાળે જ્યારે આપણાં ઘણાંખરાં પંખી ટાઢથી પોતાની કાયા લપાવી બેઠાં હોય છે ત્યારે આપણા ઉત્તરહિંદની નદી-તળાવોવાળી વનસ્થલીની મોજ માણવા આ ચાયાવાર પંખી-મહેમાનો પરદેશથી અહીંઊડી આવે છે કેમકે ત્યાં શિયાળો બહુ કપરો હોય છે,જ્યારે અહીંનો શિયાળો એમને ગાફક આવી રહે છે. અહીં ઉનાળો બેસતાં પાછાં ચાલ્યાં જાય છે.

તેમાં સૌથી પહેલો આવે છે થરથરેં. છેક ચીનથી આવી આપણાં વાડીબગીચા કે ખેતરમાં ભમતા આ પંખીનું કદ બુલબુલ જેવડું; આકાર દેવચકલી કે ખંજન જેવો;છાતી, પીઠ અને માથાનો વર્ણ કાળો; પેટ ને પૂંછડી લાલ (કથ્થાઇ) રંગનાં; ને ચાંચ પાતળી તથા પગ કાળા. પણ તેની ખરી વિશિષ્ટતા તો જે રીતે તેની પૂંછડી હલે છે તેમાં છે. દૈયડ—દીવાળીઘોડા જેમ તે પૂંછડીને ઊંચીનીચી ન હલાવતાં આખું શરીર ધ્રુજી ઊઠે તેટલા જોરથી ડાબીજમણી–આડી હલાવે છે, ને આથી જ તેને થિરથિરૂા કહે છે. વહેલી સવારથી છેક મોડી સાંજ સુધી વિટ્...વિટ્...વિટ્ કરવું, પૂંછડી હલાવવું ને એકથી બીજી ડાળે ઊડાઊડ કરવું તે આખો દહાડો પ્રવૃત્તિમય જ રહે છે.

ખંડેરો તથા વનસ્પતિ પરથી મળી આવતાં ઇયળ કે કીડી-કરોળિયા જેવી જીવાત અને કવચિત પાંખાળાં જંતુઓ એ તેનો આહાર. ઇરાનથી મંગોલિયા સુધીની ભૂમિ પર તે મેથી ઑગસ્ટ દરમ્યાન પ્રજનન કરે છે. અને બાકાંઓમાં કે ખંડેરોમાં પ્યાલાઘાટનો માળો બાંધી તેમાં નીલવર્ણાં સફેદ રંગનાં તદ્દન લાંછનરહિત ચારથી૭ ઇંડાં તે મૂકે છે.(વનેચર)

તેમને બનારસમાં જ બાંધી રાખ્યા. બનારસમાં તેઓ સેવાભાવથી આવેલા ને એ ભાવને તેમણે અંતિમ ક્ષણ સુધી ટકાવી રાખ્યો. છેલ્લી બીમારી હૃદયરોગની હતી. ડૉકટરોએ અને વાઈસ ચાન્સલરે તેમને સંપૂર્ણ આરામ લેવાનું કહેલું. વાઈસ ચાન્સેલરે તો તેમને કૉલેજનું કાર્ય એક કમિટિને સોંપી દઇ ઘેર બેસીને પૂરેપૂરા સાજા ન થાય ત્યાં સુધી પૂરો પગાર લેતા જવાનું કહેલું. યુનિવર્સિટીમાં માત્ર એમને જ માટે એ બન્યું. છતાં ડૉ. પાઠકે અંતિમ દિવસો સુધી કૉલેજ–ઑફિસનું કાર્ય જ્યાં સુધી કલમ ચાલી ત્યાંસુધી છોડ્યું નહિ.

મહામના માલવીયનો સ્વર્ગવાસ થયો ત્યારે વિદ્યાર્થીઓ કહેતા કે ભારતનો દેવતા ચાલ્યો ગયો. આજે જ્યારે ડૉકટર પાઠકનું મૃત્યુ થયું ત્યારે તેમના પ્રિય છાત્રોના મોઢે સાંભળવા મળ્યું કે આયુર્વેદનો દેવતા ચાલ્યો ગયો. ડૉકટર છતાં આયુર્વેદ માટે તેમણે જે કર્યું તેને આથી વિશેષ અંજલિ શી હોઈ શકે? વૈદ્યોને ડૉકટરો જેટલી જ માન્યતા આપવાની તપાસ માટેની ચોપડા-કમિટીનું કાર્ય ચાલતું હતું ત્યારે તો ભારપૂર્વક આયુર્વેદનો પક્ષ પ્રસ્થાપિત કરવા મથેલા ને તેમાં ભલભલા ડૉકટરો સાથે ટક્કર ઝીલી તેમનું અજ્ઞાન ખુલ્લું પાડી દેતા.

એમની જિજ્ઞાસાવૃત્તિ બહુ થોડામાં દેખાય છે. જ્યાં સુધી પોતાની વાંચવાની શક્તિ રહી ત્યાં સુધી નવુંનવું પોતાના વિષયનું ને બીજું વાંચ્યા વિના રહી શક્યા નથી. આ બધો જ્ઞાનનો ભંડાર અકાળે લુપ્ત થયો તેથી દેશને જે હાનિ થઈ છે તે તરત પુરાવી મુશ્કેલ છે.

જૂનમાં મેં તેમને અમદાવાદથી લખ્યું કે ડૉકટરોની સલાહ મુજબ તમારે બનારસ છોડી હવાફેર માટે અન્યત્ર જવું. એ પત્રના જવાબમાં તેમનો આશાવાદ ને આદર્શ બન્ને પ્રતિબિમ્બિત થયાં. તેમણે લખ્યું કે હવે તો હું તદ્દન સારો છું. અને માત્ર કેરીઓ લઉં છું. મારો રોગ નાબૂદ થઈ જ જશે. અને જો મરવાનું જ હશે તો પછી કાશીનું મૃત્યુ શું ખોટું છે? ત્યાં રોતાંકકળતાં સગાંવહાલાંની કાંધે ચડવા કરતાં અહીંના મારા પ્રિય છાત્રો અને સાથીઓની કાંધે ચડીને હરિશ્ચંદ્ર ઘાટે જવું એ તો મૃત્યુનો એક લહાવો છે. તેમની એ આશા સફળ થઈ. ફુલતોરાથી શણગારેલા તેમના શબને તેમના સાથી ડૉકટરો ને વૈદ્યોએ તથા તેમના પ્રિય છાત્રોએ વહ્યું અને તેમના અંતિમ સંસ્કારો તેમના પ્રિય સંબંધીજનોને હાથે થાત તેથી સવિશેષ ને શાંતિપૂર્ણ થયા. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે અને તેઓ પોતાની પાછળ મૂકી ગએલા બે પુત્રો ને એક પુત્રીને આ સંકટ સહન કરવાની શક્તિ આપે.''

—હસમુખ માલવણિયા

ઝેરી વાયુથી ઝગારા મારતી ફ્લોરેસન્ટ ટ્યૂબ

ચાંદનીના તેજ અંબાર જેવું શુભ્ર તેજ વહાવતી ફ્લોરેસન્ટ ટ્યૂબ કેટલી મનોહર દેખાય છે! તેના પ્રકાશમાં પ્રત્યેક વસ્તુનું સૌન્દર્ય પણ ખીલી ઊઠે છે. તેની વિશિષ્ટતા એ છે કે બહુ ઓછો વિદ્યુત-પ્રવાહ વાપરી તે વધુ પ્રકાશ આપે છે. સામાન્ય વપરાશમાં પણ તે બીજા 'બલ્બ' કરતાં સસ્તી પડે છે. તેનું આયુષ્ય વધુ હોય છે. પણ તે ફાટે અથવા અથડાઇને ભાંગે તો અમૃતધારા જેવા તેના પ્રકાશના સ્થાને ઝેરી વાયુ જ વાતાવરણમાં પ્રસરી જાય છે. આ ઝેરી વાયુથી ખૂબ ચેતવા જેવું છે. બેદરકારીને પરિણામે પ્રાણઘાતક નીવડે છે.

એક વખત એક બાર વર્ષના છોકરાને ફ્લોરેસન્ટ ટ્યૂબના કાચ વાગ્યા હતા. ડૉકટરે કાચની કરચો કાઢી ઘા તો રુઝાવ્યો, પણ થોડા સમયમાં ત્યાં ગાંઠો બાઝવા માંડી. ફરીથી શસ્ત્રક્રિયા કરવામાં આવી, તો થોડા વખત પછી ફરી ગાંઠો દેખાઈ!

કદાચ ફ્લોરેસન્ટ ટ્યૂબ એકાએક તૂટી પડે, અને તેના કાચની કરચો આજુબાજુ જમીન પર વેરાય, તો એકાએક તે ઉપાડી લેવા કે જમીન સાફ કરવા ધસી જવું જોઇએ નહિ. ટ્યુબ ફૂટે કે તરત જ તે ઓરડામાંથી બહાર નીકળી જવું. થોડા વખત પછી ટ્યૂબમાંથી વાતાવરણમાં પ્રસરેલો ફૉસ્ફરસનો ઝેરી વાયુ બહાર નીકળી જાય તે પછી જ ઓરડામાં આવવું. જમીન પર પાણી છાંટી કાચની કરચો હાથ વડે નહિ પણ બ્રશ વડે ભેગી કરી બહાર ફેંકી દેવી. આ ઉપરાંત બધી જમીન કંતાન વડે લૂછી તે કંતાન નાખી દેવું જોઇએ.

આ ટ્યૂબ ઝળહળતો પ્રકાશ પાથરી શકે તે માટે તેમાં ફૉસ્ફરસ ભરવામાં આવે છે અને એ સાથે બીરીલિયમ નામનો ઝેરી વાયુ પણ ભરાય છે. તાજેતરમાં વેસ્ટિંગહાઉસ, જનરલ ઈલેક્ટ્રિક ને

ચંપાષષ્ઠી

માગશર સુદ પડવાથી છઠ સુધી ઘણાં શિવાલયોમાં તથા વિશેષે દેવી-મંદિરોમાં ઓચ્છવ ચાલે છે, જેમાં છેલ્લો દિવસ–ષષ્ઠી વિશેષ મહત્ત્વનો હોય છે. કેટલેક સ્થળે એ ચંપાષષ્ઠી નામે ઓળખાય છે. સાધારણરીતે આમે ય છઠની તિથિ દેવપ્રીત્યર્થ પાળવામાં આવે છે, જેમાં માઘ માસની શીતળા-ષષ્ઠી, ચૈત્ર માસની અશોક-ષષ્ઠી અને જેઠ માસની અરણ્ય-ષષ્ઠી વધુ પ્રસિદ્ધ છે.

ચંપાષષ્ઠીનો આ તહેવાર વિશેષે કરીને મહારાષ્ટ્રમાં ઘણી ધામધૂમથી અને ભાવપૂર્વક ઊજવવામાં આવે છે. શંકરભગવાને ખંડોબાનો અવતાર લઈ મણિમલ્લ નામના દૈત્યનો સંહાર કરેલો એવી કથા ત્યાં પ્રચલિત હોવાથી ખંડોબા ત્યાં શંકરના અવતાર મનાયા છે. જેજુરી, પાલી, મંગસુખી ઈત્યાદિ ઠેકાણે ખંડોબાનાં ઘણાં સુપ્રસિદ્ધ મંદિરો ત્યાં આવેલાં છે ને ત્યાં ચંપાષષ્ઠીનો ઉત્સવ ઘણા મોટા પ્રમાણમાં અત્યંત ભક્તિથી ઊજવાય છે. ખંડોબાની સ્ત્રી 'મ્હાળસા'ના નામે પ્રખ્યાત હોવાથી ખંડોબા 'મલ્હારી મ્હાળસાકાન્ત' કે 'મલ્હારી માર્તંડ'ને નામે પણ ઓળખાય છે. 'મલ્હારી-માર્તંડ' ઘણા મરાઠા જેવા ક્ષત્રિય ખવાસોમાં કુલદૈવત તરીકે પુજાય છે. જોકે વેદ અને પુરાણોમાં શિવ વિષે જે માહિતી આપેલી છે તેમાં ખંડોબા વિષે કોઈ ઉલ્લેખ નહિ હોવાથી કેટલાકોનું એમ માનવું છે કે ખંડોબા નામનો કોઈ અસાધારણ શક્તિવાળો મનુષ્ય થઈ ગયો હોવો જોઇએ, જે વખત જતાં લોકોમાં દેવનો અવતાર મનાયો હશે.

માગશર સુદ પડવાથી ઊજવાતા આ તહેવારમાં કોઈ શાસ્ત્રોક્ત વિધિ નથી. ઘટ-સ્થાપના, સુવાસિની-ભોજન ઇત્યાદિ વિધિ હોય છે. ખાસ કરીને સમાજના નીચલા વર્ગના લોકોમાં આ તહેવાર વિશેષ પ્રચલિત હોવાથી કેટલીક ખરાબ વિધિઓ આ તહેવારમાં પેસી ગઈ છે. મહારાષ્ટ્રમાં ખંડોબાને 'વાઘ્યા-મુરલી' (દેવદાસી) અર્પણ કરવાનો તથા 'બગાડ કાઢવાનો' રિવાજ પેસી ગયા હતા, જેમાંનો 'બગાડ કાઢવાનો' અમાનુષ રિવાજ તો બંધ કરાવવામાં આવ્યો છે. 'બગાડ કાઢવો' એટલે એક ગાડાની વચ્ચોવચ્ચ એક થાંભલો ઊભો કરી તેમાં એક આડો ખીલો ઠોકવામાં આવતો. જે માણસે માનતા માની હોય તેની પીઠમાં એ ખીલો ઘોંચીને તેને લટકાવવામાં આવતો. પછી હજારો માણસો ભેગા થઇ 'ભેલભંડારો' (ખાંડેલી હળદર) ઉડાડી, ૮થી૧૨ બળદ જોડી તે ગાડું ચલાવતા.

ચંપાષષ્ઠી કેટલેક ઠેકાણે સ્કંદષષ્ઠી (સ્કંદ=કાર્તિકેય) તરીકે પણ ઓળખાય છે.

—માસમાસના તહેવારો-૧૨—

સીલ્વાનિયાની એ ત્રણ ફ્લોરેસન્ટ ટ્યૂબ બનાવનારી કંપનીઓના એન્જીનીઅરોએ સંયુક્ત મંત્રણા કરી બેરીલિયમને બદલે હેલો-ફોસ્ફોર નામનો નવો રાસાયણિક પદાર્થ વાપરવા વિચાર્યું છે.

આમ છતાં પણ ફ્લૉરેસન્ટ ટ્યૂબના ઉપયોગ અંગે સાવચેતીનાં પગલાં લેવાં જરૂરી છે. લોકોએ સામાન્ય રીતે નકામી થએલી ટ્યૂબોને જાડાં પૂંઠામાં લપેટી, તેના પર 'ફ્લોરેસન્ટ ટ્યૂબ' એવું લખી કચરાની પેટીમાં ન નાખતાં જુદી મૂકવી જોઈએ, જેથી કચરો ભેગો કરનાર તેની ઉચિત વ્યવસ્થા કરી શકે. (નવસૌરાષ્ટ્ર)

ગોકર્ણ પીછી


ગઈ બીજી ઑક્ટોબરે, ગાંધીજીની ૮૧મી જન્મતિથિએ, વલસાડમાં સ્થાનિક ચિત્રકાર અમૃત ભટ્ટે એક ચિત્રપ્રદર્શન યોજ્યું હતું, તેના ઉદ્‌ઘાટનમાં તાળું ઉઘાડવા કે પટ્ટી યા દોરી કાપવાને બદલે તાળાનું એક ચિત્ર બનાવી તેના ઉપર ચિત્રકારે જાતે જ બનાવેલી 'ગોકર્ણ પીછી' વડે ઉદ્‌ઘાટન કરનાર સજ્જન પાસે છેકો મરાવ્યો હતો; તથા ચિત્ર નીચે તેમની સહી લીધી હતી. ગોકર્ણ પીછી એટલે ગાયના કાનના વાળમાંથી બનાવેલી પીછી. 'વિષ્ણુધર્મોત્તર પુરાણ'-માં પ્રાચીન ચિત્રકલા વિષે આવતા ઉલ્લેખોમાં જણાવ્યા મુજબ એ કાળમાં ગાયના વાછરડાના કાનના વાળની પીછીઓ બનાવવામાં આવતી. એ ઉપરથી ભાઇ અમૃત ભટ્ટે એવી પીછીઓ બનાવી. તેનો ઉલ્લેખ કરતાં એઓ લખે છે કે 'વચ્ચે પરદેશી પીછીઓ ઘણી મોંઘી હતી ત્યારે મેં એવી પીછીઓ મારી જરૂરિયાત પૂરતી જાતે બનાવી લેવાની રાખી. તેને માટે વાંસની દોત બનાવું છું. સેબલ તથા રીંછની પીછીઓ કરતાં એ વાળ કાયમ સીધા રહે છે અને એનાથી રેખા ઘણી જ સુંદર બને છે. એ વાળ ઘણા ઓછા પ્રમાણમાં મળે છે તેથી મેં બકરીના વાળનો અખતરો કર્યો. તેમાં એના શરીરના બીજા ભાગના વાળ કરતાં ગરદનના વાળની પીછી ઘણી સારી બને છે. ગાયના કાનના વાળની પીછીનું નામ, ગાયની મહત્તા વધારવા મેં "ગોકર્ણ-પીછી" રાખ્યું છે.'

આ માસ (નવેમ્બર) ઈતિહાસમાં

તા. ૧ હિંદની પ્રથમ સામ્રાજ્ઞી તરીકે વિક્ટોરિયાનો ઢંઢેરો, ૧૮૫૮.
તા. ૨ હિંદના સમર્થ વિજ્ઞાની મહેન્દ્રલાલ સરકારનો જન્મ, ૧૮૩૩.
તા. ૬ બ્રિટિશ લશ્કરે અમદાવાદ શહેર જીતી કબજે લીધું, ૧૮૧૭.
તા. ૮ અફઘાનીસ્તાનના અમીર નાદીરશાહનું ખૂન, ૧૯૩૩.
તા. ૯ ગત મહાયુદ્ધના અંતે વિલિયમ કૈસરે ગાદીત્યાગ કર્યો, ૧૯૧૮.
તા. ૧૨ બેહોશીની દવા ક્લૉરૉફૉર્મ પ્રથમ વપરાયું, ૧૮૪૧.
તા. ૧૬ ઝાંસીની વીરાંગના રાણી લક્ષ્મીબાઈનો જન્મ, ૧૮૩૫.
તા. ૨૦ મહાન રશિયન ચિંતક ટૉલ્સ્ટૉયનું અવસાન, ૧૯૧૦.
તા. ૨૯ વેલેસ્લીએ ભોંસલેને હરાવી ગ્વાલિયર જીત્યું, ૧૮૦૩.
તા. ૩૦ લંડનનો ક્રિસ્ટલ પૅલેસ આગથી તારાજ થયો, ૧૯૩૬.

આ માસની વ્યક્તિવિશેષ : માદામ ક્યૂરી

અકિંચનતાને વરેલી પ્રતિભાવાન દેશભક્ત, ને રેડિયમની શોધથી



જગવિખ્યાત થએલી આ વૈજ્ઞાનિક વિદુષીનો જન્મ વૉર્સો (પોલાંડ)માં ૧૮૬૭ની ૭મી નવેમ્બરે, વ્લાડીસ્લાવ સ્કલોડોવસ્કી નામના એક અધ્યાપકને ત્યાં થએલો. નાનપણમાં જ પોતાની પ્રતિભાથી સુવર્ણ-ચંદ્રક મેળવી તે ૧૮૮૩માં પારીસની સૉર્બોં વિદ્યાપીઠમાંથી પહેલે નંબરે એમ.એ. થઇ અને ત્યાં પ્રો. પીઅરી ક્યૂરી સાથેના વિજ્ઞાનસહકારમાં પરિચય વધતાં ૧૮૯૫માં તેની સાથે લગ્ન કર્યાં.

યુરેનિયમમાં કિરણો ફેંકવાનો જે ગુણ છે, તેનો અભ્યાસ કરતાં મેરીને થોરિયમમાં પણ એ તત્ત્વ જણાયું, અને તે પરથી બીજાં પણ કેટલાંક પ્રબળ તત્ત્વો અજ્ઞાત હશે જ એમ માની, અવિશ્રાંત પ્રયોગો પછી એ દંપતીએ 'રેડિયમ'ની શોધ કરી. તેને માટે ઑસ્ટ્રિયન સરકારે ભેટ આપેલા ૫૬ મણ 'પીચ બ્લૅન્ડ'નું સતત અન્વેષણ કરીકરીને પોણાચાર વર્ષે, ૧૯૦૨માં, મેરીએ એક ડેસીગ્રામ ભાર શુદ્ધ રેડિયમ તૈયાર કર્યું, જેની, રોગાક્રાન્ત કોષોનો નાશ કરવાની શક્તિને કારણે સાડા સાત લાખ સોનાના ફ્રાંકની કિંમત અંકાતી. પણ તેનો આર્થિક લાભ ન લેતાં તેણે તેને જનહિતાર્થે જાહેર કર્યું. સાથોસાથ આવા કિરણો-દ્‌ગારી પદાર્થો વિષે મહાનિબંધ લખી 'ડૉકટર'ની ઉપાધિ મેળવી.

૧૯૦૬માં પ્રો. ક્યૂરીનું ગાડીના અકસ્માતમાં અવસાન થયું; પણ મેરીએ તો પતિનું કાર્ય ચાલુ રાખ્યું. તેની આ જગહિતાર્થ અને અભિનવ શોધને લીધે ૧૯૦૩ તથા ૧૯૧૧માં તેને વિજ્ઞાનનાં નોબેલ પારિતોષિક મળ્યાં અને ૧૯૧૪માં વિશ્વયુદ્ધ જાગતાં પારીસ વિદ્યાપીઠ તથા પાસ્તર ઇન્સ્ટિટ્યૂટે ૮,૦૦,૦૦૦ ફ્રાંકને ખર્ચે તૈયાર કરાવી આપેલ, રેડિયમ ઇન્સ્ટિટ્યૂટમાં એકસ-રેનાં સાજ તથા 'રેડિયોલૉજિકલ કોર્સ' તૈયાર કરી ૧૦ લાખ ઉપરાંત સૈનિકોની તેણે સારવાર કરી.

પોતે પ્રથમ તૈયાર કરેલું રેડિયમ તેણે તો દેશહિતાથ પ્રયોગ-શાળાને ભેટ આપી દેવાથી પ્રયોગો માટે પોતાનું અંગત એવું જરાયે રેડિયમ મેરી પાસે નથી એમ જાણતાં, મિસિસ મેલોની નામની એક અમેરિકન બાઇએ લાખ ડૉલરનું ફંડ ભેળું કરી મેરીને અમેરિકા બોલાવી અને ગ્રામભાર રેડિયમ તેને ભેટ આપ્યું, જે તેણે તો પોતાના મૃત્યુ બાદ પોતાની પ્રયોગશાળાને જ મળે એવી શરતે સ્વીકાર્યું.

૧૯૨૩માં રેડિયમની રજતજયંતી ઊજવી ફ્રેન્ચ સરકારે તેને ૪૦,૦૦૦ ફ્રાંકનું વર્ષાસન બાંધી આપ્યું. ૧૯૩૪ના જુલાઈની ૬ઠ્ઠી તારીખે તેનો દેહાન્ત થયો.

આ માસનો પ્રસંગ-વિશેષ : ખડકીનું યુદ્ધ—માંહોમાંહેના ઝગડામાં યશવંતરાવ હોળકરે ઈ. ૧૮૦૨માં પેશ્વા બાજીરાવ બીજાને હરાવીને પૂના સર કર્યું ત્યારે પેશ્વાએ પોતાનું પેશ્વાપણું ટકાવી રાખવા અંગ્રેજોને શરણે જઇ તેમની મદદ લેવા વસઇની સંધિ કરી. એથી અંગ્રેજોની મદદ તો મળી, પણ પોતાનું સ્વાતંત્ર્ય ખોઇ અંગ્રેજોની સર્વોપરિતા તેને સ્વીકારવી પડી. પારતંત્ર્યના એ પાશમાંથી છૂટવા તેણે આખરી પ્રયત્ન ઈ. ૧૮૧૮ની ૧લી નવેમ્બરે કર્યો. તેણે ખડકી પાસે રહેતા અંગ્રેજ રેસિડેન્ટ એલ્ફિન્સ્ટન પર લશ્કર સાથે અચાનક હલ્લો કર્યો. પ્રસિદ્ધ મરાઠા સરદાર બાપુ ગોખલેએ પેશ્વાના લશ્કરની સરદારી લીધી હતી. અંગ્રેજ-મરાઠા વચ્ચે જબરૂં ધીંગાણું મચ્યું. પણ અંગ્રેજોનો સિતારો ચડતો હતો. પેશ્વા હાર્યો અને નાઠો. આ હારથી મરાઠા સામ્રાજ્યનો મૃત્યુલેખ લખાઈ ગયો.

આ અંકના પૃ. ૩૩૧ ઉપર કરકસર અને સગવડની એક ઉપયોગી વાત લખી છે તે તરફ વાચકોનું ધ્યાન ખેંચીએ છીએ.


આદર કરે અપાર, ભોજનમાં ભાજી ભલી,
આણે મન અહંકાર, કડવાં ઘેબર કિસનિયા.

સરદાર વલ્લભભાઇને નાનપણમાં બામલાઇ થએલી, તેથી ગામઠી ઉપચાર પ્રમાણે હજામ પાસે ડામ દેવડાવવા ગયા. હજામે સળિયો તો ધગાવ્યો, પણ આટલી કૂમળી વયના છોકરાને તે ચાંપવાની તેની હિંમત ન ચાલે. વલ્લભભાઇએ તેને કહ્યું: 'આમ જોયાં શું કરે છે? લાવ, તારાથી ન ચંપાય તો હું ચાંપું!' અને એમ કહી બે ત્રણ ચપકા મૂકી દીધા!

ગોધરાની કોર્ટમાં એક વખત તે કેસ ચલાવતા હતા એવામાં તેમનો એક તાર આવ્યો. તે ફોડી, વાંચી, શાંતિથી ગજવામાં મૂકી દીધો ને ફરી પાછી પોતાના કેસની દલીલો આગળ ચલાવીને કેસ પૂરો કર્યો. મુંબઇમાં એમનાં પત્નીને ટ્યૂમરનું ઑપરેશન કરેલું તેમાં તે અવસાન પામી ગયાનો એ તાર હતો!

અનેકાર્થી શબ્દ; **ઘા**=પ્રહાર; જખમ, કાપ; મોટા દુઃખની ઊંડી અસર; યોગ્ય વખતે જોર કરવું તે; લાગ, દાવ (ઘા આવ્યે સોગઠી મારવી); આફત આવી પડે તે; ચોવીસ કાગળનો જથ્થો દર્શાવતું પરિમાણ.

કહેવતોના અર્થ: 'સસ્સે કે તીન પાંઉ'– તે કરેલી ચોરી કે ગુના માટે કોઈ છડે ચોક નામુક્કર જવાની નફ્ફટાઈ દેખાડે (અને ઘણી વાર ઉપરથી ભળતી જ વાત ઉપજાવી કાઢી પોતાનો બચાવ કરે) તે માટે વપરાતી આ કહેવત માટે એવી વાત છે કે સફરે નીકળેલા બે મુસ્લિમ મિત્રોને કકડીને ભૂખ લાગતાં તેમણે જંગલમાં સસલાનો શિકાર કર્યો; અને તેની ખોલ ઉતારી સાફસૂફ કરી રાખવાનું એકને સોંપી બીજો મિત્ર તેને પકાવવા માટે સૂકાં લાકડાં વીણવા ગયો. પણ પાછળ રહેલાને એટલી કકડીને ભૂખ લાગેલી કે શિકારને સાફસૂફ કરતાંકરતાં જ તેનો એક પગ કાપી કાચો ને કાચો ખાઈ ગયો! બીજા મિત્રે આવીને લાકડાં સળગાવી તે પકાવવા લેતાં તેના ત્રણ જ પગ જોયા, તેથી ધુંઆંપુંઆં થઇ, આવી બેવફા ચોરી માટે મિત્રને ધમકાવવા લાગ્યો; ત્યારે પેલો નિર્દોષ ભાવ દેખાડી તદ્દન નામુક્કર જઇને ઉલટો સામો થઈ કહેવા લાગ્યો કે 'તૂ મેરે પર ખામુખાં ઝૂઠા જુરમાના રખતા હય: યે સસ્સે કે તીન હી પાઉં થે; ઇનકો ચૌથા પાઉં હી ન થા!' પોતાની ચોરી ઉપર જૂઠનો કળશ ચડાવતી તેની આવી છડે ચોક નફ્ફટાઈથી પેલો મિત્ર તો દંગ જ થઈ ગયો!




વ્યાપારને ઓથે હિંદમાં યુરોપીય પગદંડો જમાવવા માંડેલી સત્તાઓએ સિક્કા પણ પાડવા માંડેલા તેવા, ત્રણ પ્રજાઓના (પોર્ચુગીઝ, ડચ અને ડૅનિશના) સિક્કા આ અગાઉ આ પાના પર આવી ગયા છે. આ ઉપર ફ્રેન્ચપ્રજાએ શરૂઆતમાં પડેલો 'હિંદીફ્રેન્ચ' સિક્કો આપ્યો છે.

ગણિત ગમ્મત: ૪૫માંથી ૪૫ બાદ કરતાં પણ ૪૫ બાકી રહે છે એ જાણો છો? જુઓ:

૯+૮+૭+૬+૫+૪+૩+૨+૧= ૪૫
− ૧+૨+૩+૪+૫+૬+૭+૮+૯=−૪૫
૮+૬+૪+૧+૯+૭+૫+૩+૨= ૪૫

ચુંબકસોયવાળા હોકાયંત્રનો ઉપયોગ લોકો ૩ હજાર વર્ષથી કરે છે.

'કુમાર'પ્રેમી વાચકો તેના નામાક્ષરો જે વિવિધ ખૂબીથી અમને આલેખી મોકલે છે તે પૈકી નીચેનો નમૂનો ગોંડલથી શશિકાન્ત શાન્તિલાલ ગજ્જરે આલેખી મોકલ્યો છે.



ત્રણ વ્યક્તિઓ નીચે મુજબ વાત કરે છે:

કુસુમ: અલ્યા માધુ! કદિ લેસન કરે છે કે? ક્યાં રખડતો હતો?

માધુ: હું રમા જોડે રમવા ગએલો.

રમા: પણ અમે તો લેસન કરીને ગએલા.

ઉપલા ચિત્રમાં આ ત્રણે વ્યક્તિઓ પોતપોતાના નામના પહેલા અક્ષરથી જ બનેલી છે. અને એ ત્રણે મળી "કુ-મા-ર" થાય છે.

અમેરિકામાં કેવળ દાંતમાં ભરવા માટે ૭॥ કરોડ રૂપિયાનું સોનું અને ૧॥ કરોડ રૂપિયાની ચાંદી વપરાય છે. * મૂર જાતિના લોકોમાં સ્ત્રીને પોતાની ઉમર ખબર ન હોય એ માનાર્હ વસ્તુ સમજે છે. * પતંગિયાને લાલ ને ધોળા રંગનું ઘણું આકર્ષણ હોય છે. * જગતના સૌથી મોટા શહેર લંડનના રોજિંદા કારભાર પર ૧,૫૫,૦૦૦ પોંડ ખર્ચાય છે.



કલાકણિકા: કાશ્મીરના શાલદુશાલા, ગાલીચા, નમદા, પોશાકો, લાકડાનું કોતરકામ, વાસણો અને પેપીઅર-માશે (કાગળના માવાનાં વિવિધ સાધનો) આદિ ઉપરની વેલબુટ્ટીની બારીક તથા ભરચક લીલા તો જાણીતી છે. તેવા ભરતકામનો એક નમૂનો.

લાકડાના વહેરને ગુંદરના પાણીમાં પલાળી તેમાં ગરમ કરેલું મીણ રેડવું અને ત્યાર બાદ તેમાં સમાય તેટલું, મશીનમાંથી નીકળેલું નકામું ક્રૂડ ઑઇલ ઉમેરવું. એટલે કુંભારની માટીના જેવા રૂપમાં લોંદો બની જશે. પછી તેને વાસણમાં ઠારી દેવું અને રૂપિયાભાર વજનનાં ચોસલાં પાડી લેવાં. સગડી સળગાવવા માટે એક ચોસલાને કોલસાના મધ્યભાગમાં મૂકી દીવાસળીથી તેને સળગાવવાથી તરત ચોસલું સળગવા માંડશે અને તે કોલસાને સળગાવશે.—અંબુ રાવળ



નૂતન વર્ષાભિનંદનની સામગ્રી

નવા વર્ષ નિમિત્તનાં અભિનંદનો મોકલવા માટેની મબલખ અને મોંઘી સામગ્રી બજારોમાં મળે છે અને વર્ષોવર્ષ ઢગલામોઢે તેની ખપત પણ થાય છે. એમાં નવીનતા પણ જણાયા કરે છે. પણ આ અભિનંદનો એ અંગત લાગણીનો હૃદય-જન્ય ઊર્મિનો વિષય છે; એટલે એ નિમિત્તે મોકલાતી વસ્તુ માણસની હસ્તકૃત હોય એમાં એનું સવિશેષ મૂલ્ય છે. ઈશ્વરે જેમને કવિતા કે ચિત્ર જેવી કલાથી વિભૂષિત કર્યા છે એમની એવી કૃતિઓ પાછળ રહેલો ધબકારો તરત પરખાય છે. કવિ મિત્રોએ સ્વરચિત પંક્તિઓ હસ્તાક્ષરમાં મોકલી છે, એ રીતે આવેલી કેટલીક હસ્તકૃત અભિનંદન-સામગ્રી આ ઉપર આપી છે. મથાળાના પહેલાં કાર્ડમાંના હરણમાં ભાઇ પ્રમોદ ચુનીલાલ મહેતાએ 'કુમાર'ના નામાક્ષરો ગૂંથી મોકલ્યા છે એ વર્તાય છે? તેની નીચેના કવર પર આપણા ચીન જઇ આવેલા જાણીતા કલાકાર યજ્ઞેશ્વર શુકલની ચીની ઢબની કલાની કૃતિ છે. ને કવિતા તથા ચિત્રમાં પા-પા પગલી પાડનાર એક મુગ્ધ કુમારનો પ્રયત્ન તેની નીચે છે. જમણી બાજુના મથાળાનાં બે કાર્ડ ભાઇ બિહારીલાલ ટાંક (જે હવે 'કુમાર'ના એક અંગભૂત બન્યા છે. તે)નાં છે. એમાં સુંદર આલેખન સાથે અભિનવ સામગ્રીનો ઉપયોગ કરવાની કલાદૃષ્ટિ છે, તે એમની તારા-ટપકી અને રેશમી ફુમતી દર્શાવશે. નીચલે જમણે ખૂણે આવેલું નાનકડું ફોલ્ડર શાન્તિ નિકેતનના કલાના વિદ્યાર્થી ભાઇ બિહારીલાલ બારભૈયાએ મોકલ્યું છે, જેમાં એમણે હાથે કાપેલા લીનોકટની છાપ છે. (એમનું એક સુંદર રંગચિત્ર હવે પછી 'કુમાર'માં જોશો.)

બાળકોની રમતિયાળ કલ્પનાને
રસળતી કરે અને ગમ્મતભરી રીતે
વ્યવહારુ ડહાપણનાં બોધ-બીજો
તેમનાં અંકુરતાં અંતરોમાં નાખે
એવી અર્થહીન છતાં જ્ઞાનસમૃદ્ધ
વાર્તાઓ દરેક દેશના
સાહિત્યની મોંઘી મૂડી ગણાય છે.
'એલીસ ઈન વન્ડરલૅન્ડ' જેવી પરદેશની
આધુનિક રચનાઓનાં વખાણ કરતાં
આપણા ભણેલાઓ થાકતા નથી;
પણ આપણે ત્યાં જ
આપણી તળપદી ભૂમિમાં ઊગેલી
અને તેના સંસ્કારથી સીંચાએલી
એવી જ વાર્તાઓ પડી છે
તેની આપણે ઉપેક્ષા કરીએ છીએ.

★

બાલ-સંસ્કારનાં એક અગ્રણી પુરસ્કર્તા
શ્રીમતી હંસાબહેન મહેતાએ
આપણા ગુજરાતની એવી તળપદી
વાર્તાઓ ચૂંટીને પચ્ચીસ વરસ થયાં
ગુજરાતને આપી છે, અને તેની
આવૃત્તિઓ ઉપર આવૃત્તિઓ થઈ છે.
છેલ્લી નવી આવૃત્તિ
હમણાં જ બહાર પડી છે,
તેમાં ચાર પૂર્ણરંગી ચિત્રો તથા
અસંખ્ય ઉઠાવદાર સરળ ચિત્રો સાથે
મોટાં બીબાંમાં એ વાર્તાઓ છાપી છે.
આની સામે મથાળે
એ રંગચિત્રો પૈકીનું એક રમતિયાળ ચિત્ર
સાદી શાહીથી છાપ્યું છે;
અને તેની નીચે
નાનાં બાળકોને વાંચવાં સરળ પડે તેવાં
એ ચોપડીનાં બીબાંનો
તથા અન્ય જોરદાર ચિત્રોનો
ખ્યાલ આપતા નમૂના છાપ્યા છે.

★

બાળકોના જન્મદિવસે, દિવાળી જેવા
વારતહેવારે અને અન્ય પ્રસંગે
ભેટ આપવા લાયક એ પુસ્તક
આકર્ષક મજબૂત પૂઠામાં બાંધેલું છે.
કિં. ૨-૦-૦ પોસ્ટેજ વગેરે ૦-૮-૦



'અટક મટક કી ગાડી બનાઈ,
મેડક જોડ્યા ચાર;
મોચીએ મારી ચકલડી
ને ચકલાભાઈ વેર વાળવા જાય.'



કુમાર કાર્યાલય લિમિટેડ · રાયપુર · અમદાવાદ

'યુ. પો. યુ.'ની પોણી શતાબ્દી ઉપર આફ્રિકાએ કાઢેલી ટિકિટો

ગયા અંકમાં જેની માહિતી આપી હતી તે, સમસ્ત જગતના દેશોના ટપાલખાતાના સંઘ 'યુનિવર્સલ પોસ્ટલ યુનિયન'ને સ્થપાયે ગયે મહિને પોણોસો વર્ષ પૂરાં થયાં તેની ઊજવણી નિમિત્તે દુનિયાના અનેક દેશોએ ખાસ ટિકિટો તથા ફર્સ્ટ-ડે કવરો કાઢ્યાં છે, કેમકે ટપાલખાતા જેવી સાર્વત્રિક સેવા આપનારું ખાતું રાજકારણથી અદૂષિત હોઈ સૌ દેશ તેમાં એક ગાંઠ થઈ શકે. જેમાં જગતભરના દેશો સંઘ રૂપે એકત્રિત થયા હોય એવી એ દુનિયાની સર્વ પ્રથમ સંસ્થા છે. લીગ ઑફ નેશન્સ પણ ત્યાર પછી સ્થપાઇ. આમ હોવાથી ઘણા દેશોએ એ પ્રસંગ ઊજવ્યો હોઈ તેની ટિકિટો વાચક-મિત્રો અમારા ઉપર મોકલે છે. આફ્રિકાની એવી ટિકિટો ચોડેલું ફર્સ્ટ-ડે કવર, બ્રોકન હિલ, ઉત્તર ર્‌હોડેશિયા (આફ્રિકા)થી ભાઈ ઠાકોરભાઇએ મોકલેલું આ સામે છાપ્યું છે, જેમાં ચારેમાં વિવિધ આલેખનો છે. પહેલી ટિકિટમાં, અવકાશમાં પૃથ્વીના ગોળાની આસપાસ, તેના પાંચ ખંડો પાંચ રૂપ પાંચ પાત્રોને હાથની સાંકળ રચી રાસ લેતાં આલેખ્યાં છે. બીજીમાં પૃથ્વીના ગોળા ઉપર યુરોપનો પુરાણકાલિન દેવ 'મર્ક્યુરી' (વ્યાપાર અને વ્યવહારના દેવતા) બેઠેલો ચીતર્યો છે; ચોથી ટિકિટમાં પણ તેના જ આલેખન સાથે અવકાશમાં મોટું પરબીડિયું આલેખેલું છે; અને ત્રીજી ટિકિટમાં પૃથ્વીના બે ગોળાર્ધના નકશા સાથે ઉપર વિમાન તથા નીચે સ્ટીમર છે. બ્રિટિશ આફ્રિકાના વિવિધ પ્રદેશોની ટિકિટો ઉપર આ જ આલેખનો છે.



ઇંગ્લંડે કાઢેલી આ પ્રસંગની ચાર ટિકિટો ચોડેલું, પોતા પર આવેલું મુંબાઈથી ભાઈ એમ. એચ. વેદે મોકલેલું કવર બાજુએ આપ્યું છે.



હિંદનું એક વધુ ફર્સ્ટ-ડે કવર

'યુનિવર્સલ પોસ્ટલ યુનિયન'ની પોણી સદીની ઊજવણી નિમિત્તે હિંદે કાઢેલાં ફર્સ્ટ-ડે કવરના એક વધુ ડિઝાઈનનો નમૂનો, જેના પર, પૃથ્વીના ગોળાની બે બાજુએ, સ્થાપનાનું ૧૮૭૪ તથા આજનું ૧૯૪૯ એ બે વર્ષો, અને તેના ઉપરના ભાગમાં એક તરફ પ્રાથમિક ટપાલ લઈ જતો હલકારો અને બીજી બાજુ આજે વિમાની ટપાલ લઈ જતું એરોપ્લેન, એમ પોણોસો વર્ષ પહેલાંની તથા આજની સ્થિતિ આલેખી પ્રગતિ દર્શાવી છે. મથાળે ભારતનું રાજચિહ્ન અશોકસ્તંભ છે. ઉપર-નીચે કવરને લગતાં અનુષંગી લખાણ છે. આ તથા સામેના પાનાનું, એ બંને કવરો શ્રી ગિરિધારીલાલ શ્રોફે મોકલ્યાં છે.



આફ્રિકાએ કાઢેલી 'યુ.પો.યુ.'ની પોણી શતાબ્દી જયંતી પ્રસંગની ટિકિટો